વર્સિટી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષા

સાહિત્ય રત્ન'માંથી મુકરર કરેલાં

કાવ્યો.

ટીકા-કવિજીવન સહિત

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा ।

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,
બુકસેલર્સ બાપુપાડ, સુરત

૧૯૨૬.

કિમ્મત ૦-૮-૦

નરસિંહ મ્હેતો.

પદ—પ્રભાત. (૧)

રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી, સાધુ પુરૂષને સુઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કહેવું,
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદીઆ હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા,
સુકવિ હોય તેણે સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તેહ તો ચિત્ત ધરવું.
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈના સ્વામીને સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નર ને નારી.

જ્ઞાન.

પદ—પ્રભાત. (૨)

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જુજવે રૂપ અનંત ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષ થઈ ફુલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન્હોયે;
ઘાટ ઘડયા પછી નામ રૂપ જૂજવાં, અંત તો હેમનું હેમ હોયે.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ પાસે;
ભણે નરસૈયો એ, મનતણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે.

પદ—પ્રભાત. (૩)

જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષ દેહ ત્હારો એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું લાલ લોચન કીધે;
શું થયું તપને તીરથ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે;

શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગજલ પાન કીધે.
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે શું થયું રાગ ને રંગ જાણે;
શું થયું ખટ દર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે.
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો,
ભણે નરસૈયો કે, તત્વ દર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો.

પદ. (૪)

વૈષ્ણવ જન તો ત્હેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે, ને મન અભિમાન ન આણે રે,
સકળ લોકમાં સહુને વંદે, નિંદા તે ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, તો ધન્ય જનની ત્હેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જીવ્હા થકી અસત્ય ન બોલે, પરધન ન ઝાલે હાથ રે;
મોહ માયા વ્યાપે નહિ ત્હેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધને નિવાર્યા રે;
ભણે નરસૈયો ત્હેનું દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યા રે.

નાગદમન. (૫)

જળ કમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે ત્હને મારશે, મ્હને બાળહત્યા લાગશે.—ટેક.
કહેરે બાળક તું મારગ ભુલ્યો, કે ત્હારા વેરીએ વળાવીઓ;
નિશ્ચે ત્હારો કાળજ ખુટયો, આહિંયાં તે શીદ આવિયો.
નથી નાગણ હું મારગ ભુલ્યો, નથી મ્હારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારિયો.
રંગે રૂડો રૂપે પુરો, દીસતો કોડીલો કોડામણો;
ત્હારી માતાએ કેટલા જણ્યા, ત્હેમાં તું અળખામણો.
મ્હારી માતાએ બેહુ જનમિયા ત્હેમાં હું નટવર ન્હાનડો;
જગાડ ત્હારા નાગને, મ્હારૂં નામ કૃષ્ણ કહાનડો.
લાખ સવાનો મ્હારો હાર આપું, આપું રે તુજને દોરીઓ;

એટલું મ્હારા નાગથી છાનું, આપું તુજને ચોરીઓ.
શું કરૂં નાગણુ હાર ત્હારો, શું કરૂં ત્હારો દોરીઓ;
શાને કાજે નાગણુ ત્હારે, કરવી ઘરમાં ચોરીઓ.
ચરણુ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
ઉઠોને બળવંત કોઈ, બારણે બાળક આવિયો.
બેઉ બળિયા સાથે વળગિયા, કૃષ્ણે કાળિનાગ નાથિયો;
સહસ્ત્ર ફણા ફુંફવે જેમ, ગગન ગાજે હાથિયો.
નાગણુ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લેઈ જશે, પછી નાગનું શીશ કાપશે.
બેઉ કરજોડીને વિનવે, સ્વામી! મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને.
થાળ ભરી સૌ મોતીએ, શ્રીકૃષ્ણને રે વધાવિયો;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો.

મીરાંબાઈ.

રાગ પરજ. (૬)

ગોવિંદો પ્રાણુ હમારો રે, મ્હને જગ લાગ્યો ખારો રે;
મ્હને મ્હારો રામજી ભાવેરે, બીજો મ્હારી નજરે ન આવે રે.—ટેક
મીરાંબાઈના મેહેલમાં રે, હરિ સંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મ્હારા સંતનકેરી પાસ. ગોવિંદો.
રાણોજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દ્યો, તમે વસોને અમારે સાથ. ગોવિંદો.
મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તહમે છોડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો.
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રી વિશ્વનો નાથ. ગોવિંદો.
સાંઢવાળા સાંઢ શણગારજો રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મ્હારે, જળ પીવાનો દોષ. ગોવિંદો.

ડાબો મેલ્યો મેવાડ રે, **મીરાં**બાઈ પશ્ચિમમાંય;
સરવ છોડી **મીરાં** નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય. ગોવિંદો.
સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ **જગજીવન** જગતમાં, મ્હારો, નાવલિયો નિર્દોષ. ગોવિંદો.
ચુંદડી ઓઢું ત્યારે રંગ ચુવે રે, રંગ બેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દુજો ડાઘ ન લાગે કોય. ગોવિંદો.
મીરાં હરિની લાડણી રે, રહેતી સંત હજૂર;
સાધુ સંઘાતે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર. ગોવિંદો.

અખો.

જીવને બોધ. (૭)

વારંવાર માનવ દેહ નથી, પામ્યો તો ચેતે ઘરથી;
જ્યારે જર્જર થાશે અંગ, ઇન્દ્રિય મૂકી જાશે સંગ.
ત્યારે **અખા** જપમાળા ગ્રહે, ભાંગ્યે ઘડે પાણી કેમ રહે;
વૃદ્ધ થયો વંઠયું મન તન, ઉપાય ટળ્યો ને ખુટયું ધન.
ત્યારે ધર્મ સાધવા જાય, કહોવું કાપડ સોદો થાય;
અખા ભજી નહિ જાણ્યો **નાથ**, ભોંયે પાડયો ચારે હાથ.
વણ સમજે સબળો સંસાર, સમજે જાયે સઘળો ભાર;
જેમ જેમ સાચું માને જન, તેમ તેમ વાધે દને દન.
અખા પ્રેત બ્હીનાને ખાય, (પણ) ધીરજવાન તે કુશળે જાય;
એક અફીણ બીજો સંસારી રસ, અધિક કરે તેમ આપે કસ.
જેમ જેમ અદકું ખાતો જાય, અંગે અકલે હીણો થાય;
જો મૂકે તો મુવે સરે, નહિ તો **અખા** તે ખાતો મરે.
ભુખ્યો નર બહુ તક્રજ પીએ, જાણે ઉદર ભરીને પુષ્ટિ પામીએ;
તેણે ધ્રાય નાહિં ને વાધે રોગ, એમ **અખા** નોહે આતમ ભોગ.

(૮)

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપ માળાનાં નાકાં ગયાં.
તીરથ ફરી ફરી થાક્યા ચર્ણ, તોય ન પોતા હરિને શર્ણ.

કથા સુણી સુણી ફુટયા કાન, અખા તોય નાવ્યું બ્રહ્મજ્ઞાન.
એક મૂરખને એવી ટેવ પત્થર એટલા પૂજે દેવ.
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન;
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત.
જોજોરે મ્હોટાના બોલ, ઉજ્જડ ખેડે વાગ્યો ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તલમાંહી કોદરા ભળ્યા;
ઘેંસ ન થાયે ન જાયે ધાણી, કહે અખો એ વાતો જાણી;
આંધળો સસરો ને સણગટ વહુ, કથા સુણવા ચાલ્યું સહુ.
કહ્યું કાંઇ ને સમજ્યા કશું, આંખ્યનું કાજળ ગાલે ઘસ્યું;
ઉંડો કુવો ને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક.
બળદની તે કેમ થાયે ગાય, મૂરખ મિથ્યા કરે ઉપાય;
જ્ઞાન વિના તે સાધન એવાં, અખા ત્હેમાં ન લેવા દેવા.

પ્રેમાનંદ.

રાગ રામગ્રી. (૯)

પછે સુદામોજી બોલિયા, સુણ સુંદરીરે;
શી કહું હું શીખામણ, ઘેલી કોણે કરીરે.
જે નિરમ્યું છે તે પામિયે, સુણ સુંદરીરે,
વિધિયે લખી વૃદ્ધિ હાણ, ઘેલી કોણે કરીરે,
દીધા વિના ક્યાંથી પામીયે, સુણ સુંદરીરે;
નથી આપ્યું જમણે હાથ, ઘેલી કોણે કરીરે.
જો ખડધાનજ વાવિયે, સુણ સુંદરીરે;
તો ક્યાંથી જમીયે શાળ, ઘેલી કોણે કરીરે.
જળ વહી ગયે શી શોચના, સુણ સુંદરીરે;
જો પ્રથમ ન બાંધી પાળ, ઘેલી કોણે કરીરે.
સંતોષ અમૃત ચાખીએ, સુણ સુંદરીરે;
હરિચરણે સોંપી મન, ઘેલી કોણે કરીરે.

ભક્તિયે નવનિધ્ય આપશે, સુણ સુંદરીરે;
ધરો ધીર તમે સ્રીજંન, ઘેલી કોણે કરીરે.
આંખ્ય ભરી અબળા કહે, ઋષિરાયજીરે;
મ્હારૂં જડ થયું છે મંન, લાગું પાયજીરે.
એ તો ગ્નાન મ્હને ગમતું નથી, ઋષિરાયજીરે.
રૂએ બાળક લાવો અન્ન, લાગું પાયજીરે.
અન્ન વિના ચાલે નહીં, ઋષિરાયજીરે.
મોટા જોગેશ્વર હરિભક્ત, લાગું પાયજીરે.
અન્ન વિણ ભજન સુઝે નહીં, ઋષિરાયજીરે;
જીવે અન્ને આખું જગત, લાગું પાયજીરે.
ફેરાનું ફળ જાશે નહીં, ઋષિરાયજીરે;
જઇ જાચો કૃષ્ણ બળદેવ, લાગું પાયજીરે.
વિધિયે લખ્યા અક્ષર દરિદ્રના, ઋષિરાયજીરે;
ધોશે ધરણીધર તતખેવ, લાગું પાયજીરે.

વલણ.

તતક્ષણ ત્રીકમ છેદશે, દરિદ્ર કેરાં ઝાડરે;
નાથ પધારો દ્વારિકાં, હું માનું ત્હમારો પાડરે.

ઢાળ. (૧૦)

જાવું પડશે સર્વથા, ઘણું રૂએ, અબળા રાંક;
અન્ન વિના બાળક ટળવળે, એમાં માતતણો શો વાંક.
પત્ની પ્રત્યે કહે સુદામો, તું સાંભળ મ્હારી વાત;
કહો ભામની ભગવંત આગળ, ભેટ શી મૂકું હાથ.
કાકા કહીને કુંવર આવે, કૃષ્ણસુતસમુદાય;
ખાવા માગે મુજકને, ત્યારે શું મેલું કરમાંય.
સુણી હરખ પામી પ્રેમદા, ગઇ પડોશણની પાસ;
બાઇ આજ કામ કરો મ્હારૂં, જાણે વગુ મૂલે લીધી દાસ.
દ્વારામતી મમ પતિ જાય છે, જાચવા જાદવરાય;
અમો બમણું કરીને આપશું, કાંઇ આપો ઉછીતું માય.

પાડોશણુને દયા આવી, આ દુર્બળ આવી લેવા;
સુપડું ભરીને કાંગ આપ્યા, આ બાઈ ત્હમારે દેવા.
ઉખળે ઘાલી ઓખણ્યા, તેને કીધા શ્વેત;
તગતગતા કરી કરમાં આપ્યા, ઋષિજી પામ્યા હેત.
મારગમાં છોવાય નહિં, છે ત્રીકમના તાંદુલ;
લેઇ જાવા છે દ્વારામતી, નથી બાંધવા પટકુલ.
ઉપરાઉપરી બંધન બાંધ્યાં, ચીંથરાં દશવીશ;
રત્નની પેરે જત્ન કીધું, જ્યમ ચઢે છોડતાં રીસ.
ઋષિ સુદામાને કહે બાળકડાં, કરીને રોતાં મુખ;
પિતાજી એવું લાવજો, જ્યમ જાય આપણી ભૂખ;
દીન વાણી સાંભળીને, મુનિયે મૂક્યો નિશ્વાસ;
સુદામો કહે પુત્રને, પરિબ્રહ્મ પૂરશે આશ.
ઋષિ સુદામો સંચર્યા, વોળાવી વળ્યો પરિવાર.
ધસમસે ને ધાય મુનિવર, મુખે શ્વાસ ન માય;
જે મારગમાં મળે તે દેખી વિસ્મય થાય.

રાગ સારંગ.

ઋષિ કહે સાંભળ નરપતિ, સુદામે દીઠી દ્વારામતી.
કનકકોટ ચળકારા કરે, મણિમય રત્ન જડ્યાં કાંગરે.
ત્યાં તો ગોમતી સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી ન્હાય;
પરમ ગતિ પ્રાણી પામે ઘણા, નથી મુક્તિપુરીમાં મણા.
ઋષિ સુદામે કીધું સ્નાન, પછી પુરમાં પેઠા ભગવાન.
રૂપ જોઇ જોવા સૌ મળે, ખીજવે બાળક પુંઠળ પળે;
જાદવસ્ત્રી તાળી દઈ હસે, ધન્ય નગર આવો નર વસે.
કીધાં હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર;
કોઈ કહે ઇંદુ કોઈ કહે કામ, એને રૂપે હારશે કેશવ રામ.
પતિવ્રતાનાં મોહશે મન, મર્મ વચન બોલે સ્ત્રી જન;
કોઈ કહે હાઉ આવ્યો વિકાળ, દેખાડો રોતાં રહેશે બાળ.
ઘણી ચેષ્ટા પુંઠળથી થાય, સુણી સુદામો હસતા જાય;

પુંઠે બાળક કાંકરા નાંખે, ઋષિજી રામકૃષ્ણ મુખથી ભાખે.
પાડે તાળી વજાડે તાળ, પુંઠે ફરી વળ્યાં ન્હાનાં બાળ;
કોઇ વૃદ્ધ જાદવે દીઠા ઋષી, સાધુની દૃષ્ટિ તેણે ઓળખી.
તેણે બાળક સહુ કાઢયાં હાંકી, પુછ્યા સમાચાર ઉભા રાખી.
કૃપાનાથ ક્યાંથી આવિયા, આ પુરને ક્યમ કીધી મયા.
પ્રતિઉત્તર બોલ્યા ઋષિજન, મને હરિદર્શનનું મન;
તે જાદવે કીધો ઉપકાર, દેખાડી દીધું રાજદ્વાર.
અનંત યોદ્ધા ઉભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
ત્યાં સુદામો ફેરા ફરે, સંકલ્પ વિકલ્પ મનમાં કરે.
ગહન દીસે છે કર્મની ગતિ, એક ગુરૂના વિદ્યાર્થી;
એ થઇ બેઠો પૃથ્વીપતિ, મ્હારા ઘરમાં ખાવા રજ નથી,
રમાડતો ગોકુલ માંકડાં, ગુરૂને ઘેર લાવતો લાકડાં;
તે આજ બેઠો સિંહાસન ચઢી, મારે તુંબડી ને લાકડી,
વળી ઋષિને આવ્યું જ્ઞાન, અલ્પજીવ હું એ ભગવાન;
એકવાર પામું દર્શન, તો હું જાણે પામ્યો ઇંદ્રાસન.
છે વિવેકી હરિના છડીદાર, પુછ્યા સુદામાને સમાચાર;
મહાનુભાવ કેમ કરૂણા કરી, તવ સુદામે વાણી ઓચરી.
છું દુર્બળ બ્રાહ્મણ અવતાર, માધવ સાથે છે મિત્રાચાર;
પ્રભુને જઈ કહો મ્હારા પ્રણામ, આવ્યો વિપ્ર સુદામો નામ.

વલણ.

નામ સુદામો જઈ કહો, ગયો ઘરમાં પ્રતિહારરે;
એક દાસી સાથે કહાવિયો, શ્રીકૃષ્ણને સમાચારરે.

રાગ મારૂ.

સૂતા શય્યાએ શ્રી અવિનાશરે, અષ્ટ પટરાણીયો છે બે પાસરે;
રુકમિણી તળાંસે પાયરે, મિત્રવિન્દા ઢોળે છે વાયરે.
એવે દાસી ધાતી આવીરે, જોઇ નાથે પાસે બોલાવીરે;
બોલી સાહેલી શિર નામીરે, દ્વારે દ્વિજ આવ્યો કોઇ સ્વામીરે.
દુ:ખી દરિદ્ર સરખો ભાસેરે, એક તુંબીપાત્ર છે પાસેરે;

પિંગળ જટા ભસ્મે ભરિયોરે, ક્ષુધારૂપી નારીને વરિયોરે.
શેરિયે શેરિયે થોકાથોકરે, ત્હેને જોવા મળ્યા બહુ લોકરે;
તેણે કહાવ્યું કરી પ્રણામરે, મ્હારૂં વિપ્ર સુદામો છે નામરે.
એમ દાસી કહે કરજોડ, ખરા ખરો કહે રણછોડરે;
મ્હારો બાળસ્નેહી સુદામોરે, હું દુઃખિયાનો વિસામો રે.
ઉઠી ધાયા જાદવરાયરે, નવ પહેર્યાં મોજાં પાયરે;
પીતાંબર ભૂમિ ભરાયરે, રાણી રુકિમણી ઉંચાં સા'યરે.
અતિ આનંદે ફુલી કાયરે, હરિ દોડે ને શ્વાસે ભરાયરે;
પડે આખડે બેઠા થાય રે, એક પળ તે જુગ જેવી જાયરે.
સ્ત્રીઓને કહી ગયા ભગવાનરે, પુજા થાળ કરો સાવધાનરે.
હું જે ભોગવું રાજ્યાસનરે, તે તો એ બ્રાહ્મણનું પુન્યરે.
જે કોઈ નમશે એના ચરણ ઝાલીરે, તે નારી સહુપે મ્હને વ્હાલી;
તવ સ્ત્રી સૌ પાછી ફરતીરે, સામગ્રી પૂજાની કરતીરે.
સહુ કહે માંહોમાંહી બાઈરે, કેવા હશે શ્રી કૃષ્ણના ભાઈરે;
જેને શામળિયા શું સ્નેહરે, હશે કંદર્પ સરખી દેહરે.
લઈ પૂજાના ઉપહારરે, રહી ઉભી સોળ હજારરે.
બાઈ લોચનનું સુખ લીજેરે, આજ જેહનું દર્શન કીજેરે.
ઋષિ શુકજી કહે સુણ રાયરે, શામળિયોજી મળવા જાયરે;
છબીલેજીએ છૂટી ચાલેરે, દીધી દોટ તે દીનદયાળેરે;
સુદામે દીઠાં કૃષ્ણદેવરે, છૂટયાં આંસુ શ્રાવણનેવરે.
જુએ કૌતક ચારે વર્ણરે, કયાં આ વિપ્ર કયાં અશરણશર્ણરે.
જુએ દેવ વિમાને ચઢિયારે, પ્રભુ ઋષિજીને પાય પડીયારે;
હરિ ઉઠાડયા ગ્રહી હાથરે, ઋષિજી લીધા હૈડા સાથરે.
મળ્યા જાદવ જોવા પૂઠેરે, પ્રેમનાં આલિંગન નવ છૂટેરે;
મુખ અન્યો અન્યે જોયાંરે, હરિનાં આંસુ સુદામે લ્હોયાંરે.
તુંબીપાત્ર ઉલાળીને લીધુંરે, દાસત્વ દયાળે કીધુંરે;
ઋષિ પાવન કર્યું મુજ ગામરે, ત્હમે પવિત્ર કર્યાં રંક ધામરે.
તેડી આવ્યા વિશ્વાધારરે, મંદિરમાં હરખથી અપારરે;

હસ્ત ઝાલી હરખે મુરારીરે, જોઈ હાસ્ય કરે સઉ નારીરે.
ઘણું વાંકા બોલાં સત્યભામારે, આવા ફુટડા મિત્ર સુદામારે.
હરિ ત્હેને ઉઠી શું ધાયારે, ભલી ન્હાનપણાની માયારે.
ભલે જોવા સરખી જોડીરે, હરિને સોંધો એને શખોડીરે;
જો કોઈ બાળક બ્હાર નીકળશેરે, તો તે કાકાને દેખી છળશેરે.
તવ બોલ્યાં રુકિમણી રાણીરે, ત્હમે બોલો શું જાણીરે.

વલણ.

શું બોલો વિસ્મય થઇ, હરિભકતને ઓળખો નહીં;
બેસાર્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઉભા રહી.

રાગ સોરઠી.

ભકતાધીન દીનને પૂજે, દાસ પોતાનો જાણી;
સુખશય્યા પર ઋષિને બેસારી, ચમર કરે ચક્રપાણિરે. ભકતા.
વિશ્વામિત્ર સરખા તાપસને દોહલે દર્શન દીધું;
તેણે સુદામાના પગ પખાળી, પ્રીતે પાદોદક પીધુંરે. ભકતા.
પોતાને ઓઢવાની પીત પછેડીએ, લ્હોયા ઋષિના પાય;
ઉભા રહી કર વીંઝણો ગ્રહીને, વિઠ્ઠલ ઢોળે વાયરે. ભકતા.
થાળ ભરી વૈદરભી લાવ્યાં, ઘૃતપકવ પકવાન;
શર્કરા સંયુકત ઋષિને, કરાવ્યાં પય પાનરે. ભકતા.
શુદ્ધાચમન તંબોળ ખવરાવ્યાં, ધરી પ્રેમ શામળવાન;
વાધ્યું તે પ્રસાદ પ્રમાણે, આરોગ્યું ભગવાનરે. ભકતા.
જે સુખ આપ્યું સુદામાને, તે હરિ બ્રહ્માદિકને નાપે;
ફરી ફરી મુખ જુએ મુનિનું, આનંદ મુકુંદને વ્યાપેરે. ભકતા.
સુદામાને ચિંતા મોટી, રખે દેખે કાયા કાંપે;
પેલી ગાંઠડી તાંદુલ તણી તે, જંઘા નીચે લેઇ ચાંપેરે. ભકતા.

વલણ.

જંઘા નીચે ચાંપે ઋષિ, ગાંઠડી તાંદુલ તણી;
પ્રેમાનંદપ્રભુ પરમેશ્વરને, જાણ્યા તણી ગત્ય છે ઘણી.

રાગ મલાર.

ગોવિંદે માંડી ગોઠડી, કહોને મિત્ર અમારા;
સાંભળવા આતુર છું, સમાચાર ત્હમારા. ગોવિંદે.
શે દુઃખે ત્હમો દુબળા, એવી ચિંતા કેઈ;
મન મૂકીને કહો મ્હને, મ્હારા બાળસનેહી. ગોવિંદે.
પછી સુદામોજી બોલિયા પ્રભુને શીશ નામી;
ત્હમારૂં અજાણ્યું કાંઈ નથી, છો અંતરજામી. ગોવિંદે.
અમને તો દુઃખ વિજોગનું, નહિ પ્રભુજી પાસે;
આજ હરિ હુંને જો મળ્યા, પિંડ પુષ્ટજ થાશે. ગોવિંદે.

રાગ સામગ્રી.

પછી શામળિયો બોલિયા, ત્હને સાંભરે રે;
હાજી ન્હાનપણાની પેર, મ્હને કેમ વીસરે રે.
આપણ બે મહિના પાસે રહ્યા, ત્હને. હાજી સાંદીપનિ ઋષિને ઘેર. મ્હને.
અન્ન ભિક્ષા માગી લાવતા, ત્હને. હાજી જમતા ત્રણે ભ્રાત; મ્હને.
આપણ સુતા એક સાથરે, ત્હને. સુખ દુઃખની કરતા વાત. મ્હને.
પાછલી રાતના જાગતા, ત્હને. હાજી કરતા વેદની ધુન્ય. મ્હને.
ગુરુ આપણા ગામે ગયા, ત્હને. જાચવા કોઇક મુન્ય. મ્હને.
શરીર આપણાં ઉકળ્યાં, ત્હને. હાજી માથે તપ્યો અરીષ્ટ; મ્હને.
સ્કંધે કહોવાડા ધર્યા, ત્હને. ઘણું દૂર ગયા રણછોડ. મ્હને.
આપણે વાદ વદ્યા ત્રણે બાંધવા, ત્હને. હાજી ફાડયું મોટું ખોડ. મ્હને.
ત્રણે ભારા બાંધ્યા દોરડે, ત્હને. હાજી આવ્યા બારે મેહ; મ્હને.
શીતળ વાયુ વાયો ઘણો, ત્હને. ટાઢે થરથર ધ્રુજે દેહ. મ્હને.
નદીએ પૂર આવ્યું ઘણું, ત્હને. ઘન વરસ્યો મૂશળધાર; મ્હને.
એકે દિશા સુઝી નહી, ત્હને. થયા વીજતણા ચમકાર. મ્હને.
ગુરુજી ખોળવા નીસર્યા, ત્હને. કહ્યું સ્ત્રીને કીધો ત્હેં કેર. મ્હને.
આપણને હૃદિયા શું ચાંપિયા, ત્હને. પછે તેડી લાવ્યા ઘેર. મ્હને.

રાગ વસંત.

સકળ સુંદરીઓ દેખતાં, ગોષ્ટિ ગોવિંદે કીધી;
પછે દરિદ્ર ખોવા દાસનાં, ગાંઠડી દષ્ટિમાં લીધી. સકળ—ટેક.

મનવાંછિત ફળ આજ પામ્યો, મિત્રજી મળવા આવ્યા;
ચતુર ભાભીએ ભેટ મોકલી, કહો સખા શું લાવ્યા. સકળ.
અઢળક ઢળિયોરે શામળિયો, મુષ્ટિ તાંદુલ માટે;
ઈંદ્રનો વૈભવ સ્હેજમાં આપ્યો, સ્વલ્પ સુખડી માટે. સકળ.
ચરણ તળે ચાંપી રહ્યો સુદામો, કૃષ્ણજી કહે છે કહાડો;
અમ જોગ જો ભેટ ન હોય તો, દૂર થકી દેખાડો. સકળ.
એ દેવતાને દુર્લભ દીસે, જાચે જાદવરાય;
જો પવિત્ર સુખડી પ્રેમે આપો, તો ભવની ભાવટ જાય. સકળ.
ભગવાનની સ્ત્રીઓ ભ્રમમાં ભૂલી, જુઓ મળી સમસ્ત;
અમૃત ફળ કે સંજીવન મણિ, હરિ હોડે છે હસ્ત. સકળ.
આમ હરિ જ્યારે હાથ લગાડે, ઋષિ ખસેડે આમ;
ભક્ત હેત પોતે દેખાડે, સઉને સુંદરશ્યામ. સકળ.
અવલોકવા ઉભી સઉ નારી, કર ધરી કનકનાં પાત્ર;
જદુપતિને જાચે સઉ નારી, અમને આપજો તિલમાત્ર. સકળ.
સુદામો ચિંતામાં પડિયો, લજ્જા મ્હારી જાશે;
ભર્મ ભાંગશે તાંદુલ દેખી, કૌતક મ્હારૂં થાશે. સકળ.
સ્ત્રીને કહ્યેથી હું થયો લોભી, તુચ્છ ભેટ અહિંયા આણી;
લજ્જા લાખ ટકાની ખોઇ, ઘર ઘાલ્યું ઘણિયાણી. સકળ.
સુદામાના મનની શોચના, શામળિયે સઉ જાણી;
હસતાં ખસતાં પાસે આવી, તાંદુલ લીધા તાણી. સકળ.
હેઠળ હેમની થાળી મેલી, વસ્તુ લેવા જગદીશ;
છોડે છબીલો પાર ન આવે, ચીંથરાં દશવીશ. સકળ.
પટરાણિયો જોઇ અચરજ પામી, છે પારસ કે રત્ન;
અમરફળ કે સંજીવન મણિ, આવડું કીધું જે જત્ન. સકળ.
કણ વેરાણા ને પાત્ર ભરાણું, જોઇ રહ્યો જુવતીનો સાથ;
તાંદુલકણ હૃદયે ચાંપી, બોલ્યા લક્ષ્મીનાથ. સકળ.
સુદામા મ્હેં આ અવનિમાં, લીધા બહુ અવતાર;
આ તાંદુલનો સ્વાદ છે એવો, નથી આરોગ્યો એકવાર. સકળ,

મોટા મોટા મિત્ર મ્હેં જોયા, **ધ્રુવ અંબરિષ પ્રલ્હાદ;**
આ તાંદુલનો એકે મિત્રે, દેખાડયો નથી સ્વાદ. સકળ.
તુચ્છ ભેટ ભારે કરી માની, વિચાર્યું **ભગવાન;**
સાત જન્મ સુધી **સુદામે**, નથી કીધાં પુણ્યદાન. સકળ.
જાચક રૂપ થયા **જગજીવન**, પ્રીત હૃદેમાં વ્યાપી;
મુખમાં મુષ્ટિ તાંદુલ મૂક્યા, દારિદ્ર નાંખ્યાં કાપી. સકળ.
કર મરડીને ગાંઠડી લીધી, સાથેનાં દુઃખ મોળ્યાં;
જેમ જેમ ચીંથરાં છોડયાં નાથે, ભવનાં બંધન તોડ્યાં. સકળ.
જ્યારે તાંદુલ મુખમાં મૂક્યા, ઉડી છાપરી આકાશ;
તેણે સ્થાનક **સુદામાને** થયા, સપ્તભૂમિના અવાસ. સકળ.
ઋષિપત્ની થયાં **રુકિમણી** સરખાં, **શાંબ** સરીખા પુત્ર;
એ વૈભવને કવિ શું વખાણે, જેવું કૃષ્ણનું ઘરસૂત્ર. સકળ. ૨૮૦
બીજી મુઠી જ્યારે મુખમાં મૂકે, ત્યાં ગ્રહ્યો **રુકિમણીએ** પાણ;
એમાં શું ઓછું છે સ્વામી, અમને આપો ચતુર સુજાણ. સકળ.
અષ્ટ મહા સિદ્ધિ ને નવ નિધિ, તે મોકલી વણ માગી;
તે **સુદામો** નથી જાણતા, જે ભવની ભાવઠ ભાંગી. સકળ.

(૧૧)

જસોદા વિલાપ

[દશમ સ્કંધમાંથી.]

મ્હારૂં માણુકડું રીસાવ્યું રે **શામળીઆ.**
ત્હારા મનમાં એ શું આવ્યું રે **શામળીઆ.**
હું અપરાધણ માતાને મૂકી, શા માટે ઝંપલાવ્યું રે—**શામળીઆ.**
કાલિન્દીનું કાળું પાણી, માંહે વસે કાળો **કાળી;**
હવે આશા તે શી મળવાની, કેમ આવે વનમાળીરે—**શા.** મ્હા. ૧
સંતાન રૂપી મોટું ધન તે, કરમે લીધું લુંટી;
મ્હેં નવ જાણ્યું જતન કરીને, રતન પડયું કેમ છુટીરે—**શા.** મ્હા. ૨
પુત્ર પામી હું છેલ્લે આશ્રમે, ઉછેર્યો પ્રતિપાળી;
નીપનો રસ ઢળી ગયો હું, વિજોગ આગે બાળીરે—**શા.** મ્હા. ૩

નાકે મોતી પાય ઘુઘરી, મોર મુગટ શિર ધારી;
ફરી રૂપ હું ક્યાંથી દેખું, હારે આવે ગોચારીરે—**શા.** મ્હા. ૪
કાને કુંડળ મુખમાં મોરલી, સાંજે ગોકુળ આવે;
ભૂખ્યો છાં કહી પેટ દેખાડે, મા, કહી મને બોલાવે—**શા.** મ્હા. ૫
પીત પીછોડી કાછ કછે, મુજ કને નેતર માંગે;
હું ઘરડી માને થાકી જાણી, કોણ વલોવવા લાગેરે—**શા.** મ્હા. ૬
તું પ્રાણેશ્વર તું ગોપેશ્વર, ગોપી દેહ કેમ ધરશે;
બાળસખાની કોણ વલે, આ ગાયો હીસી હીસી મરશેરે—**શા.** મ્હા. ૭
ઉંડા જળમાં વાસો કીધો, પાણીમાં કેમ ગમશે;
મોર પોપટ ને પુતળી, ત્હારે રમકડે કોણ રમશેરે—**શા.** મ્હા. ૮
કાંઈ તું ગયોને હું જીવું છું, ઓછા સગપણ માટે;
સાચું વહાલ તો તાંહાં જણાએ, સાંભળતાં હૈડું ફાટેરે—**શા.** મ્હા. ૯
કાષ્ટપે પાષાણ કઠિણ છે, તેપે કઠિણ છે લોઢું;
વજ્રતુલ્ય છે કાળજ મ્હારૂં, લોકને શું દેખાડું મોઢુંરે—**શા.** મ્હા. ૧૦
ત્હેં મખાંતર દડાનું કીધું, મનમાં દુઃખ કાંઈ આવ્યું;
ઉખળનું બંધન આજ સંભાર્યું તે માટે ઝંપલાવ્યુંરે—**શા.** મ્હા. ૧૧
નંદ જસોદા ગાય ગોવાળા, વ્યાકુળ વ્રજની નારી;
ચાર ઘડી પુઠે સર્વે પડજો, હળધર રાખે વારીરે—**શા.** મ્હા. ૧૨

(૧૨)

અનિરૂદ્ધ યુદ્ધ.

ઓખાહરણમાંથી (રાગ સોરઠી.)

કામનીએ જ્યારે કટકજ દીઠું, અને થઈ નિરાશ;
અરે દૈવ ત્હેં એ શું કીધું, મુને હુતી મોટી આશ.
વ્હાલા કેમ વઢશોરે, મ્હારા નાંધડીઆ ભરથાર. વ્હાલા. ટેક.
બોલાવી બોલે નહીં, પડી થઈ આશાભંગ;
ઉઠાડી બેઠી કરી, તેનું વદન નિહાળે કંથ. વ્હાલા.
સ્વામી તું કેમ સાંખીઓરે, રાંકને ઘેર રતન;
ઘાડે કષ્ટે હું પામી, મ્હારો મદનમનોહર કંથ. વ્હાલા.

તીવ્ર બાણ જ્યારે છુટશેરે, કેમ સહેશો કોમળ શરીર;
એવું શ્રવણે સાંભળીને, હાકી ઉઠયો વીર. વ્હાલા.
મ્હારા પિતાનેરે જાણ થયું છે, કટક મોકલ્યું પ્રૌઢ;
બાણાસુર નથી જાણતો, એવો કેમ થયો છે તે મૂઢ. વ્હાલા.
અરે સ્વામી તમે ઠાલે હાથે, આયુધ નથીરે એક;
ચાર લાખ વીર પાઠવ્યા, સામા થતાં ધરો વિવેક. વ્હાલા.
અબળા તુંને શું કહું રે, તું તો થઈ અજાણ;
બાર તણી ભાગોળ કાઢીને લઉં સર્વના પ્રાણ. વ્હાલા.
ઓખા તુંને શું કહું રે, તું તો ઘેલી નાર;
ત્હારા બાપે વીર મોકલ્યા, તે તો મારે લેખે ચાર. વ્હાલા.
અજાતણાં ત્હાં જૂથ મળીઆં, પંચાનન મળીઓ એક;
ત્હેનું પ્રાક્રમ કેટલું, ત્હમે કોહોની વિનતા વિશેક. વ્હાલા.
એમ કરતાં નહીં છુટીએરે, કાલાવાલા તે ફોક;
જુવોની વ્હાલી હું જુદ્ધ કરૂં, જેમ જુએ ગામના લોક. વ્હાલા.
અનિરૂદ્ધ મરડીને નીસર્યો રે, ઓખાએ સહાયો હાથ;
પ્રીતમ લડવા નહીં દઉં, મ્હારા મદનમનોહર નાથ. વ્હાલા.

રાગ મારૂની દેશી.

ઓખા કહે કંથ એમ ન કીજે, બળિયાશું વઢતાં બ્હીજે;
એ ઘણા તમો એક જાતે, સેના મોકલી મ્હારે તાતે.
દૈત્યને વાહન ને ત્હમે પાળા, નાથજી ત્હમે ઠાલામાલા;
એને ટોપ કવચ ને બખ્તર, ત્હમારે અંગે સોહે પીતાંબર.
દૈત્યને સાંગ બાણ બહુ ભાલા, એ કઠણ ત્હમે સુંવાળા;
એ તો મદોન્મત બહુ બળિયા, ત્હમે સુકોમળ પાતળિયા.
સ્વામી પછે અસુરને ભેદો, પહેલાં મસ્તક મ્હારૂં છેદો;
ત્હમને દેખી દેખીને મોહું, ત્હમે જુદ્ધ કરો તે કેમ જોઉં ?
ઇચ્છા અંતરની ગઈ ફીટી, દૈત્યે માળિયું લીધુંરે વીંટી;
પ્રભુ પ્રાણ કંપે છે મ્હારા, મુવા દૈત્ય કરે છે હોકારા.
ઘણું ક્રોધી વિરોધી છે બાણ, હાકે ઇંદ્રનું જાએ ઓસાન;

ભક્ત ભય પામે બાણુની હાકે, બાણે પૃથ્વી ચઢાવી ચાકે.
જેને નાદે મેર હાલે, ચક્રવર્તી સાથે નહીં ચાલે;
ક્ષત્રી સાથ રહે સર્વ બ્હીતો, નાથજી તમે કઈ પેરે જીતો ?
મંત્રી દાંત રહ્યો છે કરડી, શું જાઓ છો મૂછરે મરડી;
માટે પ્હેલાં તે મુજને મારો, પછે નાથજી રણમાં પધારો.
શશી સૂર્યવંશી નૃપ જેહ, ત્હેની થરથર ધ્રુજે દેહ;
પ્રધાન ક્રોધી પાવકની જ્વાળ, તેથી વિશેષ બાણુ ભૂપાળ.
એમ કહી ભરતી લોચન, દેખી વારે છે સ્વામીન્ન;
કંથ કહે ન કરૂં સંગ્રામ, તો ન્હાસી જવાનો કુણ ઠામ,
અંતે જીવતા છૂટશું નહીં, કાં ન મરીએ સામા થઈ;
નથી ઉગરવાનો ઉપાય, માટે ભય પામે શું થાય ?
નાઠે લાંછન લાગે કુળમાં, પ્રતિષ્ઠા જાએ એક પળમાં;
ભૌઅર બોલે ને મણિધર ડોલે, ન ડોલેતો સર્પને તોલે.
ઘન ગાજે કેસરી દે ફાળ, ન ઉછળે તો જાણવો શિયાળ;
ક્ષત્રી ન્હાસે દેખીને દળ, ન હોય પુરૂષ જાણવો વ્યંઢળ.
હાકયો વાઘ ન માંડે કાન, શાર્દૂલ નહીં જાણવો શ્વાન;
ઘરમાં ગોઝારો રહે પેસી, યુદ્ધ ચરણવહોણો રહે બેસી.
એમ કહીને ઓખા અળગી કીધી, ભડ ગાજ્યો ને ભોગળ લીધી;
અસુર સેનાપર કોપિયો, છજે થકી ઠેકાને પડિયો.
જેમ ગ્રાહ પેસે બહુ જળમાં, તેમ અનિરૂદ્ધ પેઠો દળમાં;
જેમ ઇન્દુ પેસે વાદળમાં, તેમ અનિરૂદ્ધ ધાયો બળમાં.
દૈત્યને આવ્યો મૃત્યુનો દહાડો, ગાજ્યો અનિરૂદ્ધ ઘન અખાડો;
પડતામાં બહુ પડતાળ્યા, ભોગળ પ્રહારે ધરણીએ ઢાળ્યા.
કૌભાંડે સેનાને પ્રેરી, જાદવ જોદ્ધો લીધો ઘેરી;
ગજજૂથમાં લઘુ કેસરી, બહુ વીંટી વળ્યા છે વેરી.
ચંદનને બાવળીએ ઝીકી, અસુરે અનિરૂદ્ધ લીધા વીંટી;
દાનવ કહે માનવશુંય, અમે સિંહમાં મૃગબાળ તુંય.
મુગટ મંત્રીને ચરણે ધરો, તો મૃત્યુ થકી ઉગરો;

મંત્રીવાયક એવાં સાંભળી, ધાયો અનિરૂદ્ધ બહુ ઉકળી.
નાંખે દૈત્ય ભારી મુદ્દ્ગલ, તેમ અનિરૂદ્ધ ભુજભોગળ;
વીસ સહસ્ત્ર અસુર ત્યાં તુટયા, એકીવારે શર બહુ છુટયા.
આયુધધારા રહી છે વરસી, પડે પરીઘ પટ્ટી ને ફરસી;
દાનવ ધાયા છે ટોળે ટોળાં, વરસે ભિંડીમાલ ને ગોળા.
થાય દુંદુભીના ગડગડાટ, થાય ખડગ તણા ખડખડાટ.
હાક્યા હસ્તી દે હલકાર, થાય ખડગ તણા ચળકાર.
મંત્ર અગ્નિના ધુધવાટ, બોલે બાણતણા સુસવાટ;
રથ ચક્ર ગાજે ગડગડાટ, હોય હયતણા હણહણાટ.
છૂટે બાણો સમસમાટ, થાય ગગને ધજા ફડફડાટ;
દેખી દોહલો નાથનો ઘાટ, થાય ઓખાને ઉચાટ.
દાનવનો વાળ્યો દાટ, અનિરૂદ્ધ મૂકાવે વાટ;
કોઇને ઝીક્યા ઝાલીને કેશે, કોઇને ઉડાડયા પગની ઠેસે.
કોઇને હણ્યા ભોગળને ભડાકે, કોનાં મુખ ભાગ્યાં લપડાકે;
કોઈ અધસસ્તા કોઈ પૂરા, એમ સેના કરી ચકચૂરા.
તે રણ ભયાનક ભાસે, બળ દેખીને ઓખા ઉલ્લાસે;
મ્હેંતો આવડું નહોતું જાણ્યું, ચિત્રલેહાએ રત્નજ આણ્યું.
શોણિતસ્પર્શ થયો છે ડીલે, નાથજી રણ રૂધિર ઝીલે;
ભડ ગાજ્યો ને પડયું ભંગાણ, નાઠો કૌભાંડ લઈને પ્રાણ.
હતું બાણાસુરને જાણ, એક પુરૂષે વાળ્યો ઘાણ;
અસુરેશને ચઢિયો કોપ, સજ્યાં કવચ આયુધ ને ટોપ.
સર્વે સૈન્ય તે તત્પર કીધું, ચઢયો રાય દદામું દીધું;
પ્રલયઅગ્નિ જેવો જાજ્વલ્ય, બાણરૂપ થયું મદતુલ્ય.
ચઢયો રાય ક્રોધ ગડગડિયો, જાણ્યું ઓખાએ રણ તાત ચઢિયો;
સૈન્યના લોક આગળ ચાલ્યા, કરમાં બહુ ભાલા ઝાલ્યા.
વાગી હાક ને ચઢિયો બાણ, તે તો થયું ઓખાને જાણ.

વલણ.

જાણ થયું જે તાત ચઢિયો, કુણ જીતશે સહસ્ત્રહાથ રે;
આંસુડા ભરતી ને શોક ધરતી, ઓખા સાદ કરતી નાથ રે.

શામળભટ.

વચન પાળવા વિષે. (૧૨)

છપ્પા.

વચન કાજ હરિશ્ચંદ્ર નીચ ઘર ભરિયું પાણી;
વચન એકને કાજ, કૃષ્ણે કુબ્જાને આણી;
વચન એકને કાજ, હરે હલાહલ પીધું,
વચન એકને કાજ, દેવવર દૈત્યે લીધું.
શુભ ધર્મ કર્મ ને શર્મ સૌ, વચન જતાં તે વહી ગયું;
કવિ **શામળભટ** સાચું કહે, વચન ગયું તો થઈ રહ્યું.

એક વચનને કાજ, રંક રાવણ થઇ બેઠો,
એક વચનને કાજ, બળી પાતાળે પેઠો;
એક વચનને કાજ, વેચી હરિશ્ચંદ્રે નારી,
એક વચનને કાજ, પાંડવો હાર્યા પ્યારી;
વળી એક વચનને કારણે, ભડ પાંચે વનમાં ભમ્યા,
કહે **શામળ** વચનજ કારણે, સો કીચક સાથે શમ્યા.

પાળે વાયક શૂર, જેહ રણમાં બહુ ઝુઝે;
પાળે વાયક સિદ્ધ, જેહ ને આગમ સૂઝે.
પાળે વાયક ભક્ત, કરે ઇશ્વર વશ આપે,
પાળે દાતા વચન, વૃષ્ટિ જેને પરતાપે;
પાળે વાયક પ્રેમથી, વેદે વિવિધ વખાણિયો,
શામળ વાયક સંભાળતાં, જશે જગતમાં જાણિયો.

વચન પાળે તે રાય, બાકી તો રાંડી રાંડો,
વચન પાળે તે શાહ, બાકી ગુણહીણો ગાંડો,
વચન પાળે તે વિપ્ર, ધર્મ સૌ ધાર્યો તેણે,
વચન પાળ્યું તે વીર, જગત જશ લીધો જેણે;
પાળે સદવાયક પ્રેમદા, પાંચે પૂરણ પક્ષણી,
શામળ કહે વચન ન સાચવે, લલના એજ કુલક્ષણી.

વિદ્યા વિષે. (૧૩)

છપ્પા.

લક્ષપતિ તો લાખ, દીઠા નિર્માલ્ય પ્રમાણે,
જાય રાયનું રાજ્ય, રૂપ પણ રહે ન ટાણે;
કુળ પણ હોય કલંકી, જોર જોતામાં જાયે,
જોબન પણ વહી જાય, વંશ નિર્વંશી થાયે;
નહિ રાજ ચોર કે અગ્નિ ભય, માગ મુકાવે બહુ થકી,
સત પુરૂષો માનજો, સદવિદ્યા છે શુભ સહુ થકી.
વિદ્યા મુકાવે માગ, પૂર્ણ જશ વિદ્યા પામે,
વિદ્યા શોભે વાન, નૃપતિ વિદ્યાને નામે;
વિદ્યા માંહી વિવેક, વિમળ વિદ્યાથી વાણી,
વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહિની જાણી;
સદવિદ્યા રત્ન વિશાલ છે, વિદ્યાથી વડું નહિ કશું;
સદવિદ્યા આગળ ધન કશું, વિદ્યાવિહીન નર તે પશુ.
પંડિત આગળ મૂઢ, હંસ આગળ જ્યમ બગ્ગા.
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કગ્ગા;
પંડિત આગળ મૂઢ, રાય આગળ જ્યમ રાંકા;
પંડિત આગળ મૂઢ, સિંધુ આગળ જ્યમ ટાંકાં;
પંડિત પ્રાક્રમી પૂરા, પંડિત સઉ શિર મોર છે,
શામળ કહે પંડિત આગળે, મૂઢ તો ચાકર ચોર છે.
મૂરખને વાહન, પંડિત અડવાણો ચાલે,
મૂરખ મોતનમાલ, પંડિત ફુલમાળા ઘાલે;
મૂરખને બહુ માન, પંડિત કદી ગરીબ કહાવે,
મૂરખને અલખત મોજ, પંડિત ખડધાન્યજ ખાવે;
પણ મૂરખ કાચ કથીર છે, દીસંતાં તો દિલ હરે,
પણ પંડિત રત્ન અમૂલ્ય છે, શામળ ઝવેરી પરીક્ષા કરે.
પંડિત જાય વિદેશ, તોય જશથી જાણીતો,
પંડિતને પ્રાક્રમ પૂર, મહીપતિનો માનીતો;

પંડિતને પરણામ, કરે જન સૌ કર જોડે,
પંડિતને સન્માન, માન અનમીનાં મોડે;
જે અગમ નિગમ છે ગુણ ઘણા, લક્ષ કોટિધા તે લહે;
છે વિદ્યા મોટી વિશ્વમાં, કવિ **શામળભટ** સાચું કહે.

દયારામ.

મીરાં ચરિત્ર. (૧૪)

મીરાં મન **મોહન**શું માન્યું;
વરિયા વરિયા શ્રીગિરધરલાલ; જાણે જગ નથી કાંઈ છાનું—ટેક.
જેમલ રાઠોડની દીકરીરે સુણો, મીડતા એનું ધામ;
રૂપગુણ કોઈ સમોવડ નહીં, રૂડું ધર્યું **મીરાં**બાઈ નામ. **મીરાં.**
જોશીએ વાંચી જનમોતરીરે, તેમાં લખ્યું નીકળ્યું એહ;
વરશે વિશ્વંભરનાથનેરે, કરશે **નંદ**કુંવરજીશું નેહ. **મીરાં.**
ઉદેપુરનો રાણો રાજીયોરે, તે સાથે કરી છે સગાઈ;
પરણાવીને વળાવ્યા સાસરે કંઈ, લૌકિક રીતે **મીરાં**બાઈ. **મીરાં.**
દેવીને દેવા વધામણાંરે, ચાલ્યાં વરકન્યા સહુ જન;
રાણે **પારવતી**જી પુજ્યાંરે, **મીરાં**નું તો મોહનમાં મન. **મીરાં.**
સાસુ કહે સૌભાગ્ય વધેરે, વહુ નમો **શક્તિ**ને પાય;
મીરાં કહે મસ્તક મારૂં નહીં નમે, વિના શ્રી ગિરિવરધરરાય. **મીરાં.**
સાસુ કહેરે સામી બોલી આજથી મ્હારે, **નથી** એ વહુનું કામ;
પુત્રને કહ્યું એને રાખો પરી, એક ન્યારૂં રચાવો એનું ધામ. **મીરાં.**
એવું સુણીને **મીરાં** **મગ્ન** **થયાં** રે; ભલું થયું ભાગ્યો જંજાળ,
સાધુની સંગે દિન રેણ નિર્ગમશું, સુખે સેવીશું ગાઈશું ગોપાળ. **મીરાં.**
નંદનંદન સાથે ન્યારાં રહ્યાંરે **મીરાં**, હરિજન આવે ઘણા ઘેર;
નિત્ય ભજન કથા કીરતન ઓચ્છવ, હરિને લડાવે કરે લેહેર. **મીરાં.**
નણંદ આવી **મીરાં**બાઈની પાસે, ભાભી આ શો માંડયો ઉતપાત;
સાસરે રાણાજીનું કુળ લજાવ્યું વહુ, મહીએર લજાવ્યાં માતતાત. **મીરાં.**

અંબર આભ્રણુ પહેરો અનુપમ, સજો સુંદર શણગાર;
મેહેલે પધારો રાણાજીતણેરે, રમી રીઝવી લ્યો ભરથાર. **મીરાં.**
છાપાતિલક આ શી તુલસીની માળા, નાચો ખુંદો વેરાગીને વેશ;
સંગ મુકી દો સાધુ સંતનોરે, રાણોજી તો કરે સુણી કલેશ. **મીરાં.**
મીરાં કહેરે ભાઈ કલેશ ટળવાનો, એકજ છે ઉપાય;
કહેજો રાણાજીને સાધુને સેવે પ્રેમે, નૃત્ય કરીને હરિ ગાય. **મીરાં.**
વળી સોનું રૂપું પહેરે શું સુધર્યુંરે, કહાડી નાંખો ડાકડમાળ.
છાપાંતિલક ધરી સાધુઓમાં બેસો, આ લો પ્હેરો તુળસીની માળ. **મીરાં.**
તમો પણ જાઓ શીદ સાસરે, બાઈ વૃથા વટાળો શાને દેહ;
મનગમતાં મોહનવર સાથે તમો, સર્વ તજીને કરો સ્નેહ. **મીરાં.**
કહેજો ત્હમારી માતનેરે, વૃદ્ધ થયાં ગોવિંદ ગુણ ગાયે;
હરિવિના કોટી દેવ સેવશો તોયે, જનમ મરણ નહીં જાયે. **મીરાં.**
સુણી એમ છણકતી ખીજતીરે બાળા, આવી બંધવની પાસ;
ઓ ભાઈ ભાભી કહે છે થાઓ વેરાગી સહુ, મુકી દો રાજ અવાસ. **મીરાં.**
એવું સુણીને આવ્યો રોષ રાણાને, પ્રેર્યો સેવક **મીરાં**ને અવાસ;
લાવો ખબર છે શા રંગમાં, કોણ કોણ બેઠું છે એની પાસ. **મીરાં.**
અનુચરે આવી એમ કહ્યું જે, નથી ત્રીજું માણસ આ વાર;
રાણીજી સાથે કોઇ પુરૂષ બીજો છે, ઘરમાં થઇ રહી છે થૈથૈકાર. **મીરાં.**
સુણતામાં રાણો થયો રાતડોરે, ખેંચી ખડગ ધાયો તેણીવાર;
પેઠો **મીરાં**ને મહેલે એકલોરે, કોઈ આવે ના ધાઈ દીધાં દ્વાર. **મીરાં.**
આવી જોયું તો **મીરાં** એકલીરે, પ્રભુએ ત્હેને ના દીધું દરશન;
પુછ્યું **મીરાં**ને પેલો પુરૂષ કયાં છે, ત્હારે લાગ્યું જેશું લગન. **મીરાં.**
ક્યાં છે પુછો શું રાણા રોષમાંરે, તે તો સઘળે વસે છે ભરપૂર;
ધ્યાનમાં જુવે જોગી, પ્રેમી પ્રત્યક્ષ દેખે, રહે છે દુષ્ટથકી દૂર. **મીરાં.**
કાઢી નાંખોજી આ કલેશ કપટ સંગે, નિર્મળ કરો મન;
પ્રેમભક્તિએ પરબ્રહ્મ ભજો તો, ત્હમને થાય તેનાં દર્શન. **મીરાં.**
એવું સુણીને આગ લાગી ઘણીરે, પણ ભાવ ના આવ્યો ભૂપ;
ક્રોધ કરીને શસ્ત્ર વાવરે એવે, દીઠાં **મીરાં**નાં બે રૂપ. **મીરાં.**

તોહે મૂરખ સમજ્યો નહીરે, મન સાથે ન કીધો વિચાર;
બીજું ખડગ એણે ખેંચીયું રે, ત્યારે હરિયે દેખાડી **મીરાં** ચાર. **મીરાં.**
છોભો પડયો પાછો ફર્યોરે, રાણો આવ્યો પોતાને ઘેર;
વિષનો પ્યાલો મોકલ્યો પીજો, કહાવ્યું રાણાએ આણી ઝેર. **મીરાં.**
લીધો મીરાંએ મન મગ્ન થઇનેરે, પ્રભુને દેખાડી કર્યું વિષપાન;
અમૃત સરીખું થઇ ગયુંરે, એને સમર્થ ધણી ભગવાન. **મીરાં.**
મીરાંબાઇ આવ્યાં **વૃં**દાવનમાંરે, પ્રેમે નીરખ્યા શ્રી વ્રજરાય;
શ્રી **જ**મુના પયપાન કર્યું ને કરી, જીવા ગોંસાઇને શિક્ષાય. **મીરાં.**
હરિજન જાણી **મીરાં** મળવાનું કહાવ્યું, તેણે કાવ્યું ના જોઉં સ્ત્રીનું મુખ.
મીરાં કહે સારૂં થયું સવારૂં મુજને, પરપુરૂષ જોએથી દુઃખ. **મીરાં.**
આજ લગી હું એમ જાણુતી જે, **વ્રજ**માં કૃષ્ણ પુરૂષ છે એક;
વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો, તહેમાં ધન્ય તહમારો વિવેક. **મીરાં.**
એવું સુણીને જ્ઞાન પામીયારે, જીવા ગોંસાઇ મળ્યા છે સામા ધાઇ;
હળી મળીને હરિની વાત કરીને આવ્યાં, મેવાડદેશ **મીરાં**બાઇ. **મીરાં.**
કરી તૈયારી ચાલ્યાં દ્વારીકાંરે, પ્રેમે નિરખ્યા શ્રીરણછોડ;
વાસ પુરીને પ્રભુની પાસે રહ્યાં સદા, પહોંચ્યા છે મનના કોડ. **મીરાં.**
પાછળ પસ્તાવો રાણાને થયોરે, ગયું ઉતરી મનનું ઝેર,
મુખે માગે તે આપું તહેને જે કોઇ, લાવે મનાવી **મીરાં** ઘેર. **મીરાં.**
ઉપરા ઉપરી તેડાં મોકલ્યાં રે, આવીને લાગ્યા સહુ પાય;
માજી પધારો **મે**વાડમાં વેહેલાં, રાણાજી તો અંન ન ખાય. **મીરાં.**
જહાંરે લગી તમે રહેશો દ્વારિકાંરે, ત્યાં લગી કરૂં અપવાસ;
આગ્રહ દેખી **મીરાં** વિદાય માંગવાને આવ્યાં શ્રીપ્રભુજીની પાસ. **મીરાં.**
હરિએ હકીકત સાંભળીનેરે, હસી ચાંપી હૃદયા સાથ;
શ્રીકૃષ્ણ સ્વરૂપમાં સમાઇ ગયાંરે **મીરાં**, જે જે શ્રીદ્વારકાંનાથ. **મીરાં.**
ચરિત્ર એ **મીરાં**બાઇનું રે જે કો, શીખે સાંભળે ને ગાય;
પ્રેમભક્તિ તહેને મળે ને ત્રુઠે, દયાનો પ્રીતમ વ્રજરાય. **મીરાં.**

વાંસલડી; ગરબી. (૧૫)

માનીતી તું છે **મો**હનતણી હો વાંસલડીરે;
તુંને વાલમ કરે છે વહાલરે, હો ઘણું વાંસલડીરે,

પીએ અધરામૃત પિયુતણું, તું વાંસલડીરે;
અમારે શોક્ય સરીખું તું સાલરે, હો વાંસલડીરે;
મીઠો આવડો શો સોહોર, મોહ્યો નંદનો કિશોર;
ત્હારૂં આવડું શું જોરરે, ભુંડી કાળજડું માં કોરરે; હો વાંસલડી.
વાજી વાજી ને વિહ્વળ કર્યાં, હો વાંસલડી;
તું તો પીડે અમારા પ્રાણ રે, હો વાંસલડી;
સુણતાં પડે છે હૃદે સાંસરાં, હો વાંસલડી;
ત્હારા ટઉકાથી મોહબાણ રે, હો વાંસલડી—મીઠો.
ઝેર ઘણું છે ત્હારી ઝડપમાં, હો વાંસલડી;
ભલા તુંથી ભાલા તલવારરે. હો વાંસલડી;
એકી વારે તું હણી નાંખની, હો વાંસલડી;
આ ભુંડી થોડે થોડે માં માર રે, હો વાંસલડી—મીઠો.
વન વન કુંજ કુંજ ફેરવ્યાં, હો વાંસલડી;
ત્હેં તો સહુની કરી છે એવી ગત્યરે, હો વાંસલડી—મીઠો.
ગરજે ગુમાન ભરી આવડી, હો વાંસલડી;
તુંતો જોની વિચારી તાહર જાતરે, હો વાંસલડી;
જોતાં તું કાષ્ટકેરો કકડોરે, હો વાંસલડી,
તુંને આજ મળી છે હકરાતરે, હો વાંસલડી—મીઠો.
ગતવિહીણાં ત્હેં ઘેહેલાં કર્યાં, હો વાંસલડી,
ત્હેં તો લગાડયું લાલશું લગંન રે, હો વાંસલડી;
ચોરની સંગે શીખી ચોરવા, હો વાંસલડી,
વ્હાલે માખણ ચોર્યું ને ત્હેં તો મંનરે, હો વાંસલડી,—મીઠો.
માન રાખ્યું માનીનીતણું, હો વાંસલડી,
તેં તો સહુને કર્યાં પાએમાલ રે, હો વાંસલડી,
દયાના પ્રીતમની દાસી તું ખરી, હો વાંસલડી,
તેડે સહુને બેઠી તું તો ઠામ રે, હો વાંસલડી—મીઠો.

ધીરો ભક્ત.

કાફી. (૧૬)

અંતે સંતને તેડાવેરે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલીરે, મૂરખ જ્યારે સુતો મરવા—અંતે.ટેક.
ન્હાનપણે ઘરધંધે ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યોરે, પત્થરને નાવે બેઠો તરવા—અંતે.
અંત સમે છાપા તિલક બનાવે, ભુલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વૈમાન;
ગુરૂજ્ઞાન નાવ્યું રે, બુદ્ધિ ત્હારી ગઈ ચરવા—અંતે.
જુવતિ નારીને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય,
વૃદ્ધ નારીને નહિ પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય;
હરિને બેઠો ઠગવારે, એંશી વરસે વર વરવા—અંતે.
વીશ વર્ષે વિશ્વંભર મળે, ભકિત કરે ભુખ જાય;
હરિશું ધાયા તે બહુ કમાયા, ત્હેને મળિયા નિરંજન રાય;
દાસ ધીરો કહે છે રે, મટયા ચોરાશી ફરવા—અંતે.

કાફી. (૧૭)

જેને રામ રાખેરે, ત્હેને કુણ મારી શકે;
અવર નહિ દેખુંરે, બીજો કોઈ પ્રભુ પખે—જેને.
ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રે રાય,
સ્થલને સ્થાનકે જલ ચલાવે, જલ સ્થાનક સ્થલ થાય;
તરણાનો તો મેરુ રે, મેરુનું તરણું કરી દાખવે—જેને.
લીંભાડાથી બળતાં રાખ્યાં, મંઝારીનાં બાળ,
ટિટોડીનાં ઈંડાં ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ,
અંત વેળા આવો રે, પ્રભુ ત્હમે ત્હેની તકે—જેને.
બાણ તાણીને ઉભો પારધિ, સીંચાણો કરે રે ટકાવ,
પારધિને પગે સર્પ ડંસિયો, સીંચાણા શિર નહિ ઘાવ,
બાજ પડયો હેઠોરે, પંખી ઉડી ગયાં સુખે—જેને.

ગજ કાતરણી લઈને બેઠા, હરજી તો દીનદયાળ,
વધે ઘટે ત્હેને કરે બરાબર, સૌની લે સંભાળ,
ધણી તો ધીરાનોરે, હરિ તો મ્હારી હીંડે હેકે—જેને.

ભોજો ભક્ત.

પદ. (૧૮)

મૂરખો રળી રળી કમાણોરે, માથે મેલશે મોટો પ્હાણો—ટેક.
ધાઈ ધુતીને ધન ભેળું કીધું, કોટિધ્વજ કહેવાણો;
પુણ્યને નામે પા જૈં ન વાવર્યો, અધવચથી લૂંટાણોરે—મૂ.
ભર્યા કોઠાર ત્હારા ધર્યા રહેશે, નહિ આવે સાથે એક દાણો;
મસાણની રાખમાં રોળાઈ ગયા કંઈક, કોણ રંકને કોણ રાણોરે—મૂ.
મંદિર માળિયાં મેલી કરીને, નીચે જઈ ઠેરાણો;
ભોજો ભગત કહે મુવા પુંઠે જીવ, ઘણો ઘણો પસ્તાણોરે—મૂ.

પદ. (૧૯)

મૂરખો માની રહ્યો મ્હારૂંરે, તેમાં કાંઇયે નથી ત્હારૂં—ટેક.
સાત સાયર જેની ચોકી કરતા, ફરતું નીર ખારૂં;
ચૌદ ચોકડીનું રાજ ચાલ્યું ગયું, રાવણાદિકવાળુંરે. મૂરખો.
દુઃખને તો કોઈ દેખે નહીં, ને સુખ લાગે સારૂં;
વેળા વેળાની છાંયડી ત્હારી, વહી જાશે વારૂ રે. મૂરખો.
હરિભજનમાં હેતજ રાખો, સ્મરણ કરો સારૂં;
ભોજો ભગત કહે રાખો હૃદયમાં, પ્રભુનું ભજન પ્યારૂંરે. મૂરખો.

બ્રહ્માનંદ.

ધોળ. (૨૦)

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપતિ મેલી, ત્હારી નજરો આગેજી.
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;

જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી;
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી.
મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહિ કોઈ રાગીજી;
બહારે તાકી રહી બિલ્લાડી, લેતાં વાર ન લાગેજી.
આજકાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતી થાશેજી.

ધોળ. (૨૧)

પ્રભુ ભજ્યા વિણ ગાફલ પ્રાણી, આમે ઉમ્મર ખોઈજી;
મેડી મંદિર માલ ખજાના, કામ ન આવે કોઈજી;
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણા માંહી તણાણોજી;
લોક તણી લજ્જાનો લઈને, કોટે બાંધ્યો પ્હાણોજી;
ઉંચે કુળ અવતાર લઈને, કહે શું સારૂં કીધુંજી;
લખ ચોરાશી કેરૂં લગડું, તાણી માથે લીધુંજી,
જીવ તણું કંઈ જતન ન કીધું, મન માયામાં મ્હોયુંજી.
રાત દિવસ તત્પર થઈ રળિયો, ઠાલું નીર વલોયુંજી.
લોક કુટુંબમાં મોટો થાવા, કામ બગાડયું ત્હારૂંજી.
બ્રહ્માનંદ કહેરે પ્રાણી, હજી સમજ તો સારૂંજી.

બૃહત્ કાવ્યદોહન.

નર્મદાશંકર.

સાહસ. (૨૨)

(લાવણી.)

સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે;
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે. ટેક.
કેટલાંક કરમો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે,

હજી સમય નથી આવિયો, કહી દિન ગાળે,
જન બ્હાનું કરે નવ સરે, અર્થ કો કાળે,
ઝંપલાવવાથી સિદ્ધિ, જોઈ બળ લાગે, યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦
સાહસે કર્યો પરશુએ, પુરો અર્જુનને,
તે પરશુરામ પરસિદ્ધ, રહ્યો નિજ વચને;
સાહસે ઇંદ્રિજિત શૂર હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ જાણે;
થઈ ગઈ જંગમાં મર્દ લક્ષ નિજ માંગે, યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦
સાહસે કોલંબો ગયો, નવી દુનિયામાં,
સાહસે નેપોલ્યન ભીડયો, યુરપ આખામાં,
સાહસે લ્યુથર તે થયો, પોપના સ્હામા,
સાહસે સ્કોટે દેવું રે, વાળ્યું જોતામાં;
સાહસે સિકંદર નામ અમર સહુ જાગે, યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦
સાહસે જ્ઞાતિના બંધ કાપી ઝટ નાંખો,
સાહસે જાઓ પરદેશ બ્હીક નવ રાખો.
સાહસે કરો વેપાર, જમે સહુ લાખો,
સાહસે તજી પાખંડ બ્રહ્મરસ ચાખો;
સાહસે નર્મદાદેશ, દુઃખ સહુ ભાગે. યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦

અવસાન સંદેશ. પદ (૨૩)

નવ કરશો કોઈ શોક–રસિકડાં, નવ કરશો કોઈ શોક—ટેક.
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી—રસિકડાં૦
પ્રેમી અંશને રૂદન આવશે, શઠ હરખાશે મનથી—રસિકડાં૦
મર્મ ન સમજે બકે શંખશઠ. વાંકુ ભણે બહુ પણથી—રસિકડાં૦
એક પીડમાં બીજી ચ્હીડથી, જળશે જીવ અગનથી—રસિકડાં૦
હતો દુઃખિયો થયો સુખિયો, સમજો છુટયો રણથી—રસિકડાં૦
મુઓ હું તહમે પણ વળી મરશો, મુક્ત થશો જગતમથી—રસિકડાં૦
હરિકૃપાથી મમ લેખ ચિત્રથી, જીવનો છઉં હું દમથી—રસિકડાં૦
વીર સત્યને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી—રસિકડાં૦
જુદાઈ દુઃખ તે નથીજ જવાનું, જાયે માત્ર મરણથી—રસિકડાં૦
મરણ પ્રેમીને ખચિત મોટું છે, દુઃખ વધેજ રૂદનથી—રસિકડાં૦

જગતનીમ છે જનમ મરણનો, દૃઢ રહેજો હિંમતથી—રસિકડાં
મ્હને વિસારી રામ સમરજો, સુખી થશો તે લતથી—રસિકડાં

નર્મ કવિતા.

કવિ દલપતરામ.

દેશાટન વિષે. દોહરા. (૨૪)

વિદેશમાં વિચર્યા વિના, પેટ ન પૂર્ણ ભરાય;
પશુઓ પણ પરભાતથી, જંગલ ચરવા જાય.
ઘેર રહે લક્ષ્મી ધણી, હોશે કેમ હમેશ;
રાજા રાજ્ય વધારવા, વિચરે દૂર વિદેશ.
વિદ્યા સદ્‌ગુણ વિનયતા, હોય ચપળતા હામ,
ડરે ન પરદેશે જતાં, દેખે તે નર દામ.
વિદેશમાં વિચર્યા વિના, મળે ન મોટું માન;
સમુદ્રમાં વખણાત શું, શીપ તણાં સંતાન.
સુખે વિદેશે સંચરો, કરો ભલેરાં કામ;
પ્રેમ ધરી વિધિ પાળતાં, નિર્મળ કરવું નામ.
જો ધનની ઇચ્છા ધરો, તો ખરૂં માની ખચિત;
મહાસમુદ્ર મથન કરો, એજ અનાદિ રીત.
પ્રયાણ કરી પરદેશમાં, પરવરી લાંબે પંથ;
કોટિ કળા કૌશલ્યના ગુણીજન લાવો ગ્રંથ.

અરૂણોદય. ઉપજાતિ (૨૪ અ)

ઘણો કરે છે નિધિ ઘૂઘવાટ, ગાજી રહ્યો છે બહુ સર્વ ઘાટ;
જાણે ગયું પુત્રનું રાજપાટ, ક્રોધે કરે ગર્જન એજ માટ.
પંખી મધુરા સ્વર ઉચરે છે, જુદી જુદી જાત અનેક જે છે;
જાણે થશે આજ નવીન રાય; ગાંધર્વ તેના ગુણ તેજ ગાય.
જનો સ્તુતિ ઇશ્વરની કરે છે, માહાત્મ્ય તેહનું મનમાં ધરે છે;
જાણે રવિનું શુભ રાજ્ય જાગે, પ્રભુ સમીપે મુખ એમ માગે.
ઉઠયા જનો અંચળ અલ્પ દીસે, જનમો ન અંગે નહિ પાઘ શીશે;
જાણે થતાં એ નૃપની લડાઈ, લોકો તણી લક્ષ્મી ગઈ લુંટાઈ.
રહે કુભાર્યા પતિ સાથ રૂઠી, પ્રભાતમાંથી લડતી જ ઉઠી;
સુરાજ્ય થાતાં પણ બંડખોર, સુખે ન બેસે દરીને નઠોર.
પતિવ્રતા કામ પવિત્ર જાણી, વદે પતિ આગળ પ્રેમવાણી;
સુરાજ્યનો જોગ રૂડો જડે છે, સુજાણ સંપી સુખ ભોગવે છે.
શેહેરમાં માર્ગ જળે સિંચાય, જેથી પુરીમાં ગરદી ન થાય;

જાણે રવિદૂત તણી સવારી, પધારશે જાણી પુરી સુધારી.
રાતે રહેલા જન ચોકીદાર, ત્હેમાં કરે નાયક ફેરફાર;
જાણે જુના રાયતણા સિપાઈ, વિદાય કીધા નવી ફોજ ધાઈ.
દેવાલયો ને વળી રાજ્યદ્વારે, વાજાં તણા ઘોષ ઉઠે સવારે;
જાણે પ્રજાએ સુણીને વધાઈ, સામા જવાની કરી છે સજાઇ.
મુકયાં ઉઘાડાં પુરદુર્ગદ્વાર, પ્રવાસીઓ પંથ પળે અપાર;
છૂટે જીવોની જઠરાગ્નિ વાસ, હરે ફરે જેમ કરે વિલાપ.
પ્રવાસીઓ જાય અનેક રસ્તે, પ્રવાહની પેર દિશે સમસ્તે;
જાણે રવિથી હિમ પીગળીને, વહી નદીઓ બહુ નીકળીને.
ઉતાવળો કોઇ વહે અગાડી, અગાડી જાનાર રહે પછાડી;
પૃથ્વી શનિ આગળ ચાલી જાય, જો જેમ તે વક્ર થયો જણાય
ઉતાવળો જે જન પંથ ધાય, થાકી રહેને મનમાં મુંઝાય;
ઉતાવળો થાય હરેક કામે, તે જેમ ત્હેમાં નહિ સિદ્ધિ પામે.

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી.

હિન્દુ લગ્નની કૃત્રિમતા. (૨૫)

(પ્રવાસે નીકળેલાં એક પરદેશી પતિપત્ની કોઇ હિંદુબાળાને સતી થતી બચાવે છે. શુદ્ધિમાં આવ્યા પછી પુછયાથી તે બાળા પોતાનો સવિસ્તર હેવાલ આ દયાળુ દંપતીને કહે છે.)

હરિગીત.

મુજ વૃત્તમાં નથી કો નવાઇ, સિવાય પણ હું શું કહું ?
પુછયું તથાપિ ત્હમેજ તો, હું નકાર પણ શી રીતે ભણું ?
મુજ જેવું વૃત્ત ઘણાકનું સુણશો પુછયે આ દેશમાં;
પરદેશી સજ્જન ! હિન્દુઓ ગાળેજ જીવન ક્લેશમાં;
નર જાત સુખી હશે અહીં કદી મહાલતી સ્વચ્છન્દથી
પણ નારીને રોવા વિના નહિ કર્મમાં બીજું કંઈ,
પંડિત પિતા તણી આત્મજા, ભણી કંઇ હું તાત પ્રતાપથી;

મન વિકસિયું, ઉર મ્હોટિયું સદ્‌ગુણ વિષે બહુ ભાવથી.
હું નાનપણથી આશ આથી ઘણી ધરી મન માણતી;
પણ હાય ! હિંદુતણે લલાટ લખ્યા ન લેખો જાણતી.
શૈશવ વિષે કર પીડિયો અજ્ઞાત એક શિશુજને.
ઉદ્વાહનાજ કરારમાં સહી કીધી મુજ મુજ ગુરૂજને.
તાતે કહ્યું " તુજ કાન્ત આ. બહુ ભાવ એ પર રાખજે;
પ્રિયપતિ ગણી એ સાથ ત્હારો જીવ જોડી રાખજે."
હું બોલી " કાન્ત ગણાય છે, ઉર વારિધિના ચંદ્રમા,
મુજ ચિત્તમાં આના પ્રભાવથી વીચિ જાગે કેમ ના,
સન્ધિ થયો નથી, છે નહિ, નક્કી ન કે થાશેજ તે,
અમ ચિત્તનો, તો શીખવો, પ્રિય તાત, ક્યમ મુજ કાન્ત એ ?
તમ પાસ ભણતાં હું ભણી, મન જોડવાં વિધિ હાથમાં;
વિકસેજ પદ્મિની એકલા દિનનાથ કેરા સાથમાં.
સંસાર માંહી પ્રયાણ કાજજ, પાન્થ ચેતન સર્વ છે;
એ એકથી જ ભલાં પ્રવાસ વિષે વળી, કહ્યું એવું છે.
એ મિત્રતાનો હેતુ, પણ રસઐક્ય વિણ નહિ મિત્રતા;
નહિ ગ્રહે ઉરપારો વિગુણ ચિત્તસ્થળી પર સ્થિરતા;
રસઐક્ય વણ મનઐક્ય નહિ, એ સૂત્ર શીખવ્યું તે દાને;
મનઐક્ય વણ નહિ મિત્રતા પ્રભવે, ગુરૂજી કો રીતે.
સ્ત્રી પુરૂષ કેરૂં લગ્ન એવી મિત્રતાનો હેતુ છે;
ઘણીવાર આપની પાસથી મ્હેં, તાત એવું શુણ્યુંજ છે.
અન્યોન્ય કેરી ન્યૂનતા પુરે અનુગુણ દમ્પતી;
વિનિમય કરે નિજ રસ તણો ઉર ઉર આગળ ઉઘડી.
સંસાર સ્વાર્થે અભિન્ન થાતાં ભેદનું કારણ નહિ;
સ્ત્રી પુરૂષની તેથી જ સઉમાં મિત્રતા ઉત્તમ કહી.
એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દંપતી ભાવનું,
રસઐક્યથી ઉત્પન્ન થઈ રસઐક્યને જ વધારતું.
રસઐક્ય તો નહિ હોય ત્યાં ક્યમ મિત્રતાએ સંભવે ?

રસઐક્ય વળી વિધિ વણુ નહિ કદી ઇતર કો સરજી શકે.
હે તાત! તે સૃજવા તણી આજ્ઞા કરી આપે મ્હને;
તો કેમ કરી કરવું અશક્યજ એવું તે શીખવો હવે.
હું કિંકરી છું તમ તણી, કરૂં હોય શક્તિસાધ્ય જે;
શિર વેચી પણ તમ વચન પાળું, શક્તિ એટલી સાધ્ય છે.
વિધિહસ્તગત ઉરતંત્ર પણ કયમ કરી કરૂં ગતિવાળુ હું?
મુજ ઉર તણું પર ઉર સાથ શી રીત લગ્ન કરાવું હું?"

માલિની.

સુણી વચન સઉ આ, તાત દિઙ્મોહ પામ્યા,
ખરખર જળધારા, ત્હેમને નેત્ર ચાલી;
નીચું ઘણુંક નિહાળી, દીર્ઘ નિશ્વાસ મૂકી,
કર દઈ જ લલાટે, બોલિયા દીન વાણી.

"મ્હારો ક્ષમા કરે અપરાધ! પુત્રી? પ્રિય પ્રાણ! ઘણી તું ડાહી!
તુજ ઉર મ્હેં ખોસી—અરે—અજાણ્યે ખરે! કટારજ સાહી.
હું ભુલ્યો વૃદ્ધ થઈ આજ, કીધો ચુકી ઘાવ, હાય તુજપર મ્હેં?
ઓ દુષ્ટ હિન્દુ આચાર! ભુલાવ્યો મુજને.
આ હિન્દુ લોકનો ચાલ સઉએ માર્ગ એક લેવાનો,
જઈ જતાની પાછળ કુવે પડી મરવાનો.
ઘનતિમિર તુલ્ય આચાર થયેલ પુરાણુ તેથી થઈ જાયે;
જન લોચનવન્તા અંધ હાય! જગ માંહે.

મ્હેં દીઠો ન સવળો પન્થ?
હું બની ગયો મતિ મન્દ!
મુજ વૃદ્ધ દરિદ્રનું રત્ન
પરિપોષ્યું કરી બહુ યત્ન.

તે જઇ મેષની પેઠે લોકની પઠે નાંખ્યું દુ:ખદરિયે!
એનું કીધું પરાધીન જીવન જનક-વૈરિયે,
પ્રિય પુત્રી કહે તું સત્ય કર્યુંજ અકૃત્ય કૃત્ય મ્હેં આજે,

ત્હારા જીવન માંહે ઝેર ભેળિયું! સાચે.
ત્હારો જનક થયો તુજ શત્રુ, હાય પણ નમું હવે તુજ ચરણે;
મારૂં થશેજ પ્રાયશ્ચિત્ત હવે તો મરણે,
નહિ હવે નિષ્કૃતિ કાંઇ સુઝતી મુને! રોઇને રહેવું,
ત્હારે જનકે પાયું ઝેર મરણુ સુધી સ્હેવું.
હું જીવી કરૂં શું હવે?
મુખ દેખાડું શું? કહે;
સહું હૃદયશલ્ય શી રીતે!
રોઇ રોઇ મરીશ તું વીત્યે?
હવે જેમ તેમ દિન કહાડ કૃતકપતિ સાથ સ્નેહ કૃત્રિમમાં,
બહુ સમજુ મ્હારી તું બાળ મુકાશ તે આળ દૈવ શિર મનમાં.
પણ સ્વીકાર આ પદપાત! અને અપરાધ ક્ષમા કર મ્હારો!
નહિ જીવે-હવે નહિ જીવે-પિતા કાંઈ ત્હારો!!!"

ઉપજાતિ.

નૃશંસ મ્હારાં વચનો સુણીને,
પિતાજી આવી રીત ભાન પામ્યા;
પંચત્વ પામ્યા પડી પાદ મ્હારે,
પ્રત્યક્ષ તે સર્વ, હજી મ્હને છે.
નિહાળી એ સર્વ, ન ચિત્ત મ્હારૂં;
ફાટયું, ન વા પ્રાણુ વિરામ પામ્યા!
પાષાણુની કીધી મુને વિધિયે;
રોઈ રહી મુખ કરીજ કાળું.
અહો પિતાજી! નવનીત-ચિત્ત!
દૃષ્ટિ કરી સ્વર્ગથી પુત્રી કેરું,
દાક્ષિણ્ય ખોટું નીરખી હશોજ,
નિઃશ્વાસ ઉંડા મુક્તા હજીયે!

સ્નેહમુદ્રા.

નરસિંહરાવ ભોળાનાથ.

વિધવાનો વિલાપ. (૨૬)

(ચોપાઈ.)

ચાંદની દશ દિશ ચળકી રહી, સરિતામાં જાતી એ વહી;
રમે રમત લહરીની સંગ, સુતી રેત્યમાં ઉજ્વળ અંગ.
તટતરૂ નિરખંતાં નિજછાય, સુતી જે સરિતાની માંહ્ય,
ખેતર સઘળા હાસ કરંત, દૂર ઝાડી બહુ ઘોર દીસંત;
ભુતડાં શાં વડવૃક્ષ અનંત, ઉભાં જ્યાં દૃષ્ટિ તણો અંત.
ત્યાં ચાંદની કંઈ નવ ફાવતી, અથડાઈ પાછી આવતી.
ચંડ પવન શું વડજૂથડું, જુદ્ધ કરંતું જ્યારે વડું,
ઘોર ઘુઘાટ કરતું તેહ, સુણી કંપે સરિતાની દેહ,
કંપે તટતરૂ જળમાં પડયાં, કંપે ઉપર તરૂ પાનડાં.
કંપે સઘળી શાન્તિ તહીં, ને કંપે ચંદા જળ મહીં;
તો પણ એ સ્થળ રમ્યજ દીસે, રમવા જોગું સુરયુવતિને.
પણ જો ! પેલાં વડઝુંડથી, ચંદા જેવી ઘનવૃન્દથી;
નીકળી આવે દૈવી દેહ, શકે હશે વનદેવી એહ !
કેમ સભવે માનવરૂપ, ગાત્ર આવું ને કાન્તિ અનુપ ?
પણ, જો ! ધીરાં પગલાં ભરી, આવી સમીપ વળી સુંદરી,
જો ઢકાઈ ગઈ તરૂ વૃન્દ, પાછી નીકળી જો, ગતિ મન્દ;
ને પાછી એ તો નવ દીસે, પાછી ચાલે ખેતર વિષે,
એમ આવી પ્હોંચી એ અહીં, નદી રેત્ય ચળકંતી જહીં;
ને આ ઉભી નદીને તીર; ને બેઠી જ્યાં નિર્મળ નીર.
માંહી નીરખિયું નિજ મુખડું, જેમાં સ્પષ્ટ વસે દુઃખડું;
હશે હશે એ માનવ ખરે, જો નેનથી આંસુડાં ઢળે;
ને ન્હાનકડું આ શું દીસે, બાળકડું કંઇ ખોળા વિષે.
છુટા કેશ અનિલમાં રમે ને આંખડી શી ચોગમ ભમે !
હા ! પણ જો કંઇ મધુર સ્વરે, વિલાપ એ સુન્દરી શો કરે !

ગરબી.

(આસો માસો શરદ પૂનમની રાત્ય જો, એ ઢાળ.)

હા દૈવ ! શું વિપરીત દુઃખડું દીધલું;
કાં ન પડી હું પ્હેલી રે મુખ મોતને ?
જમડા ! ત્હેં મુજ જીવન લુંટી લીધલું;
ઝડપી લીધો નાથ, અનાથ મુકી મ્હને;
મોત ઘડયું શીદ માનવને શિર ઇશ ત્હેં ?
ઘડિયું તો શીદ તરૂણ ઉપર પહેલું પડે ?
ને મોતે હરી લીધાં તે શું કો સમે,
વાતલડી કરવાનો મારગ કહીં જડે ?
ઓ ચંદ્રા તું જાણે સઘળી વાતને;
જે મોતતણા દાસ અમે નવ જાણિયે;
વિનવી કહેજે આટલું મ્હારા નાથને;
" દાસી દીન ઉપર કંઈ રોષ ન આણિયે;
ભુલી ન જશો નિજ દાસીને કંથ જો;
સ્વર્ગ સુખે રહી એકલડા આનંદમાં.
મુજને દાખવજો એ સ્થળનો પંથજો,
બોલાવી દોડી વળગીશ તમ કંઠમાં, "
અનિલ ! ત્હને કાં ગમે રમત મુજ કેશશું ?
નિર્દય જગના જનને એ નવ પાલવે;
તો અળગી હું સહુ થકી કોરે ભમું,
ન પડે રસ મુજને જગમાં કાંઈ હવે;
ઓ ઉંચા ઉંચા, આકાશ ! તું કાં મ્હને;
ઉંચકી લઇને નવ રાખે નિજ અંગમાં ?
છુટું ક્રૂર જગતના જનથી હું અને,
વસું સુખે આ તારલિયાની સંગમાં.
સરિતા ! તુજ હઇડે કેવો આ ચાંદલો,
વસિયા તેવા મ્હારે હઇડે નાથજી,

મ્હેં ન કીધો અપરાધ કદીએ આટલો,
તોય ગયા રીસાઇને મુજને તજી.
તજી વળી આ બાળકડી જો બાપડી;
કાં બાપુડી ! કોણુ ત્હને પીડા કરે.
નાણી દયા તુજ તાતે બેટા આપણી,
વ્હેતાં મુક્યાં આપણુને દુખ સાગરે;
ઓ શીળી ચંદા ! ઓ સરિતા કોમળી,
ઓ આકાશ ઉદાર ! અનિલ સુકુમાર ઓ !
ત્હમે નહીં નિર્દય થાવાનાં કો ઘડી,
મ્હારા ને મુજ બાળકીના આધાર છો.
જો આ અનિલ કુંળો કર તુજપર ફેરવે,
ચંદા ચૂમે તુજને પુરા પ્રેમથી,
હાલેડાં ગાય નદી મુજથી મીઠે રવે,
અહીં જગજન કેરી પીડા તુજને નથી.
આપણુ બે એકલડાં અહીં વાસો વસી;
રહીશું સુખમાં સ્મરણુ કરી તુજ તાતનું.
રમજે નદી લહરી સંગે મીઠું હસી,
થાજે મોટી એમ રહી દિન રાત્ય તું,
ને મુજ લાડકડી જ્યારે મોટી થશે,
જગત બધું ધુમીશ ત્યારે નિજ જાત્ય હું;
કદી મરે નહીં એવો નર પછી જ્યાં હશે,
પરણાવીશ મુજ લાડકીને તે સાથ હું.

કુસુમમાળા.

ઉત્તરા અને અભિમન્યુ. (૨૭)

અનુષ્ટુપ્—" ધાઓ, ધાઓ, અરે નાથ ઉગારો અગ્નિઝાળથી;
લવતી ઝબકી જાગી, નવોઢા આંસુ ઢાળતી.

વસંતતિલકા—" મોંઘી કળી હૃદયની સુકુમાર મ્હારી !
કોણે ત્હને મધુર નિંદર માંહી ડારી !

સુતો સમીપ અભિમન્યુ પતિ પ્રચંડ.
તે ભુલી કોણુ રમતો અહીં મૃત્યુ સંગ ?"
એવું વદી જ રણધીર નવીન નાથ.
દાબે ધીરે ધબકતું ઉર ઉર સાથ;
ખીલી ગુલાબ કળી ઝાકળ બિન્દુ ધારે;
એવા કપોલપર આંસુ ધીરે સમારે;
ને સ્પર્શી ત્યહાં અધરથી મૃદુભાવ ધારી
પુછે ફરી ફરી પ્રિયાવદને નિહાળી—
" શું છે ? મીઠી ! થયું શું ? આવડી કેમ કાંપી ?"
મુગ્ધા ફરી હૃદય સાથ ધીરેથી ચાંપી.

અનુષ્ટુપ્—ઉખેડી ભૂમિથી નેનો, રોપિયાં પતિ નેનમાં,
લસંતાં દીર્ઘ પક્ષ્મોમાં આંસુડાં ગુંથીને નવાં.
કરી કંઠ ઉંચો કાંઈ, અબોલા ક્ષણુ એ રહે;
પછી દીન બની સ્વપ્નાં, તણી વાર્તા બધી કહે—

ઉધોર—" આજે નાથ ! બન્યું વિપરીત, તહમને તે કહું શી રીત્ય?
જાણે પુરૂષવેષ જ ધારી, મ્હેં અશ્વે કરીછ સવારી;
ધારી ધનુષ બાણુ હું ચાલી, મૃગયા કાજ વનપથ ઝાલી,
સુંદર એક ત્યાં સહકાર, તે પર બેઠું છે સુકુમાર;
જુગલ કપોતકેરૂં મીઠું, કરતું પ્રેમકેલિ દીઠું;
મૂર્ખી હું ખરે બની કાંઇ, બીજું કાંઈ સુઝયું નાંહિ;
ને શર ફેંકી નર તરૂડાળ, પરથી પાડિયો તત્કાળ;
સહસા ત્યાંહી અગ્નિ કરાળ, ઉપની કપોતી કેરે ભાળ;
આવ્યો મુજકને ભરી ફાળ, કુદતો એહ અગ્નિ કરાળ;
જીવ્હા તીવ્ર નચવી અનેક; મુજને વીંટી વળિયો છેક,
છોડી સર્વ બીજાં અંગ, અંબોડો ધર્યો નિશંક;
છળીને એકદમ પછી જાગી, કરવા રૂદન હુંતો લાગી."

સોરઠો—એમ વદીને નાર સહસા આંસુ રેડતી;—
" સ્વપ્નાનો શો સાર, હશે કારમો નાથ ઓ ?

અભાગણી હું મોઈ! ઉંધી મતિ શાણે સુઝી ?
બીજું જડયું નહીં કોઇ ! કપોત પ્રેમી શેં હણ્યો ? "

વસંતતિલકા—"શાને મીઠી તું ગભરાય અરે અતિશે !
આ સ્વપ્નમાંહી નવ વાસ્તવ કાંઈ દીસે—
જો ! પેલી વાગી રણુ દુંદુભિ રમ્યઘોર—
રે ! અશ્વ ! અશ્વ !–સખિ કંઠ હવે તું છોડય "

ઉધોર—" વ્હાલા ! ન્હોય દુંદુભિનાદ;
એ તો મેઘ ગાજ્યો આજ;
બંધન કંઠનું કેમ છોડું ?
મુજને ભય નથી કંઈ થોડું;
પેલી અગ્નિ કેરી ઝાળ;
આવે ઓ ! જુઓ, શી કરાળ !"

શિખરિણી—"અરે ઘેલી ! એ શું, બકતી !
બધી એ સ્વપ્ન ભ્રમણા—

દ્રુતવિલંબિત—તુરગ જો ! મુજ કાંઈ ખુંખારતો.
'રણુ ચઢો' કંઈ એમ, પુકારતો;
નહિ વિલંબ હવે કરવો પ્રિયે !
કદી જ ધર્મ તજ્યો નથી ક્ષત્રિયે."

ઉધોર—"ક્ષત્રીય ધર્મ જો પ્રિય થાય,
તો તો કરી કોટી ઉપાય;
સર્વે સંકટોથી નિત્ય,
અબળા રક્ષવી એ રીત્ય;
પેલી તીવ્ર અગ્નિજ્વાળ,
મુજ પુંઠળ ફરે ચિરકાળ,
ત્હેનાથી બચાવો નાથ !
અબળાનો તજો નવ હાથ."

વસંતતિલકા—"છે એક જો સબળ નિર્બળનો જ પાતા;
વ્હાલી ! હવે સ્થિર થઈ ધર ચિત્ત શાતા,
જો દેખું આ અસિ પ્હણે ચમકે અનંત,
ને ચિત્ત આ ચમકીને બન્યું વેગવંત."

દ્રુતવિલંબિત—અધર વેગથકી અધરે અડી,
નૃપકુમાર પ્રિયા અળગી કરી;
ત્વરિત અશ્વ પલાણી પળ્યો રણે,
તુરગનાં પગલાં યુવતિ સુણે.

અનુષ્ટુપ્—દૃષ્ટિપાર થયો કાન્ત, પદઘોષ ગયો ડુબી,
ભુલી ત્રિકાળને મુગ્ધા, અનિમેષ રહી ઉભી.

હૃદયવીણા.

મધ્યરાત્રિયે કોયલ. (૨૮)

વિષમ હરિગીત.

શાન્ત આ રજની મહી મધુરો કહીં રવ આ–ટુહૃ,
પડિયો ઝીણો શ્રવણે અહીં ? શું હું સ્વપ્નમાં સુખ આ લહું ?
મન્દ વાઇ સમીર આ દિશ જો વહે રવ એ ફરી,
નહિ સ્વપ્ન, એ તો ગાન પેલી [ગાય] કોયલ માધુરી.
મધ્યરાત્રિ સમે ત્હને અલી કોકિલા ! શું આ ગમ્યું ?
હાં, મેહુલો વરસી રહ્યો તેણેથી તુજ મનડું ભમ્યું;
દુઃખ નવ સ્વપ્ને દીઠું ને સુખ મહીં તું રેલતી,
આ રમ્ય રાત્રિ મહીં અધિક આનંદ ગાને ખેલતી.
નીતરી રહી ધોળી વાદળી, વ્યોમમાં પથરાઈ આ,
ને ચાંદની ઝીણી ફીકી વરસી રહી શી સહુ દિશા ?
ગાન મીઠું, અમીસમું તેણે ભર્યું તુજ કંઠમાં,
આ શાન્તિ અધિક વધારતું તે જાય ઉભરી રંગમાં.
નગર બધું આ શાન્ત સુતું, ચાંદની પણ અહીં સુતી,
ને વાદળીઓ ચપળ તે પણ આ સમે નવ જાગતી;

અનિલ ધીરે ભરી પગલાં પળે શાન્તિ રાખે સહુ,—
ત્યાં ઉછળતી આનંદ રેલે કોકિલા બોલે—ટૂહૂ!
સૃષ્ટિ સઘળી શાન્ત રાખી મુજને જ જગાડતો,
ટહુકો મીઠો તુજ પવન લહરી સંગ જે બહુ લાડનો;
ગાન તુજ સીંચે હૃદયમાં મોહની કંઈ અવનવી,
ભુલી, ભાન, તજી મુજ રમ્ય શય્યા, હઇડું દોડે તવભણી.
દોડી ખેલે મધુર તુજ ટહુકાની સંગે રંગમાં,
આનંદ સિંધુ તરંગમા નાચંતું એ ઉછરંગમાં,
હા! વિરમી પણ ગયો ટહુકો લલચાવે બહુ,—
ફરી એક વેળા, એક વેળા, બોલ્ય, મીઠી! ટુહૂ ટુહૂ!

કુસુમમાળા.

એક આગીઆને. (૨૯)

હરિગીત.

તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી,
બ્રહ્માંડને પોષી રહી તે દૃષ્ટિ અહીંએ છે નકી;
તુજ ઉદરપોષણમાં ત્હને તુજ રૂપ ઉપયોગી થતું,
તુજ નેત્ર આગળ દીવડો કૈં શ્રમ વિના દેખાડતું,
વળી કોઈ કન્યા પાતળી તુજ તેજ ઉપર મોહતી,
જે ભાલને ચોંડી ત્હને ત્યાં હર્ષથી ચળકાવતી;
વળી કોઈ વિસ્મિત સ્મિત ભરી તુજ તેજ માત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ રજ રખે જાતી ખરી.
અદૃશ્ય ના ધનથી અને ના ધૂમસે મેલું થતું,
તુજ તેજ તે મુજ ઉપવને હું નિત્ય જોવા જાઉં છું;
મમ પ્યારીનાં ફુલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઉંઘતાં,
તું જાગતો રાત્રિ બધી ત્યારે રમે છે બાગમાં,
તું જાગજે, તું ખેલજે, ને પત્ર પત્રે મ્હાલજે.
ચળકાટ ત્હારો એજ પણ તુજ ખુનની તલવાર છે;
તું કેમ એ માની શકે આધાર ત્હારો એજ છે;

એ જાળ તું જાણે નહીં હું જાણું ને રોઉં અરે.
રે ! પક્ષી કોની દૃષ્ટિએ તું એજ ચળકાટે પડે'
સંતાઈ જાતાં ન્હાસતાં એ કાર્ય વૈરીનું કરે;
ધુતિ જે ત્હને જીવાડતી, ધુતિ તે ત્હને સંહારતી,
જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી,
આ પ્રેમ સંસારી તણો, તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિન્દુ ભર્યાં વિધિયે નથી ?
અમ એજ જીવિત, એજ મૃત્યુ, એજ અશ્રુ ને અમી;
જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી ?

શિકારીને. (૩૦)

અનુષ્ટુપ્

રહેવા દે ! રહેવા દે ! આ સંહાર યુવાન તું,
ઘટે ના ક્રૂરતા આવી, વિશ્વ આશ્રમ સન્તનું;
પંખીડાં, ફુલડાં રૂડાં, લતા આ ઝરણાં તરુ,
ઘટે ના ક્રૂર દૃષ્ટિ ત્યાં, વિશ્વ સૌન્દર્ય કુમળું.
તીરથી મારવા પક્ષી, વ્યર્થ આ ક્રૂરતા મથે,
તીરથી પક્ષી તો ના ના, કિન્તુ સ્થૂળ મળી શકે.
પક્ષીને પામવાને તો, છાનું તું સુણ ગીતને,
પક્ષી ત્હેના પ્રભુ સાથે, હૈયામાં મળશે ત્હને.
સૌન્દર્યો વેડરી દેતાં, ના ના સુંદરતા મળે,
સૌન્દર્યો પામતાં પ્હેલાં, સૌન્દર્ય બનવું પડે,
સૌન્દર્યે ખેલવું, એ તો, પ્રભુનો ઉપયોગ છે.
પોષવું, પૂજવું એને એ એનો ઉપભોગ છે.
રહેવા દે ! રહેવા દે ! આ સંહાર યુવાન તું;
બધે છે આર્દ્રતા છાઈ, ત્હેમાં કૈં ભળવું ભલું.

અરદેશર ફરામજી ખબરદાર

ગુણવંતી ગુજરાત. (૩૧)

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત!
નમિયે નમિયે માત! અમારી ગુણવંતી ગુજરાત! (ધ્રુવ)
મોંઘેરા તુજ મણિમંડપમાં આ ઝુકી રહ્યાં અમશીશ;
માત મીઠી! તુજ ચરણુ પડીને માગીએ શુભ આશિષ।—
અમારી ગુણવંતી ગુજરાત!
મીઠી મનોહર વાડી આ ત્હારી નંદનવનશી અમોલ;
રસફુલડાં વીણુતાં વીણુતાં ત્યાં કરીએ નિત્ય કલોલ!—
અમારી ગુણવંતી ગુજરાત
સંત મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત!
જય જય કરવા ત્હારી જગતમાં અર્પણુ કરિયે જાત!—
અમારી ગુણવંતી ગુજરાત!
ઉંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવન માંય;
દેશ વિદેશ અહોનિશ અંતર એકજ ત્હારી છાંય!–
અમારી ગુણવંતી ગુજરાત!
સરસરિતા રસભર અમી ઝરણાં, રત્નાકર ભરપૂર;
પુણ્યભૂમિ ફળ ફુલ ઝઝૂમી, માત! રમે અમ ઉર!–
અમારી ગુણવંતી ગુજરાત!
હિન્દુ મુસલમીન, પારસી સર્વે, માત! અમે તુજ બાળ;
અંગ ઉમંગ ભરી નવરંગે કરિયે સેવા સહુ કાળ!–
અમારી ગુણવંતી ગુજરાત!
ઉર પ્રભાતસમાં અજવાળાં, ટાળી દે અંધાર!
એક સ્વરે સહુ ગગન ગજવનો, કરિયે જયજયકાર!–
અમારી ગુણવંતી ગુજરાત!
નમિયે નમિયે માત! અમારી ગુણવંતી ગુજરાત!

મણિશંકર રત્નજી ભટ (કાન્ત)

મહેમાનોને.—(૩૨)

મહેમાનો ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !
તમચ્ચરણે અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપ જે.
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો;
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે;
ઉતર્યાં રંકઘરે, શો પુણ્ય પ્રભાવ જો
શુશ્રૂષા સારી ના અમને આવડી;
લેશ ન લીધો લલિત ઉરેનો લ્હાવ જો;
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !

ન્હાનાલાલ દલપતરામ કવિ

વીરની વીદાય. (૩૩)

મ્હારા કેસરભીના કન્થ હો !
સિધાવો જી રણવાટ,
આભ ધ્રુજે ધરણી ધમધમે, રાજ !
ઘેરા ઘોરે શંખનાદ;
દુંદુભિ બોલે મહારાજનાં, હો !
સામન્તના વીરવાદ;
મ્હારા કેસરભીના કંથ હો !
આંગણ રણધ્વજ રોપીઓ હો !
કુંજર ડોલે દ્વાર;
બંદીજનોની બિરદાવલી હો !
ગાજે ગઢ મોઝાર;

મ્હારા કેસરભીના કન્થ હો !
પુર પડે, દેશ ડુલતા હો !
ડગમગતી મ્હોલાત;
કીર્તિ કેરી કારમી, રાજ !
એક અખંડિત ભાત;
મ્હારા કેસરભીના કન્થ હો !
નાથ ! ચઢો રણઘોડલે રે,
હું ઘેર રહી ગુંથીશ;
બખ્તર વજ્રની સાંકળી હો !
ભર રણમાં પાઠવીશ,
મ્હારા કેસરભીના કન્થ હો !
સંગ લેશો તો સાજ સજું હો !
માથે ધરૂં રણમ્હોડ;
ખડ્ગને માંડવ ખેલવા,
મ્હારે રણલીલાના કોડ,
મ્હારા કેસરભીના કન્થ હો !
આવતાં ઝાલીશ બાણને હો !
ઢાલે વાળીશ ઘાવ;
ઢાલ ફુટે મ્હારા ઉરમાં રાજ,
ઝીલીશ દુશ્મન દાવ;
મ્હારા કેસરભીના કન્થ હો !
એક વાટ રણવાસનીરે,
બીજી સિંહાસન વાટ;
ત્રીજી વાત શોણિતની સરિતે,
હો ! શૂરના સ્નાનનો ઘાટ;
મ્હારા કેસરભીના કંથ હો !
જયકલગીએ વળજો, પ્રીતમ !
ભીંજશું ફાગે ચીર;

નહિ તો વીરને આશ્રમ મળશું,
હો ! સુરગંગાને તીર;
મ્હારા ! કેસરભીના કન્થ હો !
રાજમુગટ ! રણરાજવી હો !
રણઘેલા ! રણધીર !
અધીરો ઘોડીલો થનગને, નાથ !
વાધો રણે, મહાવીર !
મ્હારા કેસરભીના કન્થ હો !

જ. મ. બુચ (લલિત)

અનેરી આશા. (૩૪)

૧

સ્મિતભરી સહચરી નિરંતર કાર્ય ધુરંધર બનશે;
અંતરનાં કૈં હેત અનેરાં ઉર છલોછલ ભરશે,
ત્યારે અમી ઝમશે, શાંતિમાં દુઃખડાં શમશે;

૨

સજાત જોડાં જાતભોગથી પરહિતમાં પરવરશે.
અડગ ધૈર્યને શૌર્યભર્યાં સંતાન હિંદમાં સરશે;
ત્યારે દેવો અવતરશે, વિરલા નરવીર તરવરશે.

૩

પોતાના પ્રિય દેશીજનના દુઃખ પરસ્પર ધરશે.
જન્મભૂમિનાં ભોળાં ભાંડુ ભેળાં હળશે મળશે;
ત્યારે પ્રભુતા સંચરશે, સ્વર્ગસમ સુન્દર હિન્દ થશે.

૪

હિન્દજનો અર્ણવ ઘૂઘવશે ને બ્રહ્માંડ નચવશે,
ડગમગતા ડુંગર ડોલવશે, રંગરાગ રેલવશે,
એવું ઐક્ય થશે, એવી લલિત લીલા ખીલશે.

દા. ખુ. બોટાદકર.

પ્રેમ અને સત્કાર. (ગઝલ) (૩૫)

લખ્યું ત્હેં પત્રમાં પ્યારા "નથી સત્કાર મ્હેં કીધો,
ખબર વિવેકની મુજને, નથી તો તું ક્ષમા કરજે."
અહો ! સત્સ્નેહને અંગે સુહૃદ ! એ બોલવું છાજે !
ચહે જો પ્રેમ આદરને નહીં એ પ્રેમ પ્રેમીનો.
અખંડિત પ્રેમને બંધુ ! જરૂર શું હોય આદરની,
"પધારો, આવજો, બેસો" વૃથા એ વાદ શા શારૂ;
હૃદય સત્કાર જ્યાં થાતો ઉભય ઉરમાં વિના માગ્યો,
નયન સત્કાર નવ ઇચ્છે, વદન સત્કાર શાને તો ?
વિનય રસના તણો એવો બતાવે પ્રેમમાં ખામી,
પ્રપંચી કાજ રહેવા દો, ન ઇચ્છે પ્રેમનાં પાત્રો.
હશે દિલ પ્રેમનાં ભરિયાં, રહે જુદાં છતે સંગે,
વિનય સત્કારને એમાં નથી અવકાશ મળવાનો.
પધારો એમ કહેવાથી પધારે તે પધાર્યા ના,
નિમંત્રણ પ્રેમીને શેનાં ? અનાદર પ્રેમીને શાનો ?
મળ્યાં છે ચિત્ત વિણ યત્ને, શરીરો જોડવાં છે ક્યાં ?
કરે કર આપવો શાનો મને મન જ્યાં મળેલાં છે.
સુહૃદનું આગમન થાતાં ઉઠે સત્કાર કરવાને,
અરે એતો જનો જુઠા ખરેખર બાહ્ય પ્રેમી તે.
ભલે એ થીંગડાં દેવાં, હજો અતિ ઇષ્ટ શિષ્ટોને,
સ્પૃહા સત્પ્રેમના ભોગી જનો ત્હેની ક્યમ રાખે ?
વિનયની પૂરણી માગે, અધુરી તેટલી પ્રીતિ,
પ્રતીતિ પ્રેમની કરવા નથી અધિકાર આદરને.

નરસિંહ મહેતા (ઇ. સ. ૧૪૧૫થી ૧૪૮૧)

ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતા જુનાગઢના નાગર બ્રાહ્મણ હતા. બાળપણથીજ એમને ઇશ્વરભક્તિનો રસ લાગેલો. એટલે સાધુસંતમાં ફરે અને ધંધોરોજગાર કરે નહિ. ભાભીએ મ્હેણું માર્યું અને એમણે ઘર તજી જંગલમાં જઈ શિવની આરાધના કરી. શિવે એમને રાસલીલા દેખાડી. ત્યારથી કવિ કૃષ્ણભક્ત થયા.

દંતકથા પ્રમાણે કવિને કૃષ્ણનો સાક્ષાત્કાર થયો હતો. જ્યારે જ્યારે કવિ આપત્તિમાં આવી પડતા ત્યારે શ્રીકૃષ્ણ મનુષ્ય રૂપે આવી એમને આપદ્‌મુક્ત કરતા. મહેતાના પુત્ર શામળશાહના વિવાહમાં, મહેતાની પુત્રી કુંવરબાઈની સીમંતની પહેરામણી આપતી વખતે શ્રીકૃષ્ણે મનુષ્ય રૂપે આવી મદદ કરી કહેવાય છે. મહેતાએ લખી આપેલી હુંડી પ્રભુએ મનુષ્યરૂપ ધારી સ્વીકાર્યાનાં પદ્યમય વર્ણનો થએલાં છે. જુનાગઢના રા'મંડલિકે ભક્ત ઢોંગી છે એમ કહી મહેતાને કેદ કર્યા, અને કહ્યું કે જો મહેતા સાચા ભક્ત હશે તો પ્રભુ જાતે આવી એમને હાર પહેરાવશે. મહેતાએ હારમાળાનાં પદો ગાયાં અને કૃષ્ણે જાતે આવી એમને હાર પહેરાવ્યો.

કવિના મુખ્ય કાવ્યોમાં હારમાળા, ચાતુરી છત્રીસી, દાણલીલા, ગોવિંદગમન સુરત સંગ્રામ અને બીજાં અનેક પદોની ગણતરી થાય છે.

કવિના કાવ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય, ભક્તિનાં, શ્રૃંગારના અને જ્ઞાનના પદો આ પદોની ભાષા તેમજ શૈલીમાં પંડિતાઈ કે પ્રાચીનતા નથી. વળી એમનાં જ્ઞાનનાં પદો અખાના જેવા સમજવાં કપરાં અને નીરસ નથી. પણ નરસિંહ જુની ગુજરાતીના કવિ છે. અને એમનાં પદોની લોકપ્રિયતાને લીધે જેમ કાળક્રમે ભાષામાં ફેરફાર થયા તેમ સાથે સાથે કંઠસ્થ થઈ ગએલાં એમનાં પદોમાં પણ ફેરફાર થયા છે. મહેતા પંદરમા સૈકામાં થયા. નીચે સોળમા સૈકાની ગુજરાતી ભાષાનો નમુનો આપેલો છે,

આગઈ રુદ્ર ! ઘણુઈ કોપાનલિ દૈત્ય સવે તિહા બાલા,
તિંઈ પ્રથવીમાંહિ પુણ્ય વરતાવીઉં, દેવલોક ભય ટાલા.

તિં બાલિઉ કામ, ત્રિપુર વિધ્વંસિઉ, પવન વેગી જિમ તૂલ,
પદ્મનાભ પૂછે સોમૈયા, કેથઉં કરુ ત્રિસૂલ ?

(કાનડદેપ્રબંધ).

વળી નરસિંહને નામે બીજા અનેક કવિઓએ પોતાના પદો સાહિત્યમાં દાખલ કરી દીધાં છે, તેથી મહેતાની ગુજરાતી ભાષા આજની ગુજરાતી ભાષા જેવી લાગે છે.

પદ ૧.

રાત રહે જ્યાહરે.

સાધુપુરુષ–સજ્જન; ચારિત્ર્યવાન પુરુષ. **ખટઘડી**–છ ઘડી. **એકતું...કહેવું**–સર્વત્ર તુંજ એકલો વ્યાપી રહેલો છે, અખિલ જગત તારાથીજ ભરેલું છે એમ વિચારવું. **જોગીઆ**–અષ્ટાંગ યોગ સાધનાર, ધ્યાન, ધારણા, સમાધિ વગેરે. **ભોગીઆ**–વિલાસી જીવો, મોજીલાઓ. **કર્મનો મર્મ લેવો વિચારી**–કરે તેવું પામે અને વાવે તેવું લણે એ કહેવત સમજવી. ભૂતકાળમાં કરેલાં કર્મોના ફળ હાલ આપણે ભોગવીએ છીએ, અને હાલ જે કર્મ કરીએ છીએ તેનું અનુસરતું આપણું ભવિષ્ય ઘડાય છે એ બરોબર સમજી લેવું. **આપણે...નર ને નારી**–આપણે આપણી ફરજ સમજીએ અને બરાબર અદા કરીએ, કર્મનું રહસ્ય સમજી આપણા ભાગ્યવિધાતા આપણે પોતેજ છીએ એમ સમજી પ્રભુને પ્રેમથી સર્વત્ર વ્યાપી રહેલો જોઈએ તો આપણે જીવનમુક્ત થઈ જઈએ.

પદ ૨.

આ પદમાં મહેતાને બ્રહ્મસાક્ષાત્કાર થયાનું વર્ણન છે. ભક્ત કવિ આ પદમાં, જડ અને ચેતન વસ્તુઓમાં, પંચભૂતોમાં–આકાશ, તેજ, વાયુ, પૃથ્વી, જળમાં–એકજ અમરતત્ત્વ વિસ્તરી રહેલું જુએ છે.

અખિલ બ્રહ્માંડમાં, આખા બ્રહ્મના ઇંડામાં, સમગ્ર વિશ્વમાં. **જુજવે...ભાસે,** વસ્તુ એકજ છે પણ ઘાટ જુદા છે, તેથી અનંતરૂપે દેખાય છે. **શૂન્યમાં...વાસે, શૂન્ય**–ખાલી જગા, આકાશ. શબ્દ આકાશનો ગુણ છે. વેદમાં–શ્રુતિમાં–શબ્દ બ્રહ્મરૂપે એજ પ્રભુ વસેલો છે.* **ભૂધરા,** હે ભૂધર, પૃથ્વીને ધારણ કરનાર. **વિવિધ...આરી,** ત્યારે એવા

એક અને અમર તત્ત્વે–પ્રભુએ જુદાં જુદાં રૂપ કેમ લીધાં? કવિ જવાબ આપે છે. કલ્યાણમય (શિવ) પ્રભુને જુદા જુદા રસ ભોગવવાની ઈચ્છા થઈ અને તેથી જીવરૂપે અનેક ચેતન વસ્તુઓમાં એ દેખાયો. **શ્રુતિ**, ચાર વેદ, આરણ્યક, બ્રાહ્મણ ગ્રંથો તથા ઉપનિષદ્. **સ્મૃતિ**, સ્મરણમાં રાખેલા, ધર્મગ્રંથો, કાયદાના ગ્રંથો, મનુસ્મૃતિ, પરાશરસ્મૃતિ. **કનક**, સોનું. **કુંડળ**, કાનનું ઘરેણું. સોનું અને સોનાનું કુંડળ એ કાંઈ જુદી વસ્તુઓ છે? **ઘાટ...હેમ હોયે**, સોની સોનાના જુદા જુદા ઘાટ ઘડે છે ત્યારે કંઠી, કલ્લી, કુંડળ, કડાં એમ જુદા જુદા અલંકાર બને છે પણ એ બધાંનાં નામજ જુદાં છે ને ખરૂં જોતાં તો આ બધા એકજ સુવર્ણમાંથી બનેલાં છે તેમજ આ દુનિયાની બધી વસ્તુઓનાં નામ માત્રજ જુદાં છે, પણ બધીએ વસ્તુઓમાં પરમાત્માનો અંશ રહેલો છે. **પટંતરો**. (**सं. पटांतर**) આંતરો, પડદો, માયાનો પડદો.

પદ (૩)

कुरुते गङ्गासागरगमनं व्रतपरिपालनमथवा दानं ज्ञानविहीने । सर्वमनेन मुक्तिर्नभवति जन्मशतेन । એ શંકરાચાર્યના મધુર શ્લોકનો આ પદમાં પડઘો પડે છે. કર્મકાંડથી, વ્રતનિયમથી બાહ્યશુદ્ધિ થાય પણ આંતરશુદ્ધિને માટે તો જ્ઞાનનીજ જરૂર છે એમ કવિ આ પદમાં દર્શાવે છે.

આત્મા તત્વ, આત્મા એ બ્રહ્મ છે એમ. **ચિન્યો**, (**सं. चिंतित**) જાણ્યો. **સાધના**, જપ, તપ, હોમ વગેરે. **એળે**, (**सं. अलम्**) નકામો વ્યર્થ. **માવઠું**, (**सं. माघवृष्टि**) માહ મહિનામાં આવતો વરસાદ. ખેતીને નિરુપયોગી. **વુઠી**, (**सं वृष्ट**) વરસી **વૃષ્ટિ વુઠી**, વરસાદ વરસ્યો. **લાલલોચન**, જોગીઓ સિંદુર વગેરે ચોપડી આંખ લાલ કરે છે. **તપ**, (**सं. तप्**) દુઃખ સહેવું, મનની ઈચ્છા પુરી પડે માટે. **તીર્થ**, પવિત્ર સ્થળ. **વેદ વ્યાકરણ વાણી વદે**, વેદ બોલવાથી અને વ્યાકરણ પ્રમાણે શુદ્ધ વાણી બોલવાથી. **રાગરંગ**, ગાનતાન. **ખટદર્શન**, (૧) વૈષ્ણવ

---

*આકાશમાં એજ ઈશ્વર શબ્દ–બ્રહ્મરૂપે નક્કી રહેલો તે. વેદ=નક્કી, ચોક્કસ રીતે. 'એ તો વેદવાક્ય.' (જુઓ પાનું ૪૮.)

મંદિરની છ ઝાંખી, ઉપસ્થાપન, મંગળા, શણગાર, રાજભોગ, આરતિ, શયન. (૨) છ દર્શનશાસ્ત્રો, તત્ત્વજ્ઞાનના માર્ગો, ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાંત. **પરપંચ, (सं. प्रपंच)** ઢોંગ, કપટ. **રત્નચિન્તામણિ**, સર્વ મણિઓમાં પારસમણિ–હલકી ધાતુને અડકાડતાં સુવર્ણ બનાવી દે એવો મણિ–ઉત્તમ છે તેમ સર્વ જન્મમાં મનુષ્યજન્મ ઉત્તમ છે, કારણ તે મોક્ષ અપાવે એવો છે.

પદ (૪)

વૈષ્ણવ જન તો ત્હેને કહીએ.

આ પદ વિષે એક જાણવા જેવી બાબત છે. જુની ગુજરાતીના અભ્યાસી સ્વર્ગસ્થ મણિલાલ વ્યાસે પોતાના 'વિમળપ્રબંધ'ની પ્રસ્તાવનામાં પોતાની પાસેની જુની પ્રત પ્રમાણે આ પદ નરસિંહ મહેતાનું નહિ પણ કોઈ વાછા નામના કવિનું ઠરાવ્યું છે. એમની પ્રતમાં આ પદ હજુ આગળ લંબાય છે અને એ છેલ્લી લીટી નીચે પ્રમાણે છે.

હું બાલક અગનાન મતી છઉં, કેમ કરી કહાતું સાચોરે,
ભગત વછલ પરભુ બદ તમારૂ, કર જોડી કેહે વાછોરે.

વૈષ્ણવ, (सं. विष्णु+अ) વિષ્ણુનો–વૈષ્ણવસંપ્રદાયનો. **વંદે**, નમન કરે. **કેનીરે**–કોઇનીએ. **વાચ**, વાણી. **કાછ**, કાછડી, બ્રહ્મચર્ય પાળે, પવિત્ર જીવન ગાળે. **જનની**, માતા, મન વચન અને કર્મથી પવિત્ર રહે તેની માતાને ધન્ય છે. **સમદૃષ્ટિ**, બધા પર સરખો પ્રેમ. જેને કોઈ મિત્ર કે દુશ્મન નથી એવો. **જિહ્વા**; જીભ. **રામ...તાળીરે લાગી**, જેને રામ નામની લગની લાગી છે. જે પરમેશ્વર પાછળ ગાંડો થઈ ગયો છે. **સકળ તીરથ...તનમાંરે**–એને યાત્રા કરવા જવાની જરૂર નથી એ જાતેજ તીર્થરૂપ છે, કારણ એવા પરમ વૈષ્ણવનું દર્શન થતાંજ દર્શન કરનારની ઇકોતેર પેઢીને મોક્ષ મળે છે.

નાગદમન. (૫)

આમાં શરૂઆતમાં નાગણી અને કૃષ્ણ વચ્ચે મધુર સંવાદ થાય છે. એમાં નાગણીઓના સ્ત્રીઉચિત ભાવ, કૃષ્ણના કરડાકી ભર્યા જવાબ સુંદર રીતે વર્ણવાયા છે, કૃષ્ણ કાળિનાગને વશ કરવા આવ્યા છે. નાગણી કમળ

તોડવા આ કોઈ છોકરો આવ્યો છે એમ સમજી કહે છે. ઓ રૂપાળા બાળક, અહીંઆ પાણીમાં ઉગતાં કમળ તોડવાં રહેવાં દે અને અહીંથી ચાલ્યો જા. **મથુરાં...હારીયો**, કૃષ્ણ હું નાગને મારવા આવ્યો છું એમ સુચવે છે **કોડીલો ને કોડામણો**, શોખીન ને ઉમંગી, કોડભર્યો. **દોરીઓ**, સોનાનો દોરો.

મીરાંબાઈ.

ગુજરાતની આ આદિ સ્ત્રી કવિનું દંતકથા પ્રમાણનું જીવનચરિત્ર આપણા સંગ્રહમાં કવિ દયારામે બહુજ સુંદર રીતે વર્ણવ્યું છે. મીરાંનો કાળનિર્ણય ચોક્કસ થઇ શક્યો નથી. પણ ઇ. સ. ૧૪૦૩થી ૧૪૭૦ સુધીનો સામાન્ય રીતે મનાય છે.

મીરાંબાઈ ગુજરાતમાં જન્મેલાં નહોતાં. દ્વારકાં આવ્યા પછી એ ગુજરાતી શીખ્યાં હશે. છતાંએ મીરાંનાં પદોની ગુજરાતીભાષા જાણે આજે બોલાતી ગુજરાતી ભાષા જેવી લાગે છે. નરસિંહ મહેતાનાં પદોની માફક અતિશય લોકપ્રિય થઈ પડેલાં મીરાંનાં પદો પણ હાલની ગુજરાતી ભાષામાં ફેરવાઇ ગયાં છે.

ફારસી કવિઓના સુફીવાદમાં પ્રભુને એક પરમ લાવણ્યવતી લલના કલ્પીને આરાધ્યો છે. નરસિંહ, મીરાં, અને દયારામે પ્રભુને પરમ રૂપાળા ધીરલલિત પુરૂષરૂપે કલ્પીને આરાધ્યો છે. એ પુરુષને દેહ અને આત્મા અર્પણ કરવાની ધગશ તે પ્રેમલક્ષણા ભક્તિરૂપે વ્યક્ત થાય છે. મીરાંને પ્રભુપ્રેમની કટારી વાગી છે અને તેથીજ એણે ગાયું છેઃ—

પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની,

* * * *

મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, શામળી સુરત શુભ એમનીરે.

આમ મીરાંનો કૃષ્ણ તે આ દુનિયાનો કૃષ્ણ નથી, પણ એક ઇશ્વિર છે. અને એની ગરબી અને પદોમાં, એના ઉછાળા મારતા ભક્તહૃદયની ઊર્મિઓ માલમ પડે છે. અને એનાં પદ એટલાં સરળ, ભાવભીનાં અને લોકપ્રિય છે કે નિરક્ષર ડોસીઓને અને સારંગી વગાડી પેટભરનાર ભિખારીઓને પણ તે કંઠસ્થ છે.

૫૬ (૬)
ગોવિંદો પ્રાણ અમારોરે.

ગોવિંદો...આવેરે, પ્રભુ જેને શ્વાસ પ્રાણરૂપ હોય તેને દુનિયાદારીના પ્રપંચ શેના ગમે! **સંતન**, સંત, પ્રભુપરાયણ નિર્દોષ મનુષ્યો, વ્હાલસોયા ભક્તો. **સાંઢ**, ઊંટ મેવાડમાં મુસાફરી ઊંટ ઉપરજ થાય કેની! **રાણાજીના...દોષ**, મીરાંને મરણનો ભય નથી, પણ પાપીઓનો સહવાસ એના સંતહૃદયને સંતાપે છે. **જેનું...કાંય**, મીરાંએ સંસારી સંબંધ છોડયો છે. આ દુનિયાના કૃત્રિમ પ્રેમ એને શી રીતે આકર્ષે! એણે તો આ દુનિયાના સંબંધ તોડી નવા સંબંધ બાંધ્યા છે. પ્રેમ અને સંતોષ એના વડીલ સસરાને સ્થાને છે. યોગ સાધતી વખતે ઉપયોગી સુષુમ્ણા નાડી એની સાસુની ગરજ સારે છે. જગજીવન એની જેઠની માફક સંભાળ લે છે, અને એણે ગીરધરલાલને તો વર્યા છે, પછી એને દુનિયાની શી પરવા! **ચુંદડી...કોય**, સંસારમાં પડું તો કાચા રંગની ચુંદડીની પેઠે મારા અનેક રંગ બદલાય. વિકારવશ થઈ હું પ્રપંચી બનું. પણ મેં તો વૈરાગરૂપી કાળો કામળો ઓઢયો છે કે જેને કોઈ રંગજ ન લાગે, આમ હું સંસારથી નિર્લેપ રહી શકું છું. **નાવલીઓ**, લાડકો પતિ. **દુજો**, બીજો. **લાડણી**, લાડકી. **પેલા કપટી**, સંસારી લોકો. ૨. રાણો.

અખો. (ઈ. સ. ૧૬૧૫થી ૧૬૭૫).

અખો ભક્ત જાતે સોની હતો. અમદાવાદ પાસે જેતલપુરનો એ વતની હતો. ભરજુવાનીમાં એની નાની બહેન મરી ગઈ અને એનો દુનિયા પર વૈરાગ્ય વધ્યો. એક બાઈને એ મા-જણી બહેન જેવી ગણતો. તેણે એનો અવિશ્વાસ કર્યો. અમદાવાદની ટંકશાળમાં એ ઉપરી હતો તે વખતે એના ઉપર તરકટ રચાયું અને નવાબે એને પહેરેજ કર્યો. આખરે તપાસ કરતાં એ નિર્દોષ ઠર્યો. હવે એ દુનિયાથી છેક કંટાળ્યો. ઓજારો કુવામાં નાંખી એ ગુરુની શોધમાં નીકળ્યો. વલ્લભસંપ્રદાયના ગોંસાઈને એણે ગુરુ કર્યા પણ તેથી એના મનનું સમાધાન થયું નહિ. આખરે ગંગા કિનારે કોઈ સંતનો સમાગમ થતાં તેમણે એને વેદાંતનો બોધ કર્યો અને અખો તત્ત્વજ્ઞાની બન્યો.

પછી એણે અનેક પદો રચી ઢોંગી સાધુઓને ઉઘાડા પાડયા. અને ગાયું—

ગુરુ કર્યા મેં ગોકુળ નાથ, ઘરડા બળદને ઘાલી નાથ.
ધન હરે ધોકો નવ હરે, એ ગુરુ કલ્યાણ શું કરે ?

બ્રહ્મસત્ય અને જગત મિથ્યા છે, એવાં તત્ત્વજ્ઞાનનાં અનેક પદો એણે રચ્યાં છે. અખેગીતા. ચિત્તવિચાર સંવાદ, પંચી કરણ, અનુભવબિંદુ વગેરે એના મુખ્ય ગ્રંથો છે.

અખો જ્ઞાની હતો. કવિ નહોતો. એના જ્ઞાનને એણે ઘણી વખત જોરજુલમથી પદ્યનું રૂપ આપ્યું છે. આથી એનું પદ્ય નીરસ ક્લિષ્ટ અને કેટલીક વખત અગમ્ય બને છે. અને એને કવિ તરીકે પંકાવાની ઇચ્છા પણ નથી. એને ગુજરાતીઓને તત્ત્વજ્ઞાની બનાવી દેવા હતા, અને કવિ કરતાં જ્ઞાની એને મન મોટા છે. પોતેજ લખે છેઃ—

જ્ઞાનીને કવિમાં ન ગણીશ,
કિરણ સૂર્યનાં કયમ વરણીશ ?

જીવને બોધ (૭)

વારંવાર...ઘરથી, મનુષ્યદેહ વારે વારે મળતો નથી, માટે એવો મોંઘો દેહ તને મળ્યો છે તો પહેલેથી તૈયારી કર. વિવેકવૈરાગ્યથી યુવાનીમાંજ ઇંદ્રિયનિગ્રહ કરી જનમમરણના ફેરામાંથી ટળવાનો ઉપાય શોધ.

ઘરથી–શરૂઆતથીજ.

વૃદ્ધ...મનતન, ઘડપણમાં મન, બુદ્ધિ અને શરીર બધાંજ નિર્બળ થઈ જાય છે. આથી તત્ત્વચિંતન અને દેહદમન વૃદ્ધાવસ્થામાં થઇ શકતાં નથી, અને એ બે સિવાય શુદ્ધિ થતી નથી.

વણ...દન, આ સંસાર મિથ્યા છે એમ જ્ઞાન થાય તો પછી સંસારનાં દુઃખ કયાં રહ્યાં ? સંસાર ખરો છે, સ્ત્રી ખરૂં સુખ આપનારી છે; ધન જરૂરી છે, એવી ખોટી બુદ્ધિજ દુનિયાના દુઃખમાં વધારો કરે છે. સંસારને સાચો માનો તો દુઃખનો આરોજ નથી જુદો માનો તો તરત દુઃખનો નાશ થશે. **પ્રેત**=ભૂત. મરી ગયા પછી વાસનાભર્યો ભટકતો જીવ. **એક અફીણ...થાય, तृष्णा न जीर्णा वयमेव जीर्णाः** । સંસારનો કેફ અફીણના કેફ જેવો છે. વ્યસનની માફક એનું પ્રમાણ વધે છે, અને

વ્યસનીને ઓર લહેજત આવે છે, પણ પરિણામ ભયંકર આવે છે. **ભૂખ્યો...પામીયે, भोजनान्ते तक्रम्।** જમ્યા પછી છાશ પીએ તો તો ફાયદાકારક છે. ભૂખે પેટ અકરાંતીઆની પેઠે પીએ તો રોગ વધે.

(૮)

બાહ્યાચારથીજ યંત્ર માફક **વ્રતનિયમપાળી** જીવનમુક્ત થવા ઇચ્છતા અજ્ઞાનીઓનાં અજ્ઞાન–પડળ દૂર કરવા અખાએ આ પદ યોજ્યું હોય એમ જણાય છે. જપ, તપ, તીર્થ વગેરેથી દેહશુદ્ધિ થાય અને મનપર કાબુ ઝટ આવે પણ એ બધાં સાધન છે. એને પકડી બેસી રહીએ તો કાંઇ ન વળે. જ્ઞાન મેળવવું જોઇએ. **ત્રેપન વહ્યાં**–ત્રેપન વર્ષ વીતી ગયાં. **હરિને શર્ણે**, આત્મજ્ઞાન. **જોજોરે...ઢોલ**, જુના વખતમાં લુંટારા આવે ત્યારે ઢોલ વગાડી લોકો એકઠા થઇ ધાડપાડુઓ સામે જતા. પણ આતો મૂર્ખાઇ ભરેલી કોઈ ડોળઘાલુ માણસે ચલાવેલી પોલંપોલ છે. કેમકે ઉજ્જડ ખેડ વગરની જમીનમાં બહારવટીઆ લૂંટવા આવ્યા એમ ઢોલ વગાડવાથી સૂચવાય છે પણ ઉજ્જડ જગામાં ધાડપાડુઓ શા માટે આવ? અથવા ઉજ્જડ ખેતરમાં પશુ પંખીનો ત્રાસ દૂર કરવા શા માટે ઢોલ વગાડે? **અંધે...જાણી** અખો કહે છે કે આ યાંત્રિક વ્રતનિયમનો ધમંડ તદ્દન નકામો છે. નથી એનાથી જ્ઞાન પ્રાપ્ત થતું કે નથી એનાથી દેહ શુદ્ધિ થતી. જેમ આંધળા માણસોથી કોદરા અને તલ ભેગા થઈ ગએલા છુટા ન પાડી શકવાથી નથી તલમાંથી તેલ કઢાતું કે નથી કોદરાની રાબ ઉકાળાતી તેમ. **આંધળો...ફોક**, ઉપદેશક સસરો આંધળો છે જ્ઞાન લેનાર વહુએ ઘુમટો તાણ્યો છે. આમ બંને જ્ઞાનનો ખરો માર્ગ શોધી શકતાં નથી. અને લોકો ઘેટાંની માફક એક કરે તેમ બીજા કરે છે. આથી ગોટાળો થાય છે. આંખનું કાજળ ગાલે ઘસવા જેવું થાય છે. **ઉંડો કુવો**, જ્ઞાનરુપી, **ફાટીબોખ**, ફાટેલી પાણી કાઢવાની ચામડાની કે કંતાનની ડોલ, કોસ.

પ્રેમાનંદ.

ભટ પ્રેમાનંદ વડોદરાનો વતની હતો. ગુજરાતના પ્રથમ વર્ગના કવિઓમાં એનું અગ્રસ્થાન છે. ગુજરાતી ભાષાની ઉન્નતિ કરવાનો એનો

ઉત્સાહ અપરિમિત હતો. બીજી પ્રાંતિક ભાષાઓને મુકાબલે એના સમયમાં ગુજરાતી ભાષા બહુ ઉતરતી ગણાતી.

અબે તબે કે સોલહી આને, અઠે કઠે કે બાર;
છકડં તીકડં આઠહી આને, શુંશા પેસે ચાર.

પણ કવિએ તો બીજી ભાષાનાં કાવ્યોની સાથે સરખામણી કરે એવાં કાવ્યો ગુજરાતીમાં લખીશ તો પાઘડી પહેરીશ એવું પણ લીધું, અને ગુજરાતી ભાષામાં ઉત્તમ કાવ્યો લખ્યા છતાં પણ મરતા સુધી પાઘડી ન પહેરી.

ચૌદ વર્ષની ઉમર સુધી કવિ ભણ્યાગણ્યા નહોતા. પછી રામચરણ નામના ગુરુની કૃપાથી તેમને કવિત્વશકિત પ્રાપ્ત થઈ. ત્યાર પછી એમણે માણભટ્ટ તરીકે ગાગર વગાડી કથાઓ કહી જીવનનિર્વાહ કરવા માંડચો, અને ગુર્જરી ભાષામાં નવે રસથી છલકાતાં, ભાવભીનાં, અલંકારયુક્ત અનેક આખ્યાનો પદ્યમાં રચ્યાં. એના કાવ્યગ્રંથોમાં નળાખ્યાન, ઓખાહરણ, દશમસ્કંધ, સુદામાચરિત્ર, માર્કન્ડેયપુરાણ, કુંવરબાઇનું મામેરૂં વગેરે મુખ્ય છે.

કવિ વડોદરા, સુરત અને નંદરબારમાં રહેલા અને નંદરબારના રાજાએ કવિને ઠીક આશ્રય આપેલો. એમનો સમકાલિન કવિ સામળ હતો અને એ બે વચ્ચે ઝઘડા થયા કહેવાય છે. સામળે 'કહ્યું કવે તે શાનો કવિ' એમ પ્રેમાનંદની ઠેકડી કરી છે; કારણ પ્રેમાનંદ મહાભારતમાંથી વસ્તુ લઈ આખ્યાન રચતા.

વળી પ્રાચીનકાવ્યમાળાના પ્રકાશક તરફથી સંસ્કૃત નાટકોને ટક્કર મારે તેવાં પ્રેમાનંદે લખેલાં અગીઆર નાટકોમાંથી ત્રણ નાટકો પ્રકટ થયાં છે. રોષદર્શિકા સત્યભામાખ્યાન, પાંચાલી પ્રસન્નાખ્યાન અને તપત્યાખ્યાન. પણ કેટલાક વિદ્વાનોનું માનવું છે કે એ નાટકો પ્રેમાનંદને નામે કોઈ બીજાએ રચેલાં છે.

સુદામા ચરિત્ર. (૯, ૧૦)

સુંદરી, સ્વરૂપવાન સ્ત્રી—સુદામાની પત્ની. **ઘેલી...કરીરે**, આમ ગાંડાઈ શું કરે છે! **જે નિરમ્યું હોય તે પામિએ**, ઇશ્વિરે નસીબમાં જે લખ્યું હશે તે મળશે. નકામાં ફાંફાં શા માટે મારવાં. **વિધિ**, બ્રહ્મા, વિધાતા. **વૃદ્ધિહાણ**, નફોનુકસાન, સુખદુઃખ. **નથી...હાથ**, હોંસથી દાન

કર્યું નથી. **ખડધાન**, ઘાસની જાતનું હલકું અનાજ. **શાલ**, (**સં. शालि**) ડાંગર. **જો ખડધાન**, કોદરા વાવવાથી ડાંગર ઉગે તો પૂર્વ જન્મે સુકૃત્ય કર્યાં વિના આ જન્મે સુખ મળે. **નવનિધ**, (**સં. निधि**) નવ જાતના દ્રવ્ય ભંડાર. **આંખ ભરી**, આંખમાંથી દડદડ આંસુ પાડતી. **અબળા**, બળવિનાની, સ્ત્રી. **મારૂં...મન**, નાથ, ભૂખે ટળવળતાં બાળકો જોઈ મારૂં મન બ્હેબાકળું થઇ ગયું છે. તમારી કર્મ ને સંતોષની જ્ઞાનની વાતો મારાથી સમજાતી નથી. **જોગેશ્વર**, યોગીશ્વર, મ્હોટા યોગીને પણ ખાવું તો પડે છે. **ફેરાનું ફળ**, જરૂર તમને કાંઇક તો આપશેજ. ફેરો ખાલી નહિ જાય. **તતખેવ**, તરતજ. **ત્રિકમ**, (**સં. त्रि+क्रम** ત્રણ ડગલાં), ત્રણ ડગલાં ભરી સ્વર્ગ મૃત્યુ અને પાતાળ માપનાર વામન. કૃષ્ણ. **જાચવા**, (**સં. याच्**) માગવા, યાચના કરવા **સર્વથા**, નક્કી. **રાંક**, ગરીબડી. **એમાં વાંક**, સુદામાને ફરજનું ભાન થાય છે કે બાળક ભૂખે મરે એમાં પત્નીનો વાંક નથી પોતાનોજ છે. પુરૂષ કમાઈ લાવે સ્ત્રી વ્યવસ્થા કરે. **કૃષ્ણસુત સમુદાય**, કૃષ્ણના છોકરાનું ટોળું. **પ્રેમદા**, પ્રેમ આપનાર સ્ત્રી. **જાણે...દાસ**, ગુલામની માફક તમારૂં વૈતરૂં કરીશ. જીન્દગીભર તમારો પાડ નહિ ભૂલું. **દ્વારામતી**, દ્વારવાળી, બંદરવાળી નગરી. **કાંગ**, એક જાતનું અનાજ, ભાગવતમાં પહુંવા છે. **દેવા**, પાછા આપવા. **ઉખળે**, (**સં. उलूखल**) ખાંડણીઆમાં. **ઓખણ્યા**, છડયા. **છોવાય**, અભડાય, મેલા થાય. **તાંદુલ**, ચોખા. **પટકુળ**, સારૂં કપડું. **દીનવાણી**, દયામણા બોલ. **પરિબ્રહ્મ**, (**સં. परब्रह्म**) પરમેશ્વર.

ઋષિ, શુકદેવજી. **નરપતિ**, પરીક્ષિત રાજા. **ગોમતીસંગમ**, ગોમતી નદી સમુદ્રને મળે છે. **મુક્તિપુરી**, દ્વારકાં. મોક્ષ આપનાર નગર, યાત્રાનું ધામ. **પુંઠળપળે**, પાછળ દોડે. **જાદવ...સ્ત્રીજન**, જાદવ સ્ત્રીઓ ચતુરાઇભરી મશ્કરી કરે છે. **ભરથાર**, ભરણ પોષણ કરનાર, ધણી. **ઇંદુ**, ચંદ્ર. **કામ**, કામદેવ. **કેશવરામ**, કૃષ્ણ અને બળરામ. **સાધુ... ઓળખી**, યાદવ યુવતીઓ ચંચળ છે, યાદવ કુમારો મસ્તીખોર છે. એ બધાં સુદામાને પજવે છે. શાણો વૃદ્ધ યાદવ સુદામાને જોતાંજ સમજી જાય છે કે આ કોઈ સજ્જન છે. **કૃપાનાથ...માયા**, ભગવાન, આ નગરમાં

પધારી આપે અમને પાવન કર્યા છે. આપનું શા માટે આગમન થયું છે તે કહેશો ? કેટલો બધો વિનય ! **પ્રત્યુત્તર**, જવાબ. **રાજદ્વાર**, રાજમહેલ. **પ્રતિહાર**, પહેરેગીર. **સંકલ્પવિકલ્પ**, મનમાં ઘડભાંગ કરે છે. આમ કરૂં કે તેમ કરૂં. વિચારતર્ક. **ગહન...ગતિ**, કર્મનો રસ્તો ન સમજાય તેવો છે. અમે બે એકજ ગુરુના નિશાળીઆ પણ કૃષ્ણ રાજાધિરાજ છે અને હું ભૂખે મરૂં છું. **સિંહાસન**, સિંહના પાયા વાળો બાજટ—**અલ્પજીવ** પામર મનુષ્ય. **છડીદાર**, ચોપદાર. **મહાનુભાવ**,મહાનુભાવ, હે મહાશય, હે મહાપુરુષ. **માધવ**, લક્ષ્મીનો પતિ; શ્રીકૃષ્ણ. **મિત્રાચાર**, દોસ્તી, ભાઈબંધી **વિપ્ર**, **वेदपाठो भवेद्विप्रः** વેદ પઠન કરનાર બ્રાહ્મણ.

શય્યા, પથારી. **અષ્ટ પટરાણી**, આઠ મુખ્ય રાણી. **તળાંસે પાય**, પગચંપી કરે. **મિત્રવિંદા**, બીજી પટરાણી. **ધાતી આવી**, ઉતાવળી ઉતાવળી આવી. **નાથે**, શ્રીકૃષ્ણે. **દ્વિજ**, બ્રાહ્મણ. એક માતાને પેટ જન્મ થાય તે, બીજો જનોઈ દેવાતાં થાય છે. **દરિદ્ર**, ગરીબ; કંગાલ. **ભાસે**, દેખાય છે. **પિંગળ**, પીળચટી. **ભસ્મ**, રાખોડી. **રણછોડ**, દેવામાંથી છોડાવનાર; કૃષ્ણ. **વિસામો, (सं. विश्राम)** શાંતિ મેળવવાનું સ્થાન. **મોજાં**, જોડા. **ઉંચા સાય**, ઉંચા પકડી રાખે. **એક...જાય**, હરિથી એક પળ પણ મિત્રવિયોગ સહન થઈ શકતો નથી. **જુગ**, યુગ; ઘણો લાંબો વખત. **પૂજાથાળ**, પૂજા—સામગ્રી ભરેલી થાળ. **સાવધાન, (स+अवधान**, ધ્યાન સાથે). તૈયાર. **સહુપેં**, સૌથી. **તવ**, ત્યારે. **કંદર્પ**, કામદેવ. **ઉપહાર**, ભેટ. **સોળ હજાર**, સોળ હજાર કૃષ્ણની રાણીઓ. **બાઈ લોચનનું... કીજેરે**, આપણા પતિના મોટાભાઈ સરખા સુદામાને જોઇ આપણે આંખ ટાઢી કરીએ. **છબીલાજીએ**, ફાંકડા કૃષ્ણે. **છુટયાં...નેવરે**, શ્રાવણ મહીનામાં છાપરાનાં નેવોમાંથી પાણી પડે તેમ આંસુઓની ધાર સુદામાની આંખમાંથી પડી. હરખનાં આંસુ. **કૌતુક**, નવાઈ. **અશરણશર્ણ**, આશ્રય વગરનાને આશરો આપનાર. **લીધા હૈડા સાથ**, ભેટયા. **આલિંગન**, ભેટવું તે. **તુંબી...કીધુંરે**, સેવકની માફક સુદામાના હાથમાંથી તુંબડી લઇ લીધી. **મુરારિ**, મુર રાક્ષસના દુશ્મન, કૃષ્ણ. **વાંકાબોલાં**, ટીખળી, મશ્કરીખોર. **હરિ...રાખોડીરે**, હરિને મોંઘો—સુગંધી ચૂર્ણ—ચોળાય છે અને આને રાખોડી ચોળાય છે.

ભક્તાધીન, (**भक्त+आधीन**) ભક્તને તાબે રહેનાર. **ચમર**, ચામર, ચમરી ગાયના વાળના ગુચ્છાને ચાંદી–સોનાની લાકડી સાથે ગુંથી બનાવવામાં આવે છે તે. **ચક્રપાણિ**, સુદર્શનચક્ર જેના હાથમાં છે તે કૃષ્ણ. **નેત્રસમશ્યા**, આંખની ઈશારત. **તાપસ**, તપસ્વી. **દોહલે**, મહાકષ્ટે. **પગપખાલી**, પગધોઈ. **પાદોદક**, (**पाद+उदक**) પગ ધોયલું પાણી. **પીત પિછોડીએ**, પીળા ખેસથી. **વીંઝણો**, (**सं. व्यजन**) પંખો. **વૈદરભી**, વિદર્ભ દેશના રાજાની કુંવરી, રુકિમણી. **ધૃતપકવ**, ઘીમાં તળેલાં. **શર્કરાસંયુક્ત**, ખાંડવાળાં, ચાસણી પાયલાં. **પય**, દૂધ. **શુદ્ધાચમન**, જમી રહ્યા પછી મોં સાફ કરવા પીવામાં આવતું પાણી. **તંબોળ**, (**सं. तांबुल**) પાનની બીડી. **શામળવાન**, શ્યામવર્ણું, કાળારંગના, કૃષ્ણ. **વાધ્યું**, વધ્યું. **મુકુંદ**, કૃષ્ણ. **ચાંપે**, સંતાડે. **જંઘા**, જાંગ.

ગોવિંદ, (**सं. गोविद्**) ઇંદ્રિયોને ઓળખનાર. સંયમી. **ગોઠડી**, (**सं. गोष्टि**) સુખ–દુઃખની વાત. **અંતરજામી**, (**सं. अन्तर्यामी**) અંતઃકરણને નિયમમાં રાખનાર, પ્રભુ. **પિંડ**, શરીર. **હુંને**, મને.

આ કડવામાં પ્રાચીન સમયમાં આપણા દેશમાં કેળવણી કેવી રીતે અપાતી તેનું વર્ણન છે. રાજકુમાર અને ગરીબ બ્રાહ્મણના બાળકો સાથે ભણતા, અને ગુરુની ચાકરની માફક ચાકરી કરતા. શિષ્યો ગુરુ પ્રત્યે પોતાની ફરજ બરાબર સમજતા અને ગુરુઓ પણ પોતાનો ધર્મ બરાબર સમજતા. શિષ્યોને પોતાનાંજ બાળક જેવા ગણતા.

સાંભરેરે, હેં સુદામા, યાદ આવે છે કે ? **પેર**, આચરણ; રીતભાત. **સાથરે**, (**सं. स्तृ** પાથરવું); પથારી પર. **માથે તપ્યો અરીષ્ટ**, દુશ્મન જેવો સુરજ ખૂબ તપ્યો. અરિષ્ટ પાડ લેતાં (**रिष् हिंसायाम्**, હણવું) ન હણનાર, સૂર્ય જગતનો આધાર છે. વળી. **ज्यों बादल गरमी करे यों बरसनको आश. વાદવદ્યા**, હોડબકયા; ચડસાચડસી કરી. ચાલો કોણ વહેલો ભારો બાંધે છે. એમ **ત્રણ બાંધવા**, કૃષ્ણ, બળરામ અને સુદામો. **કેર**, જુલમ. **ઘન વરસ્યો મૂશળધાર**, સાંબેલા જેવી ધારાથી વરસાદ વરસ્યો. **આપણને...ચાંપીઆ**, જુઓ ગુરુનો શિષ્ય પ્રત્યે પ્રેમ.

સકળ, બધી, તમામ પણ શકલ એટલે ટુકડો; કડકો. **ગાંઠડી**, (**સં. ग्रंथि**, ગાંઠ) પોટલી. **અઢળક ઢળીઓ**, ખૂબ નમ્યો. **સ્વલ્પ સુખડી સાટે**, ગોળ પાપડી ખાઈને રાજી થઈ ઈંદ્રનો વૈભવ આપે તેમ. **સુખડી**, મિઠાઇ, **સુખડીઆ**, મિઠાઈ વેચનાર **દુર્લભ**, દુઃખે મળે તેવું. **ભવની ભાવટ**, આખા જન્મનું દુઃખ. **અમૃતફળ**, જે ફળ ખાવાથી અમર થવાય તે. **સંજીવનમણિ**, મરેલાને જીવતાં કરે એવો મણિ. **તિલમાત્ર**, એક તલ જેટલું આપજો, પણ આપજો તો ખરાજ. **લજ્જા...ધણિયાણી**, પસ્તાવો કરે છે. હે ભગવાન, હું કયાં બૈરીની બુદ્ધિ પ્રમાણે ચાલ્યો! **જતન**, (**સં. यत्न**) કાળજી. **જુવતી સાથ**, સ્ત્રીમંડળ; યુવાન સ્ત્રીઓનું ટોળું. **ધ્રુવ**, ઉત્તાનપદ રાજાનો પુત્ર. એમની સાવકીમાએ એમનો તિરસ્કાર કર્યો અને પાંચ વરસના બાળકુમાર ધ્રુવ જંગલમાં ઈશ્વિરઆરાધના કરવા ગયા. છ મહીના તપ કરી એમણે પ્રભુ પ્રસન્ન કર્યા. પ્રભુએ એમને અચળપદ આપ્યું.

અંબરીષ, પરમ વૈષ્ણવ હતો. એક વખત બારસને દિવસે એને ત્યાં દુર્વાસા આવ્યા. નદીએ નહાવા જવાનું કંહી દુર્વાસા ગયા પણ ઘણી વાર થઈ તોએ આવ્યા નહિ. તે દિવસે બારસ બે ઘડી હતી. બારસ હોય ને પારણું કરે તો આગલા દિવસની અગીઆરસ વળે. માટે અંબરીષે તુલસીપત્ર પર પ્રભુનું ચરણામૃત લઈ આરોગ્યું. પછી દુર્વાસા આવ્યા. તે આ જોઇ બહુ ગુસ્સે થયા, અને પોતાની જટામાંથી એક કૃત્યા અંબરીષને બાળવા છોડી. શ્રી કૃષ્ણના ચક્રે અંબરીષનું રક્ષણ કર્યું અને ચક્ર કૃત્યાનો નાશ કરી દુર્વાસાનો સંહાર કરવા દોડયું. દુર્વાસા વિષ્ણુને આસરે ગયા. વિષ્ણુએ કહ્યું કે હું કાંઈ કરી શકીશ નહિ મારા ભક્ત પાસે જાઓ. આખરે દુર્વાસા અંબરીષને શરણે આવ્યા અને અંબરીષે ચક્રને પાછું કાઢ્યું.

પ્રહ્‌લાદ, હિરણ્યકશિપુ દૈત્યનો પુત્ર. એ પરમ ભક્ત હતો. હરિના દુશ્મન દૈત્યે એને મારી નાખવાના બહુ પ્રયત્નો કર્યા પણ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. આખરે તપાવેલા લોઢાના થાંભલામાંથી નૃસિંહરૂપે ભગવાન પ્રકટ થયા અને દૈત્યને મારી ભક્તનું રક્ષણ કર્યું.

સાથેથાં, એકી સાથે. **સપ્ત ભૂમિના**, સાત માળનાં. **અષ્ટ મહા સિદ્ધિ**, આઠ મોટી શક્તિ. છેક નાના, બહુજ મોટા, બહુજ ભારે, બહુજ હલકા થવાની શક્તિ.

જસોદા વિલાપ. (૧૧)

જમનામાં પડેલો દડો લાવવાને બહાને કાળીનાગને મારવા બાળક કૃષ્ણે જમનામાં ડુબકી મારી છે. બીજા ગોવાળપુત્રો આથી ગભરાઈ જઈ જશોદાજીને તેડી લાવે છે. પોતાનો લાડકો પુત્ર ડુબી ગયો જાણી વ્હાલસોઈ માતા કાલિંદીને કાંઠે રુદન કરે છે.

માણુકડું, મારૂં માણેક, મારો હૈયાનો હાર, મારી આંખની કીકી, મારો લાડકો પુત્ર. **અપરાધણ**, હું ખરેખર પાપણી છું, નહિ તો મારી હયાતીમાં મારો બાળપુત્ર શેનો મરે ! **વનમાળી**, વનની માળા ધારણ કરનાર, કૃષ્ણ. **કરમે**, કમનસીબે. **છેલ્લે આશ્રમે**, ઘડપણમાં. **પ્રતિપાળી**, લાલનપાલન કરીને. **નીપનો**, તૈયાર કરેલો. ઉંઘ–ઉજાગરા વેઠી ઉછેરીપાછેરી મોટા કરેલો છોકરો દૈવે ઝુંટવી લીધો. તૈયાર કરેલો રસનો પ્યાલો ઘુંટડો ભરવા જતાં કોઈ છીનવી લે તેમ. **મોરમુગટ**, મોરપીંછવાળી ટોપી–'મોરમુગટ પીતાંબર સોહે'. **પીત...કછે**, પીળા દુપટ્ટાનો કછોટો મારે. **નેતરૂં**, દહીં વલોવવાનું રવૈએ બાંધેલું દોરડું. **હીસીહીસી**, ઝુરીઝુરીને, નિસાસા નાખીને. અનુકરણવાચક શબ્દ છે. નાના બાળકને ઉંઘમાં ડસકાં ખાતું સાંભળ્યું છે ? **તુંરે ગયો**, મારૂં હૈયુ પત્થરથી પણ કઠણ છે, નહિ તો પ્રાણથી વહાલો પુત્ર મરી ગયો છતાં મારાથી જીવાય છે કેમ ! **કાષ્ટપેં**, લાકડા કરતાંયે. **વજ્ર**, ઇંદ્રનું પર્વત તોડનારૂં મહા કઠણ આયુધ. **કાળજ**, કાળજું. **મખાંતર**, બહાનું, મિષ. **ઉખળબંધનમાં**, નાનપણમાં બાળકૃષ્ણને જસોદાજીએ ખાંડણીઆ સાથે બાંધેલા. **વ્યાકુળ વ્રજની નારી**, વ્રજ-વનિતાઓ બ્હાવરી કેમ ન બને ? એમને મન 'કાનુડો તો કાળજાની કોર છે'.

અનિરુદ્ધનું યુદ્ધ. (૧૨)

બાણાસુરની પુત્રી ઓખા સ્વપ્નમાં એક પરમ રૂપવાન પુરુષને જોય છે અને તેને પરણવાનો નિશ્ચય કરે છે. એની સખી ચિત્રલેખા વિધાત્રીનો અવતાર છે. ભારતના બધા રાજકુમારોનાં ચિત્રો દોરી તેમાંથી સ્વપ્નવાળો

કુમાર બતાવવા એ ઓખાને કહે છે. ઓખા એ ચિત્રમાંથી યાદવકુમાર અનિરુદ્ધને બતાવે છે. પછી ચિત્રલેખા પોતાની સિદ્ધિને બળે દ્વારિકાંથી રાતમાં અનિરૂદ્ધને ઉંઘતો કુમારીના એકાંત મહેલમાં ઉપાડી લાવે છે. થોડે દિવસે રક્ષકોને કુંવરીના મહેલમાં કોઇ પુરુષનો સંચાર થયો હોય એમ માલમ પડે છે. બાણાસુરને જાણ થતાં એ પોતાના પ્રધાનને લશ્કર સાથે મોકલી કુંવરીનો મહેલ ઘેરી એ પુરુષને પકડવા આજ્ઞા આપે છે. મહેલની આસપાસ લશ્કર વીંટળાયલું જોઈ યુદ્ધ કરવા જતા અનિરુદ્ધને ઓખા વારે છે.

કામની, પ્રેમી સ્ત્રી, ઓખા. **કટક,** લશ્કર. **નાધડીઆ,** નાના, મોટા મહારથી અને કુશળ અનુભવી યોદ્ધાઓ આગળ. **સ્વામી...રતન,** રાંકના હાથમાં રત્ન શેનું ટકે! 'નિર્ભાગીનું નસીબ ડગલાં ચાર ચાલે અગાડી.' મારૂં દુર્દૈવ આવો પતિ મારી પાસે હોય તે કેમ સહન કરે! **ધાડે,** ખૂબ. **મદનમોહન,** કામદેવ જેવો આકર્ષક. **હાકી ઉઠયો,** સિંહ-ગર્જના કરી. **વીર,** યોદ્ધાઓ. **અજાતણાં,** બકરીનાં. **પંચાનન (સં. पञ्च+आनन)** પાંચ મુખવાળો=શંકર. આ ઠેકાણે મોં ફાડેલો સિંહ.

ઓખા કહે એમ કંથ ન કીજે.

દૈત્ય, દિતિના છોકરાઓ, રાક્ષસો. **કવચબખ્તર,** લોઢાનો યોદ્ધાએ પહેરવાનો અંગરખો. પહેલો શબ્દ સંસ્કૃત ને બીજો ફારસી છે. બંનેનો અર્થ એકજ છે. **સાંગ,** લોઢાનું હથિયાર. **ભેદો,** મારો, ઘાયલ કરો. **ફીટી ગઈ,** જતી રહી. **માળિયો,** એકાંત મહેલ. **વિરોધી,** લડાક; આંટશ રાખનારો. **ઓસાન,** અવસાન, અંત, અર્થ લઈએ તો 'જાય' નો અર્થ (**जन** ઉપરથી) 'થાય' લેવો પડે. ઇંદ્રિનાં હાંજાં ગગડી જાય. **મેરૂ,** મેરૂ પર્વત. **ક્ષત્રીસાથ,** ક્ષત્રિય રાજાઓનું મંડળ. **મંત્રી...કરડી,** બાણાસુરનો પ્રધાન કૈભાંડ ક્રોધથી દાંત કચકચાવે છે. **પાવક,** (પવિત્ર કરનાર). અગ્નિ. **ભરતી લોચન,** આંખ ભરીને; આંસુ ટપકાવતી. **લાંછન,** એબ; બટ્ટો; કલંક. **મોવર,** વાદીની મોરલી. **કેસરી,** કેસર, યાળવાળો, સિંહ. **દળ,** લશ્કર. **વ્યંઢળ,** નામરદ, હીજડો. **શાર્દૂલ,** વાઘ. **હાકયો,** હોંકારો કરી જગાડેલો. **માંડે કાન,** કાન ઉંચા કરે. **ગોઝારો,** નરાધમ, પાપી. **આહ,**

મગર. **ઘન અશાડો**, અખાડના વાદળ જેવો. **ચંદન**, યાદવકુમાર.**આવળીઆ** દૈત્યો. **મુગટ...ધરો**, શિર નમાવો, તાબે થાઓ. પરિઘ; પટ્ટી; ફરસી, મુદ્દગલ વગેરે આયુધો છે. **દોહેલો**, કપરો, દુઃખી. **અધમસસ્તા**, અધમુઆ, **શોણિતસ્પર્શ**, લોહીનો સ્પર્શ, છંટકાવ. **દદામું દીધું**, ઢોલ વગડાવ્યું, ચાલો લડવા તૈયાર થાઓ એમ સુચવ્યું. **પ્રલયઅગ્નિ**, દુનિયાનો નાશ થાય તે વખતની આગ. **બાણુ...તુલ્ય**, મૂર્તિમાન અભિમાન રૂપ. **સહસ્ર હાથ**, બાણાસુર, એને હજાર હાથ હતા.

શામળભટ.

શામળભટ પ્રેમાનંદનો સમકાલિન કવિ હતો. અમદાવાદ નજીક એનું વતન હતું. મોગલ જમાનાનો એ કવિ સંસ્કૃત સાથે ફારસી પણ ભણ્યો હતો. વ્રજ ભાષાનું પિંગળ પણ એ ભણેલો. માતર તાલુકાના સુંજ ગામના પટેલ રખીદાસે એને આશ્રય આપેલો, અને કવિએ પણ ‘ ભોજ સમોવડ ભૂપ ’ એવી રખીદાસને ઉપમા આપી અમર કર્યો છે.

શામળના ગ્રંથના બે વર્ગ પાડી શકાય. વાર્તારૂપ કાવ્યો અને નૈતિક કાવ્યો. આપણા સંગ્રહમાં એના બે બોધક છપ્પાઓ લીધા છે. બત્રીસ પુતળી, મડાપચ્ચીશી, સૂડા બહોતેરી, મદન મોહના, વિદ્યાવિલાસિની વગેરે એની વાર્તાની ચોપડીઓ છે. શામળને નરનારીની ચતુરાઈનાં વર્ણન કરવાં બહુ ગમે છે. એની વાર્તાઓમાં ઉદાર રાજકુમારો, ચતુર ગણિકાઓ, સાહસિક વેપારીઓ, રૂપવતી વિદુષી રમણીઓનાં વર્ણન બહુ આકર્ષક હોય છે.

ગુજરાતના એ વાર્તાકારને ‘ સૂડા બહોતેરી ’ જેવી વાર્તા લખવાથી વિદ્વાનોએ નિંદ્યો છે, અને કલ્પનાના ઉડ્ડયનમાં નવી સૃષ્ટિ રચવાથી વખાણ્યો પણ છે. એણે વિદ્વાનોને માટે લખ્યું નથી. જનતાને માટે સામાન્ય મનુષ્યો માટે લખ્યું છે, અને એ રસ્તે એનો પ્રયત્ન અથાગ છે. જુઓ એની કવિની વાખ્યા :—

> સાદી ભાષા સાદી કડી, સાદી વાત વિવેક,
> સાદામાં શિક્ષા કથે, તેજ કવિજન એક.

વચન પાળવા વિષે.

આપણા જુના કવિઓએ એકાદ છંદને પોતાનો માનીતો છંદ બનાવી લીધો હોય છે. નરસિંહનાં પ્રભાતીયાં, શામળના છપ્પા, ધીરાની કાફી અને ભોજા ભક્તના ચાબખા.

વચન, કોલ, એકવેણ. **પરઠયું પાણી**, પાણી ભરવા કબુલ્યું. **કુબ્જા**, .વાંકા શરીરવાળી કંસની દાસી. રામાવતારમાં રામના શાપથી મંથરા દાસી કુબડી થએલી. પછી એણે રામજીની સ્તુતિ કરી ત્યારે રામે કહ્યું કે હું કૃષ્ણાવતાર લઇશ ત્યારે તું મથુરામાં કુબડાં ગાત્રવાળી જન્મીશ, તે વખતે હું તને સ્વરૂપવાન બનાવીશ. **હાલાહલ**, ઝેર. સમુદ્રનું મંથન કરતાં નીકળેલું તે. **શર્મ**, કલ્યાણ, સુખ. **પાંડવો...પ્યારી**, દ્રૌપદીને જુગારમાં હોડમાં મૂકી અને વચનને ખાતર હારતાં કૌરવોને સોંપી. **ભડપાંચે**, પાંચે બહાદુર પાંડવે. **દૈવત**, તાકાત, શક્તિ. **ઝુઝે**, લડે. **સિદ્ધ**, સિદ્ધિઓવાળો પુરુષ. 'અષ્ટ સિદ્ધિ ઉભી છે દ્વાર. **આગમ**, વેદ, ધર્મશાસ્ત્ર. **રાંડીરાંડ**, નામર્દ જેવો. **સાહ**, (**સં. साधु** ઉપરથી). વહેવારમાં સાચો. સત્યનારાયણની કથામાં 'સાધુવાણીઓ.' **પાંચે પુરણ પક્ષણી**, પાંચ પક્ષે પુરી, બધી રીતે શુદ્ધ.

વિદ્યા વિષે. (૧૩)

આ કવિતા સંસ્કૃત સુભાષિતોના અનુવાદ રૂપ છે. **विद्वान् सर्वत्र पूज्यते । विद्याविहीनः पशुः ।**

વિખ...વિત્ત, પૈસા વડે ઝેર ઉતરે. દુશ્મનો પણ તાબે થાય વિખવાદ જાય. **રાજભય,** પૈસાને રાજાનો ભય છે. આયપદવેરો (ઇન્કમટેસ) પૈસાપર લેવાય. વિદ્યાપર કોણ કર લઈ શકે એમ છે? **વાન, (સં. वर्ण)** વિદ્યાના તેજે શરીર શોભે. **વિમળ**, મળ વગરની શુદ્ધ. **પંડિત આગળ...બગ્ગા, गिरिशिखरगतापि काकपंक्तिर्नहि तूलना मुपयाति राजहंसैः।** પર્વતના શિખરપર બેઠેલા કાગડા રાજહંસ સાથે સરખાવાતા **નથી. સઉ શિરમોર**, સૌથી ઉત્તમ.

દયારામ (ઇ. સ. ૧૭૬૮ થી ૧૮૫૨).

પંદરમાંથી અઢારમા સૈકા સુધીના સાહિત્યાકાશમાં ધ્રુવ જેવા સ્થિર ત્રણ તારા પૂર્ણપણે પ્રકાસ્યા છે. એ ત્રણ તારા તે નરસિંહ, પ્રેમાનંદ અને દયારામ. દયારામ નાતે સાઠોદરો નાગર હતો. નર્મદા તીરે આવેલા ચાંદોદનો વતની હતો.

લોચન મનનો હો રાજ, ઝગડો લોચન મનનો,

* * * *

મહીઆરી ચાલી મહી વેચવા, મધ્યે શ્રીરાધા રૂપ તણો ભંડારજો,

* * * *

કાનુડો કામણગારોરે, સાહેલી આતો, કાનુડો કામણગારો રે,

કોઇ ઠેકાણે ઉપલી ગરબીઓ સાંભળી હશે. એ ફાંકડા કવિ દયારામે લખી છે. પણ ગરબી સિવાય એણે ઘણુંએ લખ્યું છે. કવિનાં કાવ્યો ત્રણ વર્ગમાં વહેંચી શકાય. વૈષ્ણવ સંપ્રદાયને લગતાં, નૈતિક અને શ્રૃંગારિક. દયારામે એ શ્રૃંગારનાં પદોમાં કોઈ વ્હાલસોઈ સ્ત્રી પોતાના પ્રિયતમ પતિને ભજે તેમ શ્રીકૃષ્ણને ભજ્યો છે. દયારામની આ પ્રેમભક્તિમાં કેટલાકે અનીતિ તરફનું વલણ જોયું. સ્વ. ગોવર્ધનરામે ' દયારામનો અક્ષર દેહ ' લખી આ ભ્રમ દૂર કર્યો, અને કવિના સાંપ્રદાયિક ગ્રંથોમાંથી ઉતારા ટાંકી સિદ્ધ કર્યું કે (**रसो वै राधिका प्रोक्ता**) કવિ સંસારના તુચ્છ રસની વાત નથી કરતા પણ રસરૂપ રાધાકૃષ્ણની વાતો કરે છે.

કવિનાં જીવન અને કવન વચ્ચે બે ધ્રુવ જેટલું અંતર છે. કવિનું ચારિત્ર્ય ભલે ઝાંખું હોય. કવિનાં શબ્દ લાલિત્યભર્યાં કોમળ ભાવ દર્શાવતાં, વેગવતાં કાવ્યો ઉજ્જવળ ને અમર છે. માટે હંસ દૂધ અને પાણીના મિશ્રણમાંથી જેમ દૂધ દૂધ ગ્રહણ કરે તેમ આપણે પણ કવિના જીવનનો તિરસ્કાર કર્યા વગર કવિના કાવ્યામૃતનું પાન કરીએ.

કવિએ ગુજરાતી ભાષામાં ૪૮ ગ્રંથો રચ્યા છે. હિંદી, મરાઠી, વ્રજ, સંસ્કૃત અને ઉર્દુ ભાષામાં પણ અનેક પદો એમણે રચ્યાં છે.

મીરાંચરિત્ર. (૧૪)

મીરાંચરિત્ર કવિએ દંતકથા પ્રમાણે લખ્યું છે, એટલે એમાંની હકીકત ઇતિહાસ પ્રમાણેની નથી. સ્વ. તનસુખરામના લેખ પ્રમાણે મીરાં રાણા

સંગના પુત્ર ભોજની રાણી ઠરે, અને કુંભો રાણો તો રાણા સંગનો દાદો થાય. મીરાં વિધવા થયા પછી એના દીએર વિક્રમાદિત્યે એને બહુ દુઃખ દીધું અને ઝેર દઈ મારી નાખવાનો પ્રયત્ન કર્યો, આથી કંટાળી મીરાંએ દ્વારિકાંમાં વાસ કર્યો અને ચિતોડ છોડયું.

મોહનસું, મોહ પમાડનાર, ઘેલાં કરનાર શ્રીકૃષ્ણ સાથે. **જાણે... છાનું**, જગ જાહેર વાત છે. **નેહ**, પ્રેમ, સ્નેહ. **લૌકિક રીતે**, સંસારના રિવાજ પ્રમાણે. **શક્તિ**, દેવી. **સાસુ...ધામ**, જુઓ સાસુનો દોર. 'શામળીઆજી, સાસુડી સંતાપે કહો કેમ કીજીએ' **સૌભાગ્ય વધે**, ઘણું લાંબુ આયુષ ભોગવે. **પરી**, દૂર. **ન્યારૂં**, અલગ, **એવું...જંજાળ**, સરખાવો નરસિંહ મહેતાએ ગાયું છે તે. 'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ.' **દિનરેણુ**, દિવસ રાત. **ઓચ્છવ (સં. उत्सव)**. મંદિરમાં ઓચ્છવ થતો જોયો છે? **ઉતપાત**, તોફાન **મહીએર, (સં. मातृगृह)** માતુંઘર, માતૃપક્ષ **નણંદ...માતતાત**, નણંદની ડાહી શિખામણ. **અંબર** કિમતી વસ્ત્ર. **આભરણ**, ઘરેણાં. **મીરાં...હરિગાય**, મીરાંને વિલાસી જીવન ગમતું નથી. નણંદને વૈરાગભર્યો સંસાર પ્રત્યે બેદરકાર ઉત્તર આપે છે. **બાઈ...દેહ**, બાઇજી, હું પણ તમારા સારા માટે કહું છું, સાસરે જઈ તમે પણ મનુષ્ય દેહ શા માટે ફોગટ ગુમાવો છો? પ્રભુ ભજી અમર અમર થાઓને! **ઓ ભાઈ...રાજઅવાસ**, નણદીનો રોષ કેવી સુંદર રીતે દર્શાવે છે! **અવાસ**, રહેઠાણ; મહેલ. **અનુચર**, સેવક, ચાકર. **થયો રાતડોરે**, ગુસ્સાથી રાતો રાતો થઇ ગયો. **ખડ્ગ**, તરવાર. **જેસું લગન**, જેની સાથે તને લગની લાગી છે તે. **ધ્યાનમાં**, સમાધિમાં. **પ્રત્યક્ષ**, આંખ આગળ, હાજરાહજુર **છોભો પડયો**, શરમાઇ ગયો. **શિક્ષાય**, બોધ, શિખામણ. **સવારૂં**, પહેલેથીજ. **આજલગી...તમારો વિવેક**, મીરાંનો સચોટ ઉત્તર. વૃંદાવનમાં વસ્યા છતાં હજુ તમારૂં પુરુષ તરીકેનું અભિમાન ગયું નથી, સ્ત્રી અને પુરુષ વચ્ચે હજુ તમે ભેદ જુઓ છો એ જોઈ મને દીલગીરી થાય છે. **નિરખ્યા**, દર્શન કર્યાં. **પ્રસ્તાવો, (સં. पश्चात्ताप) ત્રુઠે**, તુષ્ટમાન થાય, રાજી થાય.

વાંસલડી. (૧૫)

' વાંસલડી વાગી ને હું જાગી. '

આ સુંદર ગરબીમાં કૃષ્ણબંસી પાછળ ઘેલી થએલી ગોપીકા એ વાંસળીની અદેખાઇ કરે છે.

વાલમ, (**वल्लभ**) વ્હાલો. **અધરામૃત**, (**अधर**=નીચલો હોઠ+**अमृत**) વાંસળી મોઢે વળગાડી વગાડાય માટે. **સાલ**, (**सं. शल्य**) કાંટા જેવી. **કાળજડું મા કોર**, પ્રેમની વેદના કાળજામાં થતી ગણાય છે. **વાજી**, વાગી. **વિહ્‌વળ**, બ્હેબાકળાં, ગાભરાં. **સાંસરાં**, આરપાર. **ગત્ય**, ગતિ. **ગર્જે...આવડી**, અભિમાનથી ગર્જના શું કરી રહી છે, તારી જાત તો વિચાર. એક વાંસના કકડામાંથી તો તું બનેલી છે! **ઠકરાત**, ઠકરાણી થઈ ગઈ. **ગતવિહીણાં**, ઘેલાં, બેચેન. **ચોરની સંગે**, કૃષ્ણની સાથે રહી. એની સોબતની અસર તને થઈ. કૃષ્ણ માખણચોર, ચિત્તચોર છે, તું પણ ચોટ્ટી બની. ' કનૈયા બંસીવાલા રે માખણચોર '. **માનીની**, માની સ્ત્રી. **કર્યાં પાયમાલ**, ફારસી શબ્દ. કચરી નાંખ્યાં, બેજાર કર્યાં.

ધીરો (ઈ. સ. ૧૭૫૩ થી ૧૮૨૫).

વડોદરા પ્રાંતના વતની ભક્તકવિ ધીરાએ આઠેક લાંબા કાવ્યો લખ્યાં છે. સ્વરૂપની કાફી, અવળવણી, જ્ઞાન કક્કો વગેરે. અખાનાં પદ જેવાં એનાં પદો નીરસ અને સમજવાં મુશ્કેલ નથી. એનાં પદ એના અનુભવથી રંગાયલાં છે અને સામાન્ય માણસો પણ તે સહેજ સમજી શકે છે. એ સંસ્કૃત ભણ્યો નહોતો છતાં ગુરુના સંગથી એ ઘણું સારૂં લખી શકયો છે.

અંતે સંતને તેડાવેરે. (૧૬)

અંતે, અંતકાળે, મરણ વખતે. **સંત**, પવિત્ર પુરૂષ; જ્ઞાની. **ઘર લાગ્યું**. આગ લાગે ત્યારે કુવો ખોદવા નીકળે એવો. **प्रोद्दीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः** **નાવે**, (**सं. नौ**) નાવડી, હોડી **કેમ...વેમાન**, સ્વર્ગે કેમ જવાય. **ચોરાશી**, ચોર્યાશીલાખ જન્મે મુક્તિ મળે એવો એક મત છે.

જેને રામ રાખેરે. (૧૭)

स रक्षिता रक्षति यो हि गर्भे ।

માના પેટમાં જે રક્ષણ કરે છે તેજ ખરો રક્ષણ કરનારો છે.

રાખે, રક્ષે, રક્ષણ કરે, બચાવે. **અવર**, બીજો. **સ્થલ**, કોરી જમીન. **તરણું**, ઘાસનું તણખલું. **લીંભાડાથી...બાળ**, બિલાડીએ કુંભાર પકવવા સિંચેલાં એક હાંડલામાં બચ્ચાં મૂકયાં. પછી કુંભારે નીભો-ભઠ્ઠી-સળગાવી. બિલાડીએ પ્રભુની પ્રાર્થના કરી તેથી બચ્ચાંવાળી હાંડલીને દેવતાની આંચ ન લાગી, અને બચ્ચાં બચ્યાં. **મંજારી**, (**सं. मार्जार**) બિલાડી. **ટિટોડીનાં ઇંડા ઉગર્યાં**, ટિટોડીએ સમુદ્રકાંઠે ઇંડાં મૂક્યાં. ભરતીમાં તે ઘસડાઈ ગયાં. પછી બધાં પંખીએ ભેગાં મળી સમુદ્ર ઉલેચવા માંડયો. આખરે ગરુડની પ્રાર્થનાથી વિષ્ણુએ સમુદ્ર પાસે ઇંડાં પાછાં અપાવ્યાં. **બાણ તાણી...ગયાં સુખે**, ઝાડ પર પંખી બેઠાં હતાં માથા ઉપર સીંચાણો-બાજ પક્ષી-એમને પકડવા ભમતો હતો. નીચે પારધિએ પંખીને મારવા બાણ ચઢાવ્યું હતું. પંખીએ પરમેશ્વરને યાદ કર્યા, તેથી પારધિને સાપ કરડયો, કમાનમાંથી તીર છટકયું અને તે બાજને વાગ્યું. આમ બાજ અને પારધિ બંને મૂઆ, અને પક્ષી બચ્યાં. **કાતરણી**, કાત્તર.

ભોજો (ઇ. સ. ૧૭૮૫ થી ૧૮૫૦).

પ્રાણીઆ ભજી લેને કીરતાર આતો સ્વપનું છે સંસાર,

* * * *

દુનિયા ભરમાવા ભોળી, આવ્યો બાવો ભભૂતિ ચોળી,

* * * *

ચેલા ચેલીને ભેગાં કરી બાવો, ખાય ખીર ખાંડ ને પોળીરે,
ભોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યા બોળીરે—દુનિયા.

એકતારાના તનક, તનક સૂર સાથે કાઠીઆવાડી કણબી ભોજાનાં ભજનો, અને ઢોંગી સાધુઓની ઝાટકણી કરતા ' ચાબખાઓ ' ગામડાંમાં આજે પણ ગવાય છે. ભોજો ભગત ભણ્યોગણ્યો નહોતો. એણે ૧૫૦ ચાબખા લખ્યા છે. સેલૈયા આખ્યાન પણ લખ્યું છે.

મૂર્ખો રળીરળી કમાણોરે. (૧૮)

મૂર્ખો, અક્કલ તો ખરી પણ પરમેશ્વરનું ભજન કરવામાં મૂર્ખો, સંસારી. **પ્હાણો**, પત્થર. **ધાઈ**, દોડાદોડી કરીને. **કોટિધ્વજ**, કરોડપતિ. **જૈં**, પઇસો. ત્રણ પૈ. **મશાણ**, **(સં. શ્મશાન)** મડદાં બાળવાની જગા. **પસ્તાણો**, કાઠીઆવાડી પ્રયોગ. **નીચે…ઠેરાણો**, ધૂળમાં મળ્યો.

મૂર્ખો માની રહ્યો મારું રે. (૧૯)

સાત સાયર, સાત સાગર, સમુદ્રો. **વેળાવેળાની છાંયડી**, જીવનમાં આવતાં સુખ. **વહીવહી જાશે**, હમેશાં સુખ નહિ ટકે. સંસારનાં સુખ મૃગજળ જેવાં છે. પ્યારૂં પરમેશ્વરનું નામ લો તો શાંતિ મળશે.

બ્રહ્માનંદ.

સહજાનંદ સ્વામીના શિષ્ય, સ્વામીનારાયણ સંપ્રદાયના આ સાધુએ બ્રહ્માનંદ નામથી ગુજરાતીમાં, લાડુ બારોટના નામથી ચારણી ભાષામાં અને શ્રીરંગ નામથી હિંદીમાં નીતિભક્તિનાં અનેક પદો રચ્યાં છે. એનાં પદોમાં સપાટ મેદાનમાં વહેતી સરિતા સમી સરળતા અને શાંતિ માલમ પડશે. ઇ. સ. ૧૮૪૯માં એ મરણ પામ્યો

આ તન રંગ પતંગ સરીખો. (૨૦)

પતંગ, પતંગીઆની પાંખોના રંગ જેવો આકર્ષક, ઘડીએ ઘડીએ બદલાતો. **ત્હારી…આગેજી**, તારી નજર આગળ, તારા દેખતાંજ. **જોબન…જણાવે**, તારી જુવાની અને પૈસાનો તને તોર છે. **રાગી**, વિલાસી, મોજીલો. **બિલાડી**, કાળરૂપી, મૃત્યુરૂપી બિલાડી. **જોબન**, જુવાની.

પ્રભુ ભજ્યા વિણ ગાફલ પ્રાણી. (૨૧)

ગાફલ, ભુલકણો; બેદરકાર. **આમે**, આમને આમ સંસારના કાવાદાવામાં. **માયા…સુરખ**, ખૂબ ધન ભેગું કરૂં; સુંદર સ્ત્રી પરણું; વાડી બંગલા વસાવું એમ વિચારતો. **લોક…પ્હાણો**, લોકલાજથી ડરીને કરવા જેવાં સારાં કામ પણ ન કર્યાં. **લખ…લીધુંરે**, ચોર્યાશીલાખ જનમ મરણના ફેરામાં પડ્યો. **રળિયો**, કમાયો. **ઠાલું…વલોયુંજી**, પાણી વલોવી માંહ્યથી માખણ કાઢવા પ્રયત્ન કર્યો. **પ્રાણી**, પ્રાણવાળો, જીવ મનુષ્ય.

નર્મદાશંકર. (ઈ. સ. ૧૮૩૩થી ૧૮૮૬).

' ડગલું ભર્યું તો ના હઠવું ના હઠવું. '

ગુજરાતમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત થઈ તે સમયના બે કવિઓ તે સુરતી નર્મદ અને અમદાવાદી દલપતરામ. પ્રેમ અને શૌર્ય એ નર્મદનો મુદ્રા લેખ છે. એ કેવળ કવિતા કરનારો કવિ નથી. સુંદર ગદ્ય લખવાની શરૂઆત પણ એજ કરે છે. એ સુધારક છે, ઇતિહાસશોધક છે, ગુજરાતી ભાષાનાં કોષ અને વ્યાકરણ લખનાર છે. દેશાભિમાનથી એની નાડીઓ ધબકયા કરે છે. ' જય જય ગરવી ગુજરાત ' ગાતાં એને શેર શેર લોહી ચઢે છે.

એ મસ્ત કવિ છે. ખરો મર્દ છે. સાહસિક છે. રસજ્ઞ છે. ખુલ્લા દીલનો, ટેકીલો, સ્વાભિમાની અને પ્રેમાળ છે. જુવાનીમાં એ સુધારાનો ઉપદેશ કરે છે. પાકટ ઉમરે પહોંચતાં સુધારાથી દેશનું કલ્યાણ નથી થવાનું એમ એને સમજાય છે અને તરતજ વીરની માફક એ પોતાના ફેરવાયલા વિચારો રજુ કરી પ્રજાને ચેતાવે છે.

નર્મગદ્ય, નર્મકવિતા, કોષ, વ્યાકરણ, પિંગળ અને અનેક નિબંધો એણે ગુજરાતને ચરણે ધર્યાં છે.

સાહસ. (૨૨)

સાહસ, મનની દૃઢતાથી કરેલું બહાદુરી ભર્યું સારૂં કામ. વખાણવા જોગ સાહસ. નિંદવા જોગ સાહસ તે અવિચારી કામ. કવિ શામળ એવા સાહસની નિંદા કરે છે. જુઓ. 'સાહસ કર્મ કર્યા **થકી,** હોય હર્ષનો **નાશ'** **જંગ,** લડાઇ. **આગે,** ભવિષ્યમાં. **કેટલાંક...ચાલે, संशयात्मा विनश्यति** એ ગીતા વચન છે. **હામ,** હિંમત. **ખાળે,** અટકાવ. **તે પરશુરામ પરસિદ્ધ,** એણે એકવીશવાર ક્ષત્રિય જાતને હરાવી. ' નક્ષત્રી કીધી એકવીશવાર, તે પરશુરામ તને નમસ્કાર '. **વિક્રમ,** પરદુઃખભંજન ઉજ્જનનો રાજા. ગર્દ ધૂળ. **લ્યુથર,** રોમન કેથોલિક ધર્મનાં ધતીંગ ખુલ્લાં પાડનાર જર્મન વીર. **સ્કોટ,** અંગ્રેજ નવલકથાકાર. એણે અનેક નવલકથા લખી દેવું વાળ્યું. **જમે...લાખો,** લાખો માણસને રોજી મળે.

અવસાન સંદેશ. (૨૩)

'To every man upon this earth death cometh soon or late'.

' नाम रहंता ठक्करो नाणां नव रहंत

कीर्ति केरां कोटडां पाड्यां नव पडंत '.

યથાશક્તિ, મારા ગજા પ્રમાણે. **શઠ**, લુચ્ચાઓ. **મર્મ**, રહસ્ય, ખરી ઉંડાણમાં રહેલી વાત. **જળશે**, બળશે. **દુ:ખિયો**, પૈસાટકાની કવિને બહુ આપદા પડેલી. **દમથી**, મારી પોતાની શક્તિથી. **વીર...દીલથી**, કવિ આમાં આપ-વડાઇ નથી કરતા. **જગત નીમ છે**, **पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनम्।** Man is mortal. **લતથી**, રામનામની લ્હે લાગવાથી.

દલપતરામ (ઈ. સ. ૧૮૨૦ થી ૧૮૯૮).

કવિ પણ આખરે માણસ છે. કવિ થવાથી માણસ જાતની નબળાઈઓ જતી નથી. પ્રેમાનંદના પુત્ર વલ્લભે શામળના બાડા કુબડા છોકરાની કવિતામાં નિંદા કરી શામળનું કવિપદ છીનવી લેવાનો મિથ્યા પ્રયત્ન કર્યો છે. કહે છે કે નર્મદે પણ દલપતરામને માટે નીચે પ્રમાણે લખ્યું.

'આ તે દલપતરામ કે અમદાવાદી હજામ.'

શાણા દલપતે જવાબ આપ્યો.

શું જોશો તનની છબી, એમાં નથી નવાઈ,
નીરખો મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઈ.

કવિ દલપતરામ શબ્દચતુર છે. સરળતા, મધુરતા અને શાંત રસથી એમની કવિતા ભરેલી છે. ગુજરાતના એ જુના હાસ્ય લેખક છે. નર્મદની માફક એમની કવિતામાં દર્દ નથી. એની શૈલી સભારંજની છે. છતાં પણ એ સુધારક છે. શાણપણથી એ 'ધીરે ધીરે સુધારાનો સાર' સમજાવે છે. નર્મદ નાફેરવાદી (Non-co-operator) જેવો છે. દલપત નરમ દળનો (Moderate) છે. એનાં પિંગળ અને દલપત કાવ્ય જાણીતાં છે.

દલપતરામનો કવિતા રચવાનો હેતુ નીચે એમનીજ વાણીમાં જણાવ્યો છે.

પ્રીત ધરે પરબ્રહ્મપદે, વળી નીતિ ધરે સુધરે નર-નારી,
તેમજ જેમ વહેમ તજે, વળી સંપ સજે સમજી સુખકારી,
સર્વ પ્રકાર સુખપ્રદ થાય, સ્વદેશ તણી સુધરે સ્થિતિ સારી,
પુસ્તક એજ પ્રયોજનથી, [illegible] [illegible] [illegible] વાત વિચારી.

દેશાટન વિષે. (૨૪)

ગુજરાતમાંથી વિલાયત જનાર પહેલા ગુજરાતી મહીપતરામ નીલકંઠ જમાનાને અનુસરીને નાતનાં બંધન આજે ઢીલાં થયાં છે. દલપતના જમાનામાં નાતનો જુલમ અપાર હતો. તે સમયના લોકોને આમાં ઉપદેશ કર્યો છે.

વિચર્યા, ગયા. **પેટ...ભરાય,** પુષ્કળ કમાઈ શકાય નહિ. **દામ**, પૈસા. **સીપ તણાં સંતાન**, મોતી. **વિધિ**, નિયમ, **મહાસમુદ્ર...રીત**, વેદમાં પણ જળમાર્ગે મુસાફરી કર્યાના દાખલા છે. **પરવરી**, જઈને.

અરુણોદય. (૨૪ અ)

નિધિ, સમુદ્ર. **પુત્ર**, ચંદ્ર. સમુદ્રમાંથી નીકળેલો માટે. **નવીનરાય**, સૂર્ય. **અંચળ**, વસ્ત્ર. **બેનૂપ**, સૂર્યચંદ્ર. **પુરદૂર્ગદ્વાર**, નગરના કિલ્લાના દરવાજા. **પ્રવાસી**, મુસાફર. **દિશે સમસ્તે**, બધી દિશામાં. **પૃથ્વી... જણાય**, પૃથ્વી અને શનિ બંને સૂર્યની આસપાસ ફરે છે. પણ પૃથ્વી સૂર્યની નજીક છે, શનિ દૂર છે. માટે પૃથ્વીનો માર્ગ ટુંકો, શનિનો લાંબો છે. તેથી પૃથ્વી શનિની આગળ નીકળી જાય છે. પાછળ પડી ગએલો શનિ વક્ર–વાંકી–ગતિમાં દેખાય છે.

ગોવર્ધનરામ (૧૮૫૫ થી ૧૯૦૭).

આજે ગુજરાત કનૈયાલાલ મુન્શીની નવલકથા પાછળ ઘેલું થયું છે. પણ એ મુન્શી જ્યારે હાઈસ્કૂલમાં ભણતા ત્યારે ગુજરાતના વિદ્વાનોને ‘સરસ્વતીચંદ્ર’ની નવલકથા લખી ગોવર્ધનરામે ગાંડા બનાવેલા અને હજુએ એ નવલકથાનું સ્થાન કોઈથી લેવાયું નથી.

નડિઆદના એ વડનગરા બ્રાહ્મણે સરસ્વતીચંદ્ર ઉપરાંત, સ્નેહમુદ્રા, દયારામનો અક્ષરદેહ, અને બીજા અનેક નિબંધો લખ્યા છે.

હિંદુ લગ્નની કૃત્રિમતા. (૨૫)

વૃત્ત, બનેલું. વૃત્તાંત, મારી જીવનકથનીમાં. **સ્વચ્છંદથી**, પુરુષોને અનેક પત્ની કરવાનો હક્ક, અને એમની ખરાબ ચાલચલગતનાં ફળ સ્ત્રીઓને ભોગવવાં પડે. **આત્મજા**, દીકરી. **લલાટ**, નસીબમાં. મૂળ અર્થ કપાળમાં. **શૈશવ**, બાળપણ. **કરપીડિયો**, હાથ પકડ્યો, હું પરણી. **અજ્ઞાન**, હું

ઓળખતી નહોતી એવો. **શિશુજન.** બાળક. **ઉદ્વાહ,** લગ્ન. મારી સહી મારા વડીલોએ કરી. મને મારા વડિલોએ પરણાવી દીધી. **કાંત,** વહાલો પતિ. **વારિધિના ચંદ્રમા,** ચંદ્રને જોઇ સમુદ્ર ઉભરાય છે. **વીચિ,** મોજાં ભરતી. **કાન્ત ગણાય...કેમ ના,** હું એને મારો કાંત કેમ ગણું ! એને જોઈને, ચંદ્રને જોઈને જેમ સમુદ્ર ઉછળે, તેમ મારા દીલમાં પ્રેમ ઉછાળા મારતો નથી. **સંધિ,** મેલાપ. અમારાં દીલ મળ્યાં નથી ને મળવાનાંયે નથી. **વિધિ,** દૈવ. **પદ્મિની,** કમલનો છોડ. **દિનનાથ,** સૂરજ. **વિકસેજ,** ખીલે. **પાન્થ,** મુસાફર. **ચેતન સર્વ,** સર્વ પ્રાણી. બે જણાં હોય તો મુસાફરી ઠીક થાય એ હેતુથી સ્ત્રી પુરુષે સંસારયાત્રા કરવા જોડાવું જોઇએ.

રસઐક્ય વિણ નહિ મિત્રતા, બંનેને એકજ બાબત ગમતી હોય તો મિત્રતા બંધાય. મીયાં મહાદેવનો જોગ કેમ ખાય ! **નહિ ગ્રહે... સ્થિરતા,** વાંકીચૂંકી સપાટી વાળી જગામાં જેમ પારો ઠરીને સ્થિર થતો નથી તેમ મારૂં દીલ પણ મારા ધણીના મને નહિ ગમતા દીલ સાથે સ્થિરતાથી જોડાતું નથી. **સૂત્ર,** ટુંકાણમાં જણાવેલો નિયમ. **પ્રભવે,** થાય. **અન્યોન્ય,** એક બીજા. **ન્યૂનતા,** ખોટ, ઓછાપણું,ખામી. **અનુગુણ,**પરસ્પર મળતાં ગુણવાળું. **દંપતી,** સ્ત્રી પુરુષનું જોડું. **વિનિમય,** અદલોબદલો, આપલે. **ઉઘડી,** ઉઘાડી. **સંસારસ્વાર્થ,** સંસારમાંથી પારજવાનો પોતાનો રસ્તો. **અભિન્ન,** એક. **હાર્દ,** આશય, ગુપ્ત હેતુ. **ઈતર,** બીજું કોઈ. **સૃજવા,** પેદા કરવા. **કિંકરી,** દાસી, ચાકરડી. **શકિતસાધ્ય,** મારાથી બની શકે એવું. **વિધિહસ્તગત,** નસીબના હાથમાં ગએલું. **ઉરતંત્ર,** દીલનો કારભાર. **દિઙ્મોહ,** બેફામ, દિશાના ભાન વગરના. **દીર્ઘનિશ્વાસ,** લાંબા નિસાસા. **અપરાધ,** ગુનોહ. **સાહી,** પકડી. **જઈ જતાની...મરવાનો** ગાડરીઆ પ્રવાહે, એક ઘેટું જ્યાં જાય ત્યાં બીજું પણ જાય, પરિણામનો વિચાર કર્યા વગર. **ઘનતિમિર,** ઘાડો અંધકાર. **લોચનવંતા,** દેખતા. છતી આંખોવાળા. **પરિપોષ્યું** કાળજી રાખી ઉછેરી મોટું કર્યું. **મેષ,** ઘેટું, ગાડર. **જનક,** પિતા. **અકૃત્ય,** નઠારૂં કામ. **નિષ્કૃતિ,** કરેલું કામ ફોક કરવું તે. કર્યું ન કર્યું કરવું તે. **હૃદયશલ્ય,** હૃદયમાં કાંટો. **વીતયે,** વીતકથી, દુઃખથી. **કૃતક પતિ,** કૃત્રિમ પતિ, દેહલગ્નવાળો પતિ. **પદપાત,**

ત્તારા પગ આગળ લાંબો થઈને પગે લાગું છું તે. **નૃશંસ**, ક્રૂર. **પંચત્વ પામ્યા**, પાંચ ભૂતોમાં મળી ગયા, મરી ગયા. **પ્રાણ વિરામ પામ્યા**, શ્વાસ બંધ પડયો. **પાષાણ**, પત્થર. **નવનીત ચિત્ત**, માખણ જેવા હૃદયના કોમળ દીલના. સ્વર્ગમાંથી પુત્રીનું ખોટું દાક્ષિણ્ય (ડહાપણ) દેખી હજીએ નિસાસા મૂકતા હશો !

નરસિંહરાવ.

જુના ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતા અને નવીન ગુજરાતના આદિ કવિ નરસિંહરાવ દીવેટીઆ.

ગૌરવર્ણના, ગોળ મુખમુદ્રાવાળા, અંગ્રેજી પોષાકમાં ફરતા વૃદ્ધ કવિ નરસિંહરાવને ઘણાએ જોયા હશે.

વર્ડઝવર્થ, શેલી અને ટેનીસનનાં કાવ્યોના રંગ ગુજરાતી કાવ્યોમાં પુરવાનો એમણે સફળ પ્રયત્ન કર્યો છે.

અમદાવાદના સુધારક નાગર કુટુંબમાં એ જનમ્યા છે.

કુસુમમાળા, હૃદયવીણા, નુપૂરઝંકાર અને સ્મરણ સંહિતા એ એમના કાવ્યગ્રંથો છે.

અને એ એકલા કવિ નથી. ભાષાશાસ્ત્રી છે. વળી અચ્છા વિવેચક પણ છે. 'નિષ્ફળ થએલો કવિ વિવેચક થાય છે' એવું અમેરિકન વિદ્વાનનું વચન એમણે ખોટું પાડયું છે.

વિધવાનો વિલાપ. (૨૬)

દશ દિશ, દશ દિશા, ચાર દિશા, ચારખુણા, ઉપર અને નીચે. **રેત્ય**, રેતી. કવિને 'ય' જોડવા ગમે છે. આંખ્ય, રાત્ય. **તટતરુ**, કિનારે ઉગેલાં ઝાડ. **સુતી**, પડેલી. **દૃષ્ટિતણો અંત**, આકાશ પૃથ્વી મળે ત્યાં. **ચંડ**, ભયંકર, તોફાની. **જળમાં પડયા**, જળમાં પડેલાં પ્રતિબિંબ. **કંપે ચંદ્રા**, ચંદ્રાનું પ્રતિબિંબ. **રમવા.. સુર યુવતિને**, દેવાંગના રમણ કરે એવું. **શકે**, જાણે. **ગાત્ર**, શરીર. **અનિલ**, પવન. **પ્હેલી...મોતને**, મારા ધણી પહેલાં હું કેમ ન મરી ગઈ ! **તરુણ**, જુવાન. **મોતતણા દાસ**, મરણાધીન. **દાખવજો**, દેખાડજો. **હેડે...ચાંદલો**, નદીના જળમાં પડેલું ચંદ્રનું પ્રતિબિમ્બ. **ત્હમે નહિ...આધાર છો**, દુનિયા પક્ષપાતી

છે. દુઃખ દેનારી છે પંચભૂતો નિષ્પક્ષપાતી છે. હું દુનિયા તજી હે, આકાશ જળ, પવન, તમારે શરણે આવીશ. **જગજન**, દુનિઆનાં માણસો.

ઉત્તરા અને અભિમન્યુ. (૨૭)

ઉત્તરા વિરાટરાજની પુત્રી. અભિમન્યુ અર્જુનનો પુત્ર. મહાભારતના યુદ્ધમાં કૌરવો કોઠાવ્યૂહ રચે છે. પાંડવ કુમાર અભિમન્યુ એ વ્યૂહમાં લડવા જવા તૈયાર થાય છે, તેની આગલી રાત્રે એ નવદંપતીનું મીલન થાય છે. તે રાત્રે ઉત્તરાને સ્વપ્નુ આવે છે, અને એ ભયંકર સ્વપ્નાથી સફાળી જાગી ઊઠી બોલે છે.

અગ્નિઝાળથી, સ્વપ્નામાં પોતાને આગના ભડકાથી વીંટાયલી જોઈ સફાળી જાગી ઉઠી બોલે છે. **ઉગારો**, બચાવો. **ઝબકી**, ફાળ ભેર. **નવોઢા**, હમણાંજ પરણેલી. **સુકુમાર**, ઘણી કોમળ. **નિંદર**, નિદ્રા, ઉંઘ. **ડારી**, બ્હીવાડી. **પ્રચંડ**, મહાઉગ્ર **તે ભૂલી...સંગ?** તને બ્હીવાડી કોણ મરવા તૈયાર થયો છે? **રણધીર**, લડાઇમાં ધીરજવાન. **દાબે...સાથે**, ધીમેથી છાતી સાથે દાબી હિંમત આપે છે, **ખીલી**, ખીલેલી. બિંદુ–ટીપું. **કપોલપર**, ગાલપર. **સમારે**, લુછી નાખે. **ને સ્પર્શી...ધારી**, ગાલ પર ધીરૂં ચુંબન લઈને. **અધર**, નીચલો હોઠ **મુગ્ધા**, મોહ પામેલી, જુવાનીમાં આવતી સ્ત્રી. **ઉખેડી...નેનમાં**, નીચું જોઈ રહી હતી તે પતિના સામા જોયું. **પક્ષ્મો**, પાંપણ. **અબોલા**, મુંગી. **સહકાર**, આંબો. **મૃગયા**, શિકાર. **જુગલ**, જોડું. **કપોત**, હોલો. **પ્રેમકેલિ**, પ્રેમની રમત. **શર**, તીર. **અગ્નિ કરાળ**, ભયંકર આગ. **ભાળ**, કપાળમાં. **જિહ્વા તીવ્ર**, તીવ્રજીભ, બાળી નાંખતાં ભડકાં. **અંબોડો નિઃશંક**, સૌભાગ્યનું ચિહ્ન તેજ બાળવા માંડયું. ભવિષ્યમાં નઠારૂં બનવાનું આમાં સુચન છે. **શો સાર**, શો અર્થ. **કારમો**, ભયંકર. **વાસ્તવ**, સત્ય. **રણદુંદુભિ**, લડાઈનું ઢોલ. **રમ્યઘોર**, સુંદર અને ભયાનક. **મેઘ ગાજ્યો**, વાદળનો ગડગડાટ થયો. **તુરગ**, ઘોડો. **વિલંબ**, ઢીલ, મોડું. **ચિરકાળ**, હમેશાં. **તજો નવ હાથ**, તરછોડો નહિ, નિરાધાર મૂકો નહિ. **સબળ**, સર્વ શક્તિમાન પ્રભુ. **પાતા**, રક્ષણ કરનાર. **શાતા**, શાંતિ. **અસિ**, તરવાર. **ત્વરિત**, ઉતાવળો. **ગયો**, સિધાવ્યો, ગયો. **તુરગનાં પગલાં**, ઘોડાની

પડઘીનો અવાજ. **દૃષ્ટિપારે**, નજર બહાર. **પદઘોષ**, ઘોડાના દાબડાનો અવાજ. **ડુબી ગયો**, સંભળાતો બંધ થયો. **ત્રિકાળ**, ત્રણેકાળ, ભૂત, વર્તમાન ને ભવિષ્ય. **અનિમેષ**, આંખની પલક માર્યા વગર.

મધ્યરાત્રિયે કોયલ. (૨૮)

મધ્યરાત્રે કોયલ બોલતી સાંભળી છે? અને કોણ ટહુકો કરે છે, નર કોયલ કે માદા કોયલ? સંસ્કૃતમાં તો નર કોયલ ટહુકાર કરે છે. ત્યારે આપણા કવિઓએ કોયલડીઓ પાસે કાલ્પનિક ટહુકા કેમ કરાવ્યા હશે? પંખીઓમાં નરનો અવાજ મીઠો હોય છે. જુઓ મોર, કુકડા અને પોપટનો અવાજ.

રજની, રાત. **રવ**, અવાજ. ભમરાનો ગુંજારવ. **શ્રવણે**, કાનમાં. **મંદ સમીર**, ધીરો પવન. **વહે**, આવે. **નીતરી રહી**, વરસાદ વરસી રહી. **વ્યોમ**, આકાશ. **અમીસમું**, અમૃત જેવું. **સુતી**, પથરાયલી છે. **ચપળ વાદળી જાગતી નથી**, વાદળાં દોડાદોડ કરતાં નથી. **લાડતો**, ગેલ કરતો. **અપનવી**, કાંઈ ઓર જાતની. **સિંધુ**, સમુદ્ર. **ઉછરંગ**, હોંસ, ઉમંગ. **વિરમી ગયો**, સંભળાતો બંધ થયો.

કલાપી. (ઇ. સ. ૧૮૭૪ થી ૧૯૦૦)

રાજા અને વિદ્યાને હમેશનું વેર નથી. સંસ્કૃતમાં રાજા હર્ષે સુંદર નાટકો રચ્યાં છે. ભોજરાજાનો વિદ્યાવિલાસ જાણીતો છે. કાઠીઆવાડના લાઠીના રાજકુટુંબમાં એક કવિ જનમ્યો. આ કવિ તે ઠાકોર સુરસિંહજી.

કલાપીના (મોરના) ઉપનામથી એણે દર્દભર્યાં અનેક કાવ્યો લખ્યાં છે. એ કાવ્યોનો સંગ્રહ તે 'કલાપીનો કેકારવ.'

એક આગીઆને. (૨૯)

પર્ણ, પાંદડાં. **ચક્કોરચી**, આગીઆ ચક્કર ચક્કર ઉડે છે, તેથી તેજનાં કુંડાળાં થતાં દેખાય છે. **ઉદરપોષણમાં**, ખોરાક મેળવવામાં. **દીવડો**, દીવો. **રજ**, આગીઆની પાંખ ઉપરની ચળકતી રજ. **અદ્રશ્ય**, દેખાતું બંધ. **ઉપવને**, બગીચામાં. **મમ**, મારી. **તુજ ખુનની તરવાર છે**, તારૂં તેજ તને મારી નખાવે છે. **દ્યુતિ**, તેજ. **સંહારતી**, નાશ કરતી. **ક્રમ**, નિયમ, કાયદો.

શિકારીને. (૩૦)

સંહાર, પ્રાણીને મારવાનું કામ. **ક્રૂરતા**, નિર્દયતા. **લતા**, **વેલ**. **સ્થૂળ પંખી**, પંખીનો દેહ. **કિન્તુ**, પણ. **પંખીને...ગીતને**, પંખીને મારવામાં શો આનંદ છે ? છાનામાના પંખીને ગાતું સાંભળો ને આનંદ પામો, એટલે એ પંખી તમારૂંજ છે. **વેડફીદેતાં**, છિન્નભિન્ન કરતાં, બગાડી નાખતાં. **ઉપભોગ**, ઉપયોગમાં લેવું તે. **આર્દ્રતા**, નરમાશ.

અરદેશર ફરામજી ખબરદાર.

અમે ભરતભૂમિના પુત્રો ! અમ માત પુરાણ પવિત્ર.
રે ! જેનાં સુંદર સૂત્રો, ઝળકાવે ઉચ્ચ ચરિત્ર,
અમ અંતરને ઉદ્દેશી, કરશું હોકાર હમેશ,
અમે દેશી, દેશી, દેશી, ઓ દિવ્ય અમારો દેશ !

આ લીટીઓ મદ્રાસ રહેતા પારસી કવિ અરદેશર ફરામજી ખબરદારે લખી છે. ગુજરાતના એ સુંદર કવિ છે. એમણે પ્રકાશિકા, વિલાસિકા, સંદેશિકા, વિલાસિકા, સંદેશિકા વગેરે કાવ્યસંગ્રહો બહાર પાડ્યા છે.

ગુણવંતી ગુજરાત. (૩૧)

ગુજરાતનું ગૌરવ ગાતાં આપણાં સાહિત્યમાં ત્રણ ઉત્તમ કાવ્યો છે. નર્મદનું ‘ જય જય ગરવી ગુજરાત ’ કવિ નાનાલાલનું ‘ ગુણીઅલ ગુર્જર દેશ ’ અને ખબરદારનું ‘ ગુણવંતી ગુજરાત ’.

મોંઘેરા, ઘણા મોંઘા. **નંદનવનશી**, ઇંદ્રના બગીચા જેવી. **અમોલ**, અમૂલ્ય. **રસફૂલડાં**, આનંદ કે પ્રેમરૂપી ફૂલ. **અર્પણ...જાત**, તારો યશ ફેલાવવા અમે અમારો જીવ આપીશું. **અહોનિશ**, રાત્રિદિવસ. **સર સરિતા**, સરોવર ને નદી. **રસભર અમી ઝરણાં**, અમૃત જેવાં મીઠા પાણીના ઝરા. **રત્નાકર**, રત્નની ખાણ; સમુદ્ર. **પ્રભાતસમાં**, નિર્મળ. **ગગન ગજવતો**, આકાશ ફાડી નાખે એવો.

મણિશંકર રત્નજી ભટ (કાન્ત) (ઇ. સ. ૧૮૬૮–૧૯૨૩).

કાઠીઆવાડના એ નાગર કવિએ કાન્ત ઉપનામથી કાવ્યો લખ્યાં છે. સાહિત્યના એ સારા અભ્યાસી હતા. એ વિદ્વાને કોમળ ભાવ દર્શાવતાં ભાવભર્યાં અનેક કાવ્યો લખ્યાં છે. એમના કાવ્યસંગ્રહનું નામ 'પૂર્વાલાપ' છે.

મહેમાનોને. (૩૨)

મહેમાન, પરોણા, અતિથિ. **પુનઃ**, ફરી. **સદન**, ઘર. **તમ ચરણે**, તમારા આવવાથી. **સુહાય**, શોભે, **પામર**, હલકાં, તુચ્છ. **દિનચર્યા**, આખા દિવસનાં કામકાજ. **ઉન્નત ગિરિશ્રૃંગો**, ઉંચા પર્વતનાં શિખર, ઉમદા ગુણવાળાં. **શો પુણ્ય...જો**, અમારાં પુણ્ય શું વખાણીએ ! **શુશ્રુષા**, ખાતરબરદાસ, ચાકરી. **લેશ**, જરાએ. **લલિત**, સુંદર, કળાવાન.

નાનાલાલ દલપતરામ કવિ.

દલપતરામ કવિના પુત્ર નાનાલાલને કોણ ઓળખતું નહિ હોય ? નવીન ગુજરાતનો એ નવકવિ છે. ગુજરાતનો એ ટાગોર છે.

'રૂપલા રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં હો બ્હેન ઝુલે રસ પારણાં હો બ્હેન,'

*　　*　　*　　*

'ગોરસ લેઈ લેઈ પીજો, હો ગોપીકાની ગોરસી ભરેલી.'

આપણી શિક્ષિત બ્હેનો આ નાનાલાલની ગરબીઓ ગાય છે. ગરબી સાહિત્યમાં કવિ નાનાલાલ દયારામની ગાદી લગભગ પચાવી પડયા છે.

પિંગળના નિયમ વગરની પણ શબ્દલાલિત્ય અને ભાવનાથી ઉભરાઈ જતી કવિતાઓ એમણે ગુજરાતને અર્પણ કરી છે.

એમના મુખ્ય ગ્રંથો જયાજયન્ત, ઇંદુકુમાર, વસંતોત્સવ, નાના નાના રાસ, ઉષા વગેરે,

વીરની વિદાય. (૩૩)

રજપુત જમાનામાં યુદ્ધે ચઢતા પોતાના પ્રાણથી પણ વધારે વહાલા પતિને રજપુતાણી કેવી રીતે વદાય કરતી તેનું કવિએ આમાં સુંદર વર્ણન કર્યું છે. બહાદુર રજપુતો જ્યારે દુશ્મનો જીતી જશે એમ સમજતા ત્યારે કેસરીઆ રંગનાં વસ્ત્રો પહેરી મરણીઆ થઈ દુશ્મનો પર તુટી પડતા, અને સ્વાતંત્ર્ય-

એમી એ વીરો અનેક દુશ્મનોને મારી મરતા, પણ જીવતા તાબે નહિ થતા. ને રજપુત વીરાંગના પણ ઓછી બહાદુર નહોતી. પોતાનો ધણી હારશે એમ જણાતાં ક્યાં તો તેની સાથે લડાઈમાં લડી પ્રાણ અર્પણ કરતી, અથવા રણવાસમાં આગ લગાડી જીવતી બળી મરતી. આ રીતે દેહ અર્પણ કરવાની પુરુષની રીતને 'કેસરીયાં' કહે છે. સ્ત્રીની રીતને 'જૌહર' કહે છે.

કેસરભીના, કેસરી રંગથી તરબોળ થએલાં વસ્ત્રવાળા. **વીદાય**, ખરો ફારસી શબ્દ 'વદાય' છે. **સિધાવો જી રણવાટ**, યુદ્ધે ચઢો. **આભ**, આકાશ. **ધરણી**, પૃથ્વી. **શંખનાદ**, અસલના વખતમાં લડાઈની શરૂઆત કરતા પહેલાં શંખ વગાડતા. જુઓ ગીતામાં **सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक् पृथक्।** મહાબાહુ સૌભદ્રે અભિમન્યુએ અને બીજા રાજાઓએ પોત–પોતાના શંખો ફૂંક્યા. **સામન્ત**, માંડળિક રાજાઓ. **વીરવાદ**, બહાદુરી ભરી તકરાર, પહેલો હું લડવા જાઉં તું નહિ એમ. **રણધ્વજ**, લડાઇનું સુચન કરતી ધજા. રોપીઓ, દાટયો. **કુંજર**, હાથી. **બંદીજન**, સ્તુતિ કરનારા, ભાટચારણો. **બિરદાવલી**, બિરદ+આવલી–ટેક+હાર–રાજા કેવો ટેકીલો છે તેની કવિતા. **મોઝાર, (सं. मध्य+आगार)**, માંહ્ય, ધડમાંહ્ય, કિલ્લામાં. **પુર**, નગર. **ભરરણમાં પાઠવીશ**, લડાઇ ધમધોકાર ચાલતી હશે તે વખતે મારે હાથે બનાવેલું બખ્તર તમને હું મોકલી આપીશ. **સાજ**, યુદ્ધનો પોશાક, હથિઆર વગેરે. **ખડ્ગ...કોડ**, જુઓ રજપુતાણીની હોંસ–ઓ નાથ, મને પણ તમારી સાથે યુદ્ધમાં તેડી જાઓ, મનેયે યુદ્ધ કરવાની બહુ હોંસ છે. **માંડવ**, માંડવો, માથા પર દુશ્મનની તરવારો ઝઝૂમે માટે. **ઢાલ...દાવ**, લડતાં લડતાં ઘા ઝીલી કદાચ મારી ઢાલ ભાંગી જશે તો હું મારી છાતી પર દુશ્મનના ઘા ઝીલીશ, પણ જરાએ ગભરાઇશ નહિ. **એક વાટ...ઘાટ**, ક્ષત્રિયને માટે ત્રણ રસ્તા ઉઘાડા છે. ગાદી પર બેસી અમલ ચલાવે, રણવાસમાં વિલાસ ભોગવે, અથવા દુશ્મનોની સામે લડવા જઈ લોહીની નદીમાં નહાય. **જય કલગી**, વિજય થયો છે, જીત થઈ છે એમ દેખાડનાર કલગી. **ભીંજશુ...ચીર**, પછી આપણે વસંતોત્સવ કરીશું, હોળી ખેલીશું. **ફાગ ખેલવો**, હોળીમાં

ગુલાલ અને કેસુડાનાં રંગથી રમવું તે. **ચીર**, વસ્ત્રો. **વીરને આશ્રમ**, સ્વર્ગમાં, વીરપુરુષ મરીને સ્વર્ગમાં જાય છે. **સુરગંગા**, સ્વર્ગની ગંગા.

જન્મશંકર મહાશંકર બુચ (લલિત).

દૂધ જેવાં ઉજળાં ખાદીનાં વસ્ત્રો પહેરતા, બેઠી બાંધણીના, પાકટ ઉમરના, ગૌરવર્ણના એક હસમુખા કવિ મંજીરાના તાલ સાથે ભજન ગાતા લલિતજીનું નામ સાંભળતાં નેત્ર સમક્ષ ખડા થાય છે. 'ત્રાંબનીઆંનું' વરસ દિવસ પર એમણે ગાયલું કબીરનું ભજન આજે યે કાનમાં ગુંજે છે.

એમણે અનેક ટુંકાં ગીતો લખેલાં છે. પ્રેમાળ માતા જેમ પોતાનાં બાળકને લાડ લડાવે છે તેમ આપણા લલિતજીને પણ શબ્દોને લાડ લડાવવાં બહુ ગમે છે,

'અનેરી આશા' એ કવિનું જુનું કાવ્ય છે.

અનેરી આશા. (૩૪)

અનેરી (**સં. अन्यतरकम्** ઉપરથી અનેરૂં) કંઇક ઓર, અવનવી. **સ્મિતભરી**, મંદમંદ હસતી. **સહચરી**, સાથે ફરનારી, પત્ની. **કાર્ય ધુરંધર**, કાર્યની ધુરા (ઝુંસરી) ધરે (ખેંચી શકે) એવી, પોતાનો ધર્મ બરાબર સમજી પાળી શકે એવી. **સજાત**, સદ્‌ગુણી. **પરહિત**, પરગજુપણામાં, પરોપકારમાં. **તરવરશે**, આજુબાજુ બધે દેખાશે. **ધરશે**, સમજીને દુઃખમાં ભાગ લેશે. **પ્રભુતા**. ઉદાર દીલની મોટાઈ. **અર્ણવ**, સમુદ્ર (**સં. अर्णस्**, પાણી). **ઐક્ય**, એકતા, સંપ ઐક્યતા એ અશુદ્ધ શબ્દ છે. તેમજ માધુર્યતા પણ અશુદ્ધ છે. વિશેષણને 'તા' અથવા 'ય' પ્રત્યય લગાડી નામ બનાવાય. બે પ્રત્યય સાથે ન લગાડાય.

દામોદર ખુશાલદાસ બોટાદકર. (ઇ. સ. ૧૮૭૦-૧૯૨૪)

' Poets are born, not made ' કવિઓ જન્મે છે, કવિઓ બનાવી શકાતા નથી. આ વાત બોટાદકરના જીવનથી સિદ્ધ થાય છે. એમણે અંગ્રેજી શિક્ષણ મેળવ્યું નથી. ગરીબ મહેતાજીનું જીવન જીવ્યા છે, છતાં એમનાં

કાવ્યો નૈસર્ગિક કવિતાના ભાવોથી ભરપૂર છે. છેલ્લે કવિએ 'રાસતરંગિણી' પ્રકટ કરી છે. એમાં આપણા ગૃહજીવનના મિઠાશભર્યા સંબંધો કવિએ ઘણીજ સુંદર રીતે ચિતર્યા છે. એમના બીજા ગ્રંથો–કલ્લોલિની, નિર્ઝરિણી, સ્રોતસ્વિની, શૈવલિની.

પ્રેમ અને સત્કાર (૩૫)

સત્કાર, આદરમાન. **સત્સ્નેહ**, સાચો સ્નેહ, અંતરનું વ્હાલ. **સુહૃદ**, સુંદર હૃદયવાળા ઓ મિત્ર! **ચહે**, અપેક્ષા રાખે, પ્રેમી માણસને જો આદરસત્કારની ઇચ્છા રહેતી હોય તો હું તેને ખરો પ્રેમ **નથી** ગણતો. **હૃદયસત્કાર**, ખરા દીલનો આવકાર. **વિના માગ્યો**, કુદરતી રીતે. **ઉભય**, બને. **રસના**, જીભ. **પ્રેમના પાત્રો**, પ્રેમી માણસો.(**सं. पात्र**, વાસણ). **રહે...સંગે**, પ્રેમીઓ ભલે જુદે જુદે સ્થળે રહેતા હોય પણ તેમનાં દીલ તો એકજ સ્થળે રહે છે. **નિમંત્રણ**, નોતરૂં. **અનાદર**, અપમાન. **કરે કર આપવો**–હાથે હાથ મેળવવો. Shakehand કરવી. **બાહ્યપ્રેમી**, ઉપર ચોટીઆ પ્રેમ રાખનારા ડોળઘાલુ. **અતિ** ઇષ્ટ, ઘણુંજ પસંદ. **શિષ્ટ**, ઉપલીકીયો વિનય દેખાડનાર. **સ્પૃહા**. ઇચ્છા. **વિનય...પ્રીતિ**, જેટલે દરજ્જે આદરમાનની ઇચ્છા રહે તેટલે દરજ્જે પ્રેમ ઓછો સમજવો. **પ્રતીતિ**, ખાતરી. **પ્રતીતિ...આદરને**, આદરસત્કાર જોઈને કાંઈ પ્રેમનું માપ નીકળી ન શકે, કેમકે—

नमन नमनमें फेर हे, बोत नमे नादान।
दगलबाज दोंना नमे, चित्ता चोर कमान॥

Printed by Vajeram Mansing at the "SURAT CITY" Printing Press, Near Chauta Bridge, SURAT

&

Published by Balubhai Karsondas of Messrs. Karsondas Narandas & Sons, Book-sellers & Publishers, Nanavat, SURAT.